ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 08 Date : 01-01-2025

આ અંકમાં

વિનોબા	૦૧	મનને જાણીએ (૨)
પ્રવીણ પટેલ	૦૪	સોક્રેટિસ ઉવાચ-૨ : એક આરબ આતંકવાદી અને સોક્રેટિસ વચ્ચેનો કાલ્પનિક સંવાદ
ભદ્રા-વિક્રમ સવાઈ	૦૮	પુસ્તક પરિચય - કવિતા
નલિની નાવરેકર	૧૦	શુચિતા તરફ - ૧૧ : આત્મદર્શનમ્ યોગ્યત્વમ્
નેહા શાહ	૧૧	વૈશ્વિક પર્યાવરણ પરિષદની જળ-વાયુ પરિવર્તન પરની અસરકારકતા
યાત્રી બક્ષી	૧૨	કેડી કંડારનારા - ૧૧ : ટકાઉપણાની વિભાવનાના અગ્રદૂત : જ્યૉર્જ પર્કિન્સ માર્શ
કપિલ શાહ	૧૫	પ્રાકૃતિક ખેતીની સરકારી માર્ગદર્શિકામાં જી.એમ પાકો પર પ્રતિબંધનો ઉલ્લેખ કેમ નહીં?
મહેશ પંડ્યા	૧૭	શું વૈશ્વિક સંધિ પ્લાસ્ટિક પ્રદૂષણને નાથી શકશે?
અશ્વિન કારીઆ	૧૮	ધર્મનિરપેક્ષતા વિદેશી ખ્યાલ છે?
અશ્વિન કારીઆ	૧૯	જેલમાં જાતિ આધારિત કામની વહેંચણી ગેરકાયદેસર
સંપાદક	૨૦	ડૉ. ભરત શાહને બાળકોબા ભાવે નેશનલ એવોર્ડ
ડંકેશ ઓઝા	૨૧	વ્યાપક સમાજ માટે ગાંધીમૂલ્યો જરૂરી
દિપાલી ઘેલાણી	૨૨	વાત મેઘાલયની
મુકુન્દરાય વિ. પારાશર્ય	૨૩	પરિચય/સીમમાં વસતિ
આશા વીરેન્દ્ર	૨૪	ઓમ્ શાંતિ

યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

BHOOMIPUTRA
Gujarati Fortnightly

Price Rs.10, Annual Sub. Rs.200.
Vol.72 Issue No.8 1924 Date : 01-01-2025
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

ભૂમિપુત્ર
माता भूमिः पुत्रो अहं पृथिव्याः

મનને જાણીએ (૨)

❍ વિનોબા ❍

મનનું સ્વરૂપ

મન એ જ શત્રુ, મન એ જ મિત્ર

જે ઝઘડો-લડાઈ આપણા મનમાં હોય છે, એ જ આપણને આ બહિર્જગતમાં જોવા મળે છે. મને બહારના જગતમાં જે દુશ્મન જણાય છે, તે મારા મનનો વિકાર જાણે સાકાર રૂપે ધારણ કરીને ઊભેલો દેખાય છે. જેવી રીતે અરીસામાં મને મારું જ સારું-નરસું પ્રતિબિંબ દેખાય છે, એવી રીતે મને મારા જ મનના સારા-નઠારા વિચારો બહારના જગતમાં શત્રુ-મિત્રના રૂપમાં જોવા મળે છે. આપણે જેમ જાગૃતિની વાતો સપનામાં જોતા હોઈએ છીએ, તેમ આપણા મનની ભીતર જે કાંઈ પડ્યું છે એને બહાર જોતા હોઈએ છીએ. કુરુક્ષેત્ર બહાર પણ છે અને ભીતર પણ છે. ભીતરી યુદ્ધ અને બાહ્ય યુદ્ધમાં કોઈ અંતર નથી. બલ્કે, સાચું પૂછો તો મૂળ અસલી યુદ્ધ તો આપણી ભીતર જ ચાલી રહ્યું છે.

આપણો સૌથી મોટો શત્રુ તે આ મન છે અને સર્વશ્રેષ્ઠ મિત્ર પણ જો કોઈ છે તો તે આપણું મન છે. મનને સુધારવાથી તે સર્વશ્રેષ્ઠ મિત્ર સાબિત થાય છે. પણ તેને નિરંકુશ (અનિયંત્રિત) છોડી દેવાથી તે સૌથી ભયંકર શત્રુ નીવડે છે. અને તેથી આ દુનિયામાં જો સૌથી વધુ કરવાલાયક કોઈ કર્તવ્ય હોય તો તે આપણે કેવળ આપણા મનને સુધારવાનું છે. અને મનને દુરસ્ત કર્યા પછી આપણે મુક્ત થઈ શકીએ છીએ.

જેવી રીતે શંકરાચાર્યજી કહે છે, यस्य चित्तं - निर्विषयं, हृदयं शीतलम - અર્થાત્ જેનું ચિત્ત વિષયોથી મુક્ત છે, જેનું હૃદય શાંત છે, तस्य मित्रं जगत् सर्वम् - એના માટે તો આ આખી દુનિયા મિત્ર છે.

મન એ જ બંધન, મન એ જ મોક્ષ

બ્રહ્મબિંદુ ઉપનિષદ કહે છે કે મનુષ્યના બંધન અને મોક્ષ માટે મન જ કારણ છે - मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो: । એટલે કે વિષયાસક્ત મન બંધન અને નિર્વિષય મન મુક્તિનું કારણ બને છે.

મન એ જ બંધન છે અને મન એ જ મોક્ષ છે. આ વાતને સમજાવતા શંકરાચાર્યજી ઉપમા આપે છે - જેવી રીતે વાયુ વાદળાઓને લઈને આવે છે તો ત્યારે સૂર્ય વાદળાઓથી ઢંકાઈ જાય છે, પરંતુ એ જ વાયુ જ્યારે વાદળાઓને વિખેરી દે છે તો સૂર્ય સામે દેખાવા લાગે છે. હવે આ વાદળાઓને કોણ લઈ આવ્યું અને કોણ તેને લઈ ગયું ? - વાયુ જ. એ જ રીતે આપણે આ સમજવાનું છે કે મનમાં વિકારો આવ્યા તો આપણે બદ્ધ થઈ જઈશું અને આ મનમાંના વિકારોને હટાવી દઈશું તો આપણે મુક્ત થઈ ગયા. આમ, આ મન જ માણસને બંધનમાં નાખે છે અને એ જ મન માણસને મુક્ત કરી આપે છે.

શંકરાચાર્યજી મન વિષે સમજાવતા કહે છે કે આ મન એ માણસને તેમના શરીર, ઇંદ્રિયોથી શરૂ કરીને સાવ સામાન્ય ભૌતિક પદાર્થો સુધીના વિષયોમાં રાગ એટલે કે આસક્તિ જન્માવીને પછી, પ્રેમપૂર્વક પુરુષને બાંધે છે. આવું મન માણસને શરીર - ઇંદ્રિયો માટે પ્રેમ જન્માવે છે. જેમ કે આ ઘડિયાળ મારી છે, આ પુસ્તક મારું છે, આ મારા સંબંધીઓ છે, આમ બધાં માટે પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે. સાફ કહેવું હોય તો માણસમાં આસક્તિ જન્માવીને બાંધી રાખે છે. આવી રીતે બંધનની કલ્પના મન જ કરે છે અને મોક્ષની કલ્પના પણ મન જ કરે છે. જે-જે વિષવત્ (ઝેરીલાં) વિષયો છે, એના પ્રતિ મન પોતે જ વૈરાગ્ય પેદા કરે છે. આ પ્રકારના વિષયો પ્રતિ વિ-રસ (ફીકાપણું, અરુચિ) પેદા કરીને મન જ આ બંધનમાંથી છોડાવે છે.

મન સંકલ્પ-વિકલ્પાત્મક

મન-બુદ્ધિ-અહંકાર - આ ત્રણેય માણસના અંતઃકરણ તત્ત્વો છે. મન એ કાર્યકારી એટલે કે સેક્રેટરી છે, બુદ્ધિ નિર્ણય કરનારી છે અને અહંકાર શરીરને સંભાળનારું છે. અહીં મન એ ઇંદ્રિયો અને બુદ્ધિની વચ્ચે કડીરૂપ છે. જે મન સંકલ્પાત્મક, કાર્યકારી અને વિકારાશ્રય છે.

સંકલ્પ એ મનનું મૂળ સ્વરૂપ છે. માણસના અહંકારમાંથી જન્મતી લૌકિક-વૈદિક બધી પ્રવૃત્તિઓ માટે મૂળરૂપ કારણભૂત છે. લૌકિક પ્રવૃત્તિ એટલે ખાવું-પીવું વગેરે. અને વૈદિક પ્રવૃત્તિઓ એટલે યજ્ઞ કરવા, દાન આપવું વગેરે. અર્થાત્ આ જગતની બધી જ પ્રવૃત્તિઓ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

માટે સંકલ્પ કારણભૂત છે. સંકલ્પ એ કામનું કારણ છે. આમ સંકલ્પથી કામ (ઇચ્છા) અને કામમાંથી કર્મમાં માણસ પ્રવૃત્ત થાય છે. સૌથી પહેલાં માણસના મનમાં સંકલ્પ જાગે છે, પછી વાસના હોય છે, અને પછી તે કર્મ કરે છે.

માણસના મનમાં અનેક પ્રકારના સંકલ્પો-વિકલ્પો થયા જ કરતા હોય છે. રાગ-દ્વેષ રહેતા હોય છે, વિકારો હોય છે. માણસ જ્યારે આ સારા-નરસા વિકલ્પોને અધીન થઈ જઈને અનેક સારાં-ખરાબ કામ કરી બેસે છે, ત્યારે એ જ મન અનેક પ્રકારના ભેદભાવો ઊભા કરી દે છે. અને આ બધાં કારણોને લીધે અનેક તિરાડો ઊભી થતી રહે છે.

આ રોગ શું છે ? સંકલ્પ-વિકલ્પકારી મન એ જ તો રોગ છે. લોકોને શરીરની બીમારી દેખાય છે પણ અસલી રોગી તો મન જ છે. જ્યાં સુધી માણસ નિરોગી હોય છે ત્યાં સુધી આ અંદરના રોગીની અને રોગની દરકાર રાખતા નથી.

મન ચંચળ

ભગવદ્‌ગીતાના છઠ્ઠા અધ્યાયમાં મનની ચંચળતા અંગે અર્જુન શ્રી ભગવાનને કહે છે કે આ મન તો અતિશય ચંચળ છે, એ તો હવાની જેમ સ્વૈરપણે દોડતું જ રહે છે. આવા મનનો નિગ્રહ કરવો અઘરું લાગે છે. ત્યારે ભગવાન કહે છે કે અભ્યાસ અને વૈરાગ્યમાં એવી શક્તિ રહેલી છે કે જેની પાસે મન પણ ઝૂકી જાય છે. અભ્યાસ એને કહેવાય છે કે જ્યારે આપણે કોઈપણ કાર્ય અથવા ક્રિયા વારેવારે કરતા રહીએ, તો તે આપણા જીવનનું અંગ જ બની જાય છે. તેને અભ્યાસ કરવો કહ્યું છે. અભ્યાસ એ વિધાયક શબ્દ છે. એના અર્થના સ્પષ્ટીકરણ માટે વૈરાગ્ય જેવા નિષેધાત્મક પૂરક શબ્દનો ઉપયોગ થયો છે. આપણા માટે આત્મ-દર્શન એ આપણો વિધાયક ઉદ્દેશ્ય (લક્ષ્ય) છે અને આ આત્મદર્શન સિવાય અન્ય બીજી કોઈ પણ ચીજમાં આપણો અનુરાગ ન રહેવો એ જ વૈરાગ્યનો અર્થ છે. ગીતાએ આને નિષ્કામ કર્મયોગ કહ્યો છે. નિષ્કામ કર્મયોગમાં ભોગની વૃત્તિ નથી, કેવળ ને કેવળ સેવાની વૃત્તિ છે. આપણે ભીતરથી અનાસક્ત થઈને બીજાઓની સેવા કરવી, આને જ વૈરાગ્ય કહે છે.

ભગવાન કહે છે કે ખરેખર મન દુ:સાધ્ય છે પરંતુ અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા મનનો નિગ્રહ જરૂર થઈ શકે તેમ છે. અભ્યાસ એટલે વિધાયક વાત અને વૈરાગ્ય એટલે નિષેધાત્મક.

અભ્યાસ અર્થાત્ અસકૃત (વારંવાર) આવૃત્તિ, સતત પરિશીલન કરવું, ટેવ કેળવવી, શિક્ષણ પ્રાપ્ત કરવું, મનોનિગ્રહના વિધાયક ચિંતનરૂપ પ્રયત્ન કરવા, સારી સારી વાતો તરફ મનને સતત પરોવાયેલું રાખવું.

વૈરાગ્ય અર્થાત્ અનિષ્ટ વિષયોના સંબંધમાં વર્જ્યભાવના (ત્યાજ્ય-ભાવ) કેળવતા રહેવી. મનોનિગ્રહના પ્રયત્નનું આ નિષેધાત્મક પાસું છે.

આ મનનો સ્વભાવ પણ અળવીતરો છે. એક તરફ મન અતિશય ચંચળ છે, તો બીજી બાજુ તે એકદમ હઠીલું (જિદ્દી) છે. ચંચળ એટલે દોડનારું (અસ્થિર) અને હઠીલું એટલે કે અડિયલ. એક જગ્યાએ બેસી રહેનાર. જ્યાં જ્યાં રોકાયો, ત્યાં ત્યાં તે અટક્યો. આવા મનને બન્ને બાજુથી વશ કરવું મુશ્કેલ છે. હવે આપણે સમજવાનું એ છે કે મન એના ચંચળ સ્વભાવને લીધે ચારે દિશાઓમાં દોડ્યા જ કરે છે, પરંતુ જ્યારે તેણે કોઈ સારી વાત પકડી લીધી તો પછી એ એના જિદ્દી (હઠીલા) સ્વભાવને લીધે બસ એને જ વળગી પડશે. મનના આ હઠીલાપણાનો જો આપણને લાભ ઉઠાવવાની યુક્તિ સધાઈ જાય તો પછી એનાથી જ તેની ચંચળતાને દૂર કરી શકાય.

આવું ચંચળ મન ચારે દિશાઓમાં ભટક્યા જ કરે છે, તેથી આવા મનને નિયમનમાં રાખવા માટે, તે માનસિક ચિંતનમાં રચ્યું-પચ્યું ન રહે, તેવું કરવું જોઈએ. ગીતાના શબ્દોમાં - न किंचिद्पि चिंतयेत् । -આનો અર્થ એટલો કે આત્મચિંતનની પણ 'ક્રિયા' ન કરવામાં આવે, પણ આત્મામાં મનને સ્થિર કરીને કેવળ 'રહે' - તેવું થાય. આપણું મન જ્યાં-ત્યાં ફૂટી નીકળતું હોય છે, ત્યારે ત્યાં-ત્યાં તેના પર બંધ બાંધીને તેને રોકવું જોઈએ. જેવી રીતે જળપ્રવાહને રોકવા માટે બંધ બંધાય છે, એવી રીતે મનનો બંધ બાંધવામાં આવે. વિવેક એ મનનો બંધ છે. આ વિવેકની જરૂર એટલા માટે છે કે મન ચંચળ - અસ્થિર છે.

ચંચળ એટલે કે આજે છે, તે કાલે નહીં રહે. આજે શરૂ થયેલું છે, તે આવતીકાલ સુધી ટકશે નહીં. શંકરાચાર્ય એક જગ્યાએ કહે છે - मे मन अन्यत्र अगमत् - અર્થાત્ મારું મન સ્થિર કર્યું છે. આનો અર્થ એ થયો કે હું ચંચળ નહોતો, મારું મન ચંચળ હતું. હું તો આ મનની ચંચળતા અને એકાગ્રતાનો કેવળ સાક્ષી છું.

આ વાત પણ સાવ સાચી છે કે આ ચંચળ મન આપણને ઘણી બધી તકલીફ આપે છે, પરંતુ જો આપણે સમજતા હોઈએ કે આપણે તો મનથી એકદમ અલગ છીએ, નિશ્ચલ (અચલ, સ્થિર) છીએ તો પછી

આ અંકમાં

વિનોબા	૧	મનને જાણીએ (૨)
પ્રવીણ પટેલ	૪	સોક્રેટીસ ઉવાચ-૨
ભદ્રા-વિક્રમ સવાઈ	૮	કવિતા
નલિની નાવરેકર	૧૦	આત્મદર્શનમ્ યોગ્યતમ્
નેહા શાહ	૧૧	વૈશ્વિક પર્યાવરણ પરિષદની જળ-વાયુ પરની અસરકારકતા
યાત્રી બક્ષી	૧૨	ટકાઉપણાની વિભાવનાના અગ્રદૂત
કપિલ શાહ	૧૫	પ્રાકૃતિક ખેતીની સરકારી માર્ગદર્શિકામાં જી.એમ.પાકો પર....
મહેશ પંડ્યા	૧૭	શું વૈશ્વિક સંધિ પ્લાસ્ટિક પ્રદૂષણને....
અશ્વિન કારીઆ	૧૮	ધર્મનિરપેક્ષતા વિદેશી ખ્યાલ છે ?
અશ્વિન કારીઆ	૧૯	જેલમાં જાતિ આધારિત કામની વહેંચણી
સંપાદક	૨૦	ડૉ.ભરત શાહને બાળકોબા ભાવે નેશનલ એવોર્ડ
ડંકેશ ઓઝા	૨૧	વ્યાપક સમાજ માટે ગાંધીમૂલ્યો જરૂરી
દિપાલી ઘેલાણી	૨૨	વાત મેઘાલયની
મુકુન્દ વિ. પારાશર્ય	૨૩	પરિચય અને સીમમાં વસતી
આશા વીરેન્દ્ર	૨૪	ઓમ્ શાંતિ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આ મનમાં આપણને તકલીફ આપવાની તાકાત જ રહેતી નથી. પરંતુ આ પ્રકારનું જ્ઞાન અને ભાન પણ ઈશ્વરની કૃપાથી જ શક્ય બને.

ધ્યાન એ ચિત્તની ચંચળતાની કસોટી કરવાનું ઘણું મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી સાધન છે. આવા મન અંગે શંકરાચાર્ય મનના સ્વરૂપનું વર્ણન કરતા કહે છે – જેમ તૂંબડાના ફળને જોરથી પાણીમાં ફેંકવામાં આવે, અને તે તૂંબડું પાણી ઉપર આવી જાય એમ મનનું પણ છે. મનને પ્રયત્ન કરવા છતાં – તેને તેના મૂળ સ્વરૂપમાં (આત્મરૂપ) સ્થિર કરવા છતાં – તે એમાંથી બહાર આવી જાય છે. આ દિવસોમાં માણસ માટે પોતાના ચિત્ત પર સત્તા ચલાવવાનું, ચિત્તને નિયંત્રણમાં રાખવાનું, સ્થિર રાખવાનું વગેરે ખૂબ જરૂરી બની ગયું છે.

આજ પહેલાં ક્યારેય આની આવશ્યકતાની જરૂરિયાત નહોતી રહી. આજકાલ તો રોજેરોજ સેંકડો ઘટનાઓ સાંભળવા મળે છે, જોવા મળે છે. માણસ ઉપર ચારે તરફથી વિચારોના હુમલાઓ થયા જ કરે છે. આવી હાલતમાં માણસે ચિત્તને શાંત રાખવું, સ્થિર કરવું, પોતાને કાબૂમાં રાખવું – અત્યંત મહત્ત્વનો વિષય છે. આજે જોઈએ છીએ કે માણસના ચિત્તની ચંચળતા વધવા માટે અનેકવિધ કારણો ઊભાં કરાયાં છે. તમે કોઈ પણ શહેરમાં રાતના સમયે જોશો, તો તમને ચારે બાજુ બસ આગ ને આગ જ જોવા મળશે. જ્યારે પરમેશ્વરે તો રાતના અંધકારનું નિર્માણ ચિત્તની શાંતિ માટે કર્યું છે. પણ આગ લગાડનારાઓએ તો આ અંધકારને પણ છોડ્યો નથી. જાણે રાતની શાંતિનું કોઈ જ મૂલ્ય નથી. ચારે બાજુ શોરબકોર ચાલ્યા જ કરે છે. કહેવાનો અર્થ એ છે કે આમ બધી રીતે બધા પ્રકારોથી માણસની બુદ્ધિ પર હુમલાઓ થઈ રહ્યા છે. એટલા માટે અત્યારે તો મનને અસ્થિર કરનારા, ચંચળ કરનારા વિચારોમાંથી ઉપર ઊઠવાનું કામ તાકીદે કરવા જેવું થઈ ગયું છે. અને આ કર્યા વગર માણસનું કંઈ જ ચાલવાનું નથી. કોઈ પણ માણસ ચિત્તને શાંત કર્યા વગર આ ચંચળ દુનિયાને પચાવી જ ન શકે.

अनंतं वै मन:

વિશ્વદેવ અનંત છે અને મન પણ અનંત છે. જ્યારે પણ આપણે એની એક-એક વૃત્તિ અને શક્તિઓનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરીએ છીએ, ત્યારે આપણને એના અનેક ગુણોનો આભાસ થાય છે.

મનની અનેક વૃત્તિઓને લીધે વિશ્વમાં અનંત શક્તિઓ પેદા થાય છે. મનની એક-એક વૃત્તિને લઈને તેના એક-એક દેવતાઓને ઉપસ્થિત કરવામાં આવે છે. મનની અનંત વૃત્તિઓ અને તેના આલંબન રૂપ અનેક દેવતાઓ – अनंतं वै मन: अनंता विश्वेदेवा: । ઉપસ્થિત છે. મનની જેવી વૃત્તિ, તદનુસાર દેવતાનું નિર્માણ થાય છે. જેમ કે બુદ્ધિની અભિલાષા હશે તો ગણેશજી, બળની ઇચ્છા હશે તો હનુમાનજી, વૈભવની કામના હોય તો લક્ષ્મી વગેરે. આપણે એક રીતે તો આ દેવતાઓને મનોરૂપ જ કહી શકીએ. આ દેવતાઓની પૂજા-ઉપાસના કરવાથી માણસ મનની ઉપર જઈ શકતો નથી. આપણા મનમાં અનેક જે વૃત્તિઓ કામ કરે છે તે જુદી જુદી શક્તિઓના રૂપમાં પ્રગટ થાય છે.

ઈશ્વરની અનંત શક્તિઓ છે, એમાંની કેટલીક પ્રગટ થાય છે, જે આ દેવતાઓ છે. જે પિંડમાં છે, એ જ બ્રહ્માંડમાં છે. અહીં રક્ત છે તો બહાર પાણી છે. અહીં પ્રાણ છે તો બહાર વાયુ છે. अनंतं वै मन: अनंता विश्वेदेवा: ।– આનો અર્થ છે વિશ્વદેવ અને મનનું ઐક્ય. આ બંનેમાં પરમાત્મ-વિભૂતિ પ્રગટી છે. જે વિભૂતિ ત્યાં (બ્રહ્માંડમાં) સૂર્ય રૂપે પ્રગટે છે, એ વિભૂતિ અહીં (પિંડમાં) ચિત્તની અંદર બુદ્ધિ રૂપે પ્રગટ થયેલી છે. ત્યાં ચંદ્રરૂપે તો અહીં ભાવનારૂપે. જેવી રીતે સૃષ્ટિના અનંત ભાવો અનંત રૂપે આવિર્ભૂત થતા હોય છે, બરાબર એવી રીતે માણસના ચિત્તમાં પણ થાય છે.

જેવી રીતે સાધક સ્વચિત્ત શોધન કરવા માટે પરમાત્માના અનંત ગુણોમાંથી પોતાના માટે ઉપયોગી એવા વિશિષ્ટ ગુણોને પસંદ કરીને તેનું અનુશીલન કરે છે – સાધક માટે એ ગુણ જ એનો દેવતા છે. આવા વિવિધ દેવતાઓનું નિરૂપણ સાધકના ચિત્તવિકાસ માટે વેદમાં નિરૂપાયેલું છે. આના સ્વરૂપનો સાક્ષાત્કાર વેદ સ્વાધ્યાયમૂલક ધ્યાન-સમાધિ દ્વારા થાય છે.

ઉપનિષદ જ્યારે કહે છે કે अनंतं वै मन: अनंता विश्वेदेवा: – ત્યારે તે દેવતાઓને દ્વિવિધ (ઉભય) રૂપે માન્ય કરે છે. એક માનસિક રૂપ અને એક બાહ્ય સ્વરૂપ. કોઈ એને બાહ્ય દેવતારૂપે જુએ છે, હું માનસિક દેવતારૂપે ચિંતન કરું છું. હું વેદોને આધ્યાત્મિક દષ્ટિથી જોઉં છું. દેવતાનું સ્વરૂપ આધ્યાત્મિક હોય છે. જેમ કે સૂર્યદેવતા – પ્રેરણા. આપોદેવતા – શ્રદ્ધા. ગૃહદેવતા – સ્થિરતા. વનદેવતા – સ્વતંત્રતા. આ સમજ્યા વગર કેવળ શ્રદ્ધાપૂર્વક પૂજા કરનારાઓને આનાથી સામાન્ય ચિત્તશુદ્ધિ તો મળશે જ, પરંતુ વિશિષ્ટ ચિત્તશુદ્ધિનો અનુભવ તો દેવતાના સ્વરૂપ-જ્ઞાન પર આધારિત હશે.

(ક્રમશઃ)

આત્મદર્શનમ્ યોગ્યતમ... (પાન ૧૦નું ચાલુ)

આહાર શુદ્ધિ : आहार शुद्धो सत्त्व शुद्धि: ! ઉપનિષદમાં સૂત્ર છે, આહારથી ચિત્તશુદ્ધિમાં મદદ મળશે. શું ખાવું, કેટલું ખાવું, ક્યારે ખાવું, કેવી રીતે ખાવું એ બધું આહારશુદ્ધિમાં આવી જાય છે. મનુષ્યને માટે શાકાહાર જ યોગ્ય છે.

અર્થશુચિતા : આમાં કમાવું તેમજ ખર્ચ કરવો એ બંને બાબતો આવી જશે. કેવી રીતે કમાવું અને કેટલું કમાવું એ મહત્ત્વની બાબતો છે. ક્યાં, કેવી રીતે તેમજ કેટલો ખર્ચ કરવો એ પણ મહત્ત્વનું છે.

(ગયા ફેબ્રુઆરીથી શરૂ થયેલ આ લેખમાળા ‘શુચિતા તરફ’ આ લેખ સાથે પૂરી થાય છે. સ્વચ્છતા અંગે વિજ્ઞાન અને અધ્યાત્મ વિશેના વિચાર, શાસ્ત્ર, માહિતી જેટલાં બની શકે તેટલાં વાચકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે, તેનો મને ખૂબ સંતોષ છે.

આપણા ગામ, દેશ તથા આપણા વ્યક્તિગત જીવનોના વ્યવહારમાં આમાંની કેટલીક વાતો ઊતરે તેવો આ લેખમાળાનો ઉદ્દેશ હતો. કેટલો સફળ થયો તે તો હું નથી જાણતી પરંતુ મારા પોતાના વ્યવહાર અને કાર્યમાં જરૂર ફાયદો થયો છે તેવું હું જરૂર કહી શકું. બાકી ભગવાનને અર્પણ....)

નાસિક, ફોન : ૭૫૮૮૩૧૬૧૩૭ – **નલિની નાવરેકર**

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

સોક્રેટિસ ઉવાચ-૨ : એક આરબ આતંકવાદી અને સોક્રેટિસ વચ્ચેનો કાલ્પનિક સંવાદ

(સોક્રેટિસ અને જુદી જુદી વ્યક્તિઓ વચ્ચેના કાલ્પનિક સંવાદોની આ શ્રેણી દ્વારા માનવ અસ્તિત્વના કેટલાક શાશ્વત પડકારોને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ કાલ્પનિક સંવાદોનો હેતુ વ્યક્તિગત વિકાસ અને સામાજિક પ્રગતિ બંને માટે જરૂરી બૌદ્ધિક સતર્કતા અને વિવેચનાત્મક વિચારસરણી જેવા ગુણોનું મહિમામંડન કરવાનો છે. આવા સંવાદોનું શૈક્ષણિક મૂલ્ય પણ છે. વિચારોની નિષ્ક્રિય સ્વીકૃતિને બદલે સાવધાનીપૂર્વક વિવિધ પરિપ્રેક્ષ્યોને ધ્યાને લઈને થયેલ સમીક્ષાત્મક સંવાદ લોકોને તેમની પોતાની માન્યતાઓ અને ધારણાઓ તપાસવા માટે પ્રોત્સાહિત કરે છે. ખાસ કરીને, ભારત જેવા લોકશાહી દેશમાં સ્વતંત્ર અને આલોચનાવાદી વિચારસરણીનું મહત્ત્વ ઓછું આંકી શકાય નહીં. કારણ કે, એક તો લોકશાહી દેશમાં તાર્કિક સંવાદ અત્યંત જરૂરી હોય છે. બીજું, સદીઓ પુરાણી પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા, જ્ઞાતિ વ્યવસ્થા, ઊંચ-નીચના ખ્યાલ, તથા રાજાશાહી શાસન-વ્યવસ્થા જેવાં અનેક પરિબળોને લીધે ભારતમાં ઑથોરીટીને પડકારવાની પરંપરા કમજોર છે. ત્રીજું, આપણી શિક્ષણ સંસ્થાઓમાં હજુ પણ તાર્કિક વાદ-વિવાદ કરતાં યાદશક્તિ ઉપર વધુ ભાર મૂકતું શિક્ષણ અપાય છે. આ સંદર્ભે, આવા કાલ્પનિક સંવાદો પ્રસ્થાપિત માન્યતાઓ અંગે પ્રશ્નો પૂછીને વિવેચનાત્મક તર્ક અને ખુલ્લા મનથી કેવી રીતે વિચારી શકાય તેનું ઉદાહરણ પૂરું પાડે છે. જિજ્ઞાસાપૂર્વકની પૂછપરછ તથા વિચારોની પ્રેમપૂર્વકની આપલે દ્વારા માનવજાતને સ્પર્શતી કોઈ પણ સમસ્યાનું આકલન કરી શકાય તેનો પણ આવા સંવાદો નિર્દેશ કરે છે.

અહીં સોક્રેટિસ અને એક આરબ આતંકવાદી વચ્ચે સ્વર્ગમાં થતા આવા સંવાદની કલ્પના કરવામાં આવી છે. આ સંવાદ દ્વારા સોક્રેટિસ આતંકવાદીને હિંસાની નિરર્થકતા અને બહુ-સાંસ્કૃતિક સમાજની યથાર્થતા સમજાવે છે. આમ તો ઇસ્લામનો અર્થ થાય છે : ભગવાનની ઇચ્છાને આધીન થઈને વ્યક્તિગત તથા સામાજિક શાંતિ અને સુખાકારી તરફ દોરી જતો જીવનનો એક તરીકો. પરંતુ, વર્તમાન સમયમાં, જ્યારે ભારત સહિત ઘણા દેશોમાં, આતંકવાદી વિચારો ધરાવતા સમૂહો કુરાનની કેટલીક વિશેષ આયાતો પસંદ કરીને તથા તેમનું સગવડિયું અર્થઘટન કરીને યુવા પેઢીનું બ્રેન વોશ કરે છે અને તેમને કટ્ટરપંથી બનાવવાની મુહિમ ચલાવે છે ત્યારે, આ પ્રકારની તાર્કિક ચર્ચા આવા તરુણોને જુદી જ રીતે વિચારવાની પ્રેરણા આપવા માટે ઉપયોગી થઈ પડશે. - લેખક)

પાર્શ્વ ભૂમિ : સ્વર્ગના શાંત પ્રાંગણમાં, સોક્રેટિસ પોતાની આદત મુજબ ટહેલતા ટહેલતા એક નયનરમ્ય બગીચામાં પહોંચી જાય છે. ત્યાં તેઓ એક ઘટાદાર વૃક્ષ નીચે બેઠેલ ચિંતામગ્ન વ્યક્તિને જુએ છે. અને તેની સાથે વાતચીત શરૂ કરે છે.

સોક્રેટિસ : મિત્ર! તમે અસ્વસ્થ લાગો છો. શું તકલીફ છે તમને?

આતંકવાદીઃ (દેખીતી રીતે અસ્વસ્થ) મને કહેવામાં આવ્યું હતું કે મારી શહીદીને કારણે જન્નતમાં તો મને હૂરોની એટલે કે મનમોહક પરીઓની અને અપ્સરાઓની સોબત મળશે.[1] પણ, અહીં તો એવું કશું નથી. અને તમે કોણ છો? તમે તો કોઈ દેવદૂત જેવા રૂપાળા નથી લાગતા.

સોક્રેટિસ : હું સોક્રેટિસ છું, સત્યનો નમ્ર શોધક. સત્યની ખોજ માટે મને મૃત્યુદંડની સજા મળી હતી. અને તમે?

આતંકવાદી : હું અલ્લાહનો બંદો છું. ઇસ્લામ અને અલ્લાહના કાયદા શરીઆની રક્ષા માટે મેં મારું જીવન જેહાદ થકી અલ્લાહને સમર્પિત કર્યું હતું, શહીદી વહોરી હતી.

સોક્રેટિસ : મિત્ર, ઇસ્લામમાં એવું તે શું છે કે તેની રક્ષા માટે તમે શહીદી વહોરી હતી? તમને એવું કેમ લાગે છે કે શરીઆ પ્રમાણે જ જીવવું જોઈએ?

આતંકવાદી : ઇસ્લામ એ જ એક સાચો ધર્મ છે. અને શરીઆ માનવતાને માર્ગદર્શન આપવા માટે અલ્લાહ દ્વારા આપવામાં આવેલ કાયદો છે. તે જીવનનો એક અવ્વલ તરીકો છે. અને જેઓ તેનો વિરોધ કરે છે તેઓ બે-ખબર, બે-ઇલમ છે-- અજ્ઞાની છે. તેઓ ગલતી કરે છે. કુરઆન (કુરાન) કહે છે કે જેઓ અલ્લાહ અને કયામત પર વિશ્વાસ નથી કરતા, અલ્લાહ અને તેના રસૂલે આપેલ આદેશોને નથી માનતા, જેઓ સત્યનો ધર્મ એટલે કે સાચો માર્ગ અપનાવતા નથી, તેઓ ઇસ્લામને આધીન ન થાય ત્યાં સુધી તેમની સામે લડો.[2]

સોક્રેટિસ : મિત્ર, ''સાચો માર્ગ'' એટલે શું?

આતંકવાદી : સાચો માર્ગ એટલે ન્યાયનો માર્ગ, ઇસ્લામનો માર્ગ. જેઓ તેને અનુસરતા નથી તેઓ કાફીર છે, અપરાધી છે. તેઓ અનંત કાળ સુધી જહન્નુમમાં સબડશે.

સોક્રેટિસ : તમે કયા આધારે કહો છો કે ઇસ્લામ જ એક માત્ર સાચો ધર્મ છે?

આતંકવાદી : તે અલ્લાહનો સંદેશ છે, જે પયગંબર મુહમ્મદને કહ્યો છે. તેથી તે પરમ સત્ય છે.

સોક્રેટિસ : અચ્છા, ઇસ્લામ એ ભગવાનનો સંદેશ છે. પરંતુ આપણે કેવી રીતે ખાતરી કરી શકીએ કે આ ચોક્કસ સંદેશ જ સાચો સંદેશ છે? તેમ છતાં, માની લો કે તમારી વાત સાચી છે. અને જો તમારી વાત ખરેખર સાચી હોય તો તેની રક્ષા માટે તમે કેમ મોતને પસંદ કર્યું?

આતંકવાદી : સોક્રેટિસ, હું ઇસ્લામનો સિપાહી છું. મેં ઇસ્લામ માટે મારા જીવનની કુરબાની આપી છે. કુરઆન અમને જેહાદ, એટલે પવિત્ર યુદ્ધ દ્વારા અલ્લાહના માર્ગ માટે લડવાનો આદેશ આપે છે.[3] જ્યારે ઇસ્લામ ખતરામાં હોય ત્યારે અમને શહીદ થઈને પણ ઇસ્લામનો બચાવ કરવા માટે કહેવામાં આવે છે. શહીદી એ સર્વોચ્ચ સન્માન છે. શહીદો એવા હીરો છે જેમણે અલ્લાહની ખાતર પોતાનો જીવ આપ્યો છે. શહીદોને જન્નતમાં અવ્વલ દરજ્જો મળે છે અને તેમને હુરોની સોબત મળે છે. તેમના બલિદાન માટે આ કિંમતી બક્ષિશ છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ : જેહાદ? અને તમે કહો છો કે ''જેહાદ'' એટલે પવિત્ર યુદ્ધ. શું તમારો મતલબ એ છે કે જેહાદ એટલે સત્ય માટેનો, એટલે કે જે અલ્લાહનો માર્ગ છે તે માટેનો સંઘર્ષ?

આતંકવાદી : હા, મારી લડાઈ સત્યનો વિરોધ કરનારાઓ સામે હતી. મારા ધર્મના દુશ્મનો સામેનું યુદ્ધ હતું.

સોક્રેટિસ : પણ સત્ય માટે લડાઈ-ઝગડા કરવાની શી જરૂર?

આતંકવાદીઃ કાફિરોને મારા ધર્મની તાકાત બતાવવા માટે. તેમને ન્યાય અને સત્ય સામે ઝુકાવવા માટે. હું કાફિરોને બતાવવા માંગતો હતો કે તેઓ બહેકાવામાં છે, પથભ્રષ્ટ છે.

સોક્રેટિસ : પણ આવી લડાઈ જોખમભરી નથી હોતી?

આતંકવાદી : હા, તેથી તો હું શહીદ થયો. મેં અલ્લાહની ખાતર મારા જીવનનું બલિદાન આપ્યું છે.

સોક્રેટિસ : ચાલો બલિદાનની વાત કરીએ. તમે કહો છો કે શહીદી એ બલિદાનનું ઉમદા સ્વરૂપ છે. પણ મને કહો કે, કષ્ટો વેઠીને પણ ન્યાય, સદાચાર, ધૈર્ય, અને સહનશીલતાથી નૈતિક જીવન જીવવા કરતાં પણ મોટું કોઈ બલિદાન હોઈ શકે છે?

આતંકવાદી : એ સાચું છે કે સદાચારી અને નૈતિક જીવન જીવવું આસાન નથી. પરંતુ, શહાદત એ અમારા મજહબ પરના અમારા યકીનનો પુરાવો છે. તે ઇસ્લામની હિફાજત કરવાનો માર્ગ છે. તેથી જ શહાદતને ઈજ્જત આપવામાં આવે છે.

સોક્રેટિસ : ઓહ, તો તમે માનો છો કે તમારા જીવનનો ત્યાગ એ જ તમારી ધાર્મિક શ્રદ્ધાનો અંતિમ પુરાવો છે. તો પણ, શું સાચી શ્રદ્ધાની કસોટી સહન કરવામાં, દયા બતાવવામાં, ક્રોધ પર કાબૂ મેળવવામાં અને બીજા લોકોને મદદ કરવામાં નથી?

આતંકવાદી : હા, પણ ક્યારેક આપણે જે સાચું છે તેના માટે લડવું જોઈએ.

સોક્રેટિસ : પણ મને કહો, મારા મિત્ર, શું એ પણ સાચું નથી કે ઇસ્લામ શાંતિ, દયા અને નિર્દોષોના રક્ષણને મહત્ત્વ આપે છે? ૪

આતંકવાદીઃ હા, એ વાત તો સાચી છે. પણ, કાફિરો સમજે તો ને?

સોક્રેટિસ : શું કોઈ પણ હેતુ માટે જીવનનું બલિદાન આપવું જરૂરી છે? શું માનવ જીવનનું કોઈ મૂલ્ય નથી? તમારો ધર્મ મનુષ્યના જીવનને કિંમતી નથી ગણતો?

આતંકવાદી : ઇસ્લામ માને છે કે જીવન એ અલ્લાહ તરફથી મળેલી પવિત્ર ભેટ છે. અને આપણે અલ્લાહની મરજી મુજબ જીવવું જોઈએ.૫

સોક્રેટિસઃ પરંતુ જો જીવન પવિત્ર છે, તો પછી તમારા પવિત્ર જીવનનો અંત શા માટે કર્યો? તેને આત્મહત્યા ન કહેવાય? અને ઇસ્લામ તો આત્મહત્યાની મનાઈ કરે છે.

આતંકવાદીઃ ના, સોક્રેટિસ. મેં જે કર્યું તે ખુદકુશી નથી; તે શહીદી છે. મેં નિરાશાથી મોત કબૂલ નથી કર્યું. મેં ઇસ્લામની ખિદમત માટે, એક ઉમદા હેતુ માટે મારું જીવન સમર્પિત કર્યું છે.

સોક્રેટિસઃ તેમ છતાં, જો કોઈ વ્યક્તિ કોઈ પણ ઉમદા હેતુ માટે પોતાના જીવનનું બલિદાન આપે તો પણ અંતે તો તેણે પોતાના જીવનનો સ્વેચ્છાએ અંત આણ્યો તેમ ન કહેવાય?

આતંકવાદીઃ સોક્રેટિસ, તમે કેમ સમજતા નથી કે ખુદકુશી અને શહીદી બે અલગ બાબતો છે. ખુદકુશી એ એક ખુદગર્જનું કામ છે. જેઓ ખુદકુશી કરે છે તેઓ જીવનની કસોટીઓમાંથી ભાગી રહ્યા છે. ખુદકુશી એ તો કાયરતાની નિશાની છે. પણ શહાદત એ ખુદકુશી નથી, તે કંઈક વધુ ઉમદા ઇરાદા માટે પોતાના જીવનનું બલિદાન છે, સન્માન અને સ્વર્ગનો માર્ગ છે.

સોક્રેટિસઃ હું તમે બતાવેલ ભેદ સમજી શકું છું. પરંતુ, કોઈ પણ કારણસર પોતાનું જીવન સમાપ્ત કરવું એ અલ્લાહે તમને આપેલી પવિત્ર ભેટનો ઇન્કાર નથી? જો જીવન અલ્લાહ તરફથી મળેલી એક અમૂલ્ય ભેટ છે, તો શું તમે તેને સમાપ્ત કરવાનું પસંદ કરીને અલ્લાહનો ભરોસો નથી તોડતા? વિશ્વાસઘાત નથી કરતા? જો અલ્લાહ જીવનને પવિત્ર ગણે છે, તો શું તે ખરેખર એવું પસંદ નહીં કરે કે તમે જીવો ત્યાં સુધી સતત પ્રયત્ન કરતા રહો?

આતંકવાદીઃ (વિચારીને) તે મુશ્કેલ છે, સોક્રેટિસ. મેં આ રીતે ક્યારેય વિચાર્યું નથી. પણ, હું માનું છું કે હું મારા મજહબ એટલે કે અલ્લાહની ખિદમત કરી રહ્યો છું.

સોક્રેટિસ : શું કોઈ બીજાનું નુકસાન કરીને સ્વર્ગ મેળવી શકે છે?

આતંકવાદી : ક્યારેક ઇસ્લામના બચાવ માટે આક્રમક થવું જરૂરી થઈ પડે છે. આ જગતમાં ઘણા લોકો ઇસ્લામ પ્રત્યે કિન્નાખોરી રાખે છે - અમારા લોકોએ ઘણું સહન કર્યું છે. અમારી સાથે જુલમ થાય છે.

સોક્રેટિસ : જોકે આ એક ચર્ચાસ્પદ બાબત છે. તેમ છતાં, મને તમારી પીડા માટે સહાનુભૂતિ છે. પરંતુ, શું બદલો લેવો એ શાંતિનો માર્ગ છે? કે પછી, બદલાનું ચક્ર બધાને વધુ દુઃખ તરફ દોરી જાય છે?

આતંકવાદી : (નિસાસો નાખે છે) તમે જે કહો છો તે હું સમજી શકું છું. પરંતુ જ્યારે બીજા લોકો અલ્લાહના સંદેશને નજર અંદાજ કરે અને અમારા જીવન જીવવાના તરીકાની મજાક ઉડાવે ત્યારે તે સહન કરવું મુશ્કેલ હોય છે.

સોક્રેટિસ : હા, તે અઘરું છે. પોતાની માન્યતાઓને અવગણવામાં આવે ત્યારે થતી પીડા અસહ્ય હોય છે. પરંતુ તમે મને કહો, જો ઇસ્લામ ખરેખર શાંતિનો માર્ગ છે, તો શું તેની રક્ષા માટે આતંક જરૂરી છે? આ એક વિરોધાભાસ નથી?

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આતંકવાદી : (અચકાતા) અલ્લાહના આદેશ અને તેના કાયદાની અહમિયત છે. કુરઆન અલ્લાહની દેન છે તેથી તે સંપૂર્ણ છે, અને તેનું અક્ષરશઃ પાલન થવું જોઈએ.

સોક્રેટિસઃ તો ચાલો, આપણે આ અંગે વિચારીએ. તમે કહો છો કે કુરઆન સંપૂર્ણ છે અને તેનું અક્ષરશઃ પાલન થવું જોઈએ. પરંતુ શું બાઇબલ અને ગીતા કે કોઈ પણ ધર્મ ગ્રંથના શબ્દોનું જુદા જુદા લોકો દ્વારા અલગ-અલગ અર્થઘટન કરવું શક્ય નથી?

આતંકવાદી : (અનિચ્છાએ) હા, જુદા જુદા વિદ્વાનો અલગ અલગ અર્થઘટન કરે છે, કુરઆન અને શરીઆનું પણ.

સોક્રેટિસ : તો પછી, મારા મિત્ર, તમારા ધર્મ ગ્રંથના શબ્દોનું જો જુદું જુદું અર્થઘટન શક્ય હોય, અને તેની છૂટ પણ હોય, તો શું કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ વિશ્વાસ સાથે, નિશ્ચિંત થઈને, કહી શકે કે તે પોતે અલ્લાહના સંદેશનો જે અર્થ કરે છે તે જ સાચો છે અને બીજા બધા ખોટા છે? શું આ અભિપ્રાયનો વિષય નથી? અને અભિપ્રાયો વ્યક્તિએ વ્યક્તિએ તથા યુગે યુગે બદલાતા નથી? શું એક જ વ્યક્તિનો વિચાર પણ સમય જતાં બદલાતો નથી?

આતંકવાદી : મેં ક્યારેય આવું વિચાર્યું નહોતું. પરંતુ અમારી પાસે ઉમ્માનું માર્ગદર્શન છે. ઉમ્મા એટલે વિશ્વના મુસલમાનોનો સમુદાય.[૬]

સોક્રેટિસ : ઉમ્મા, વૈશ્વિક મુસ્લિમ સમુદાય? શું તેનો અર્થ એ નથી કે જુદા જુદા દેશોમાં વસતા અને જુદી જુદી રાષ્ટ્રિયતા કે વંશીયતા ધરાવતા તમામ મુસ્લિમો વચ્ચે એકતા અને બિરાદરી?

આતંકવાદી : હા, ઉમ્મા એટલે ઇસ્લામ ધર્મ પાળતા અલગ અલગ લોકો વચ્ચે ભાઈચારો. પરંતુ ઉમ્માને કાફિરોથી ખતરો છે. અમારે ઉમ્માનો કોઈપણ ભોગે બચાવ કરવો જોઈએ.

સોક્રેટિસ : છતાં, કુરઆન પણ વૈવિધ્ય ધરાવતા મુસલમાનો સાથે શાંતિપૂર્ણ અને સહિષ્ણુતાભર્યું વર્તન કરવા પર ભાર નથી આપતું? તો શું તે બીજા ધર્મના લોકો સાથે સંવાદ અને સમજણને પ્રોત્સાહન નહીં આપે?

આતંકવાદી : જોકે, શાંતિ ઇચ્છનીય છે. પણ તે કમજોરી દ્વારા પ્રાપ્ત કરી શકાતી નથી. કેટલીક વાર, કાફિરો તાકાતની જ એકમાત્ર ભાષા સમજે છે. અમારે અમારા સમુદાયની મજબૂતી જાળવી રાખવી જોઈએ.

સોક્રેટિસ : હઁ, સમુદાયની મજબૂતી. આ એક ઉમદા વિચાર છે. પરંતુ તમે મને કહો, ઉમ્માની બહારના બીજા લોકો સત્યને સમજવા અથવા તેને અનુસરવા સક્ષમ નથી?

આતંકવાદીઃ ઉમ્માની બહારના લોકોમાં ઇસ્લામની રોશનીનો અભાવ છે. તેમનો રાહ ખોટો છે.

સોક્રેટિસઃ શું શાણપણ ફક્ત તમારી માન્યતાઓ સાથે સંમત થવામાં જ છે? દાખલા તરીકે, હું મુસ્લિમ નથી. તેમ છતાં હું નિષ્ઠાપૂર્વક સત્યની નિરંતર ખોજ કરું છું. શું હું સત્યને શોધવામાં અસમર્થ છું?

આતંકવાદીઃ (વિચારીને) ના. કદાચ, શાણપણ કોઈનો ઈજારો નથી.

સોક્રેટિસઃ હવે, તમે મારી વાત સમજ્યા, મિત્ર. પણ શું તમે ક્યારેય વિચાર્યું છે કે ઇસ્લામ જે સમયે અને જે પ્રકારના વિશ્વમાં ઊભો થયો તે સમયની પરિસ્થિતિઓએ પણ તેના વિચારોને ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી ?

આતંકવાદીઃ તમારો મતલબ શું છે?

સોક્રેટિસઃ જેમ હું સમજું છું તેમ, ઈસુની સાતમી સદીમાં આદિવાસી ટોળીઓના સંઘર્ષો ધરાવતા અરબસ્તાનમાં ઇસ્લામનો ઉદય થયો હતો. એ પરિસ્થિતિઓની અસર નિશ્ચિત રીતે કુરઆન અને શરીઆના ઉપદેશો પર પડી હશે. તો સવાલ એ થાય કે તે સમયમાં અપાયેલા ઉપદેશોનો તાલમેલ આધુનિક વિશ્વના પડકારો સાથે કેવી રીતે કરી શકાય?

આતંકવાદીઃ કુરઆન અલ્લાહની દેન છે. તેથી ઇસ્લામના મૂળ સિદ્ધાંતો કાલાતીત છે.

સોક્રેટિસઃ પરંતુ આપણે પરંપરા અને પ્રગતિ વચ્ચે સંતુલન ન જાળવી શકીએ? જ્યારે ઇસ્લામનો ઉદય થયો ત્યારે વિજ્ઞાનનો આટલો વિકાસ નહોતો થયો. શું આપણે આપણી સદીઓ પુરાણી ધાર્મિક માન્યતાઓ સાથે બાંધ-છોડ કર્યા વિના આધુનિકતાને અપનાવી શકીએ?

આતંકવાદીઃ ચોક્કસ, આ એક ગંભીર સમસ્યા છે. પણ આધુનિક્તાના નામે આપણે પશ્ચિમી મૂલ્યોને ન અપનાવવાં જોઈએ. કારણ કે ઘણાં પાશ્ચાત્ય સંસ્કૃતિનાં મૂલ્યો ઇસ્લામિક ઉપદેશોથી ખિલાફ છે.

સોક્રેટિસઃ તેમ છતાં, શું આપણી પોતાની સંસ્કૃતિને જાળવી રાખીને પણ અન્ય સંસ્કૃતિઓ અને પરંપરાઓમાંથી શીખવું શક્ય નથી? શું આપણે વિવિધ આસ્થાઓ અને ફિલસૂફી વચ્ચેની સમાનતાઓ ન શોધી શકીએ?

આતંકવાદીઃ (અચકાય છે) કદાચ...

સોક્રેટિસઃ ભલા માણસ, શું ઇસ્લામમાં બૌદ્ધિક અને વૈજ્ઞાનિક તહકિકાતનો સમૃદ્ધ ઇતિહાસ નથી?

આતંકવાદીઃ (મૌન, ચિંતનશીલ)

સોક્રેટિસઃ શું સાચી સમજણ પરંપરાના પાલનમાં જ છે? ખુલ્લા સંવાદ અને વિવેચનાત્મક વિચારસરણી થકી આપણે આપણા વિચારોને વધુ સ્પષ્ટ ન બનાવી શકીએ? આપણે જૂના સમયમાં અપાયેલ આદેશોને આધુનિક સંદર્ભમાં તપાસવા ન જોઈએ? શું કેટલાક લોકો સદીઓ પુરાણા આદેશોનું મનગમતું કે ખોટું અર્થઘટન કરીને ઉગ્રવાદ અને હિંસાનો ફેલાવો ન કરી શકે?

આતંકવાદીઃ પણ, અલ્લાહની રહેમતથી આવા આદેશોના વાજબી ખુલાસા કરવા માટે આમારા ધર્મ ગુરુઓ, ધાર્મિક વિદ્વાનો, અને નિષ્ણાતો માર્ગદર્શન આપી રહ્યા છે.

સોક્રેટિસઃ આવું માર્ગદર્શન બેશક મૂલ્યવાન છે. પરંતુ શું આવાં અર્થઘટનો એક સરખાં હોય છે? શું વિવિધ વિદ્વાનોમાં આવાં અર્થઘટનો અંગે મતભેદ નથી હોતો?

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આતંકવાદીઃ (અચકાય છે) હોઈ શકે છે. તેથી સ્તો અમારા ધર્મમાં વિવિધ ફિરકાઓ છે. જેમ કે, સુન્ની અને શિયા. અને સુન્ની મુસલમાનોમાં હનફી, માલિકી, શાફિઈ, હમ્બલી, ઈમામિયા; જ્યારે શિયા મુસલમાનોમાં ઈમામિયાહ, ઈસ્માઈલી, ઝૈદી જેવાં ગુટો છે. તે ઉપરાંત, સૂફી, ઈબાદી વગેરે પંથો પણ છે. આ દરેક સંપ્રદાય શરીઆ, કુરઆન, અને અમારી રૂઢિઓનું પોતપોતાની રીતે અર્થઘટન કરે છે.

સોક્રેટિસઃ વાહ, બહુ સરસ. કોઈપણ ધર્મની જેમ, ઇસ્લામની શોભા તેના વિચારો અને અર્થઘટનની વિવિધતામાં રહેલી છે. હવે મને કહો મિત્ર, શું આ વિવિધ અર્થઘટન ઇસ્લામની એકતાને નષ્ટ કરે છે?

આતંકવાદીઃ ના, આ મતભેદો હોવા છતાં ઇસ્લામ એક જ ધર્મ રહે છે.

સોક્રેટિસઃ ઉત્તમ. તમે કહ્યું તેમ, ઇસ્લામના વિવિધ સંપ્રદાયો હોવા છતાં ઈસ્લામ એક જ ધર્મ છે. અને તેનું પાલન કરનારા બધા મુસ્લિમોની એક જ બિરાદરી છે. તો શું કુરઆન વિવિધ સમુદાયોનો નિષેધ કરે છે?

આતંકવાદીઃ (અનિચ્છાએ) ના. કુરઆન એવું કહે છે કે જો અલ્લાહની ઇચ્છા હોત તો તે એક રાષ્ટ્ર બનાવી શક્યા હોત.

સોક્રેટિસઃ તેનો અર્થ એ છે કે અલ્લાહ તેમના ઉપાસકોને વિવિધ પ્રકારની સમજણ કેળવવા માટે પરવાનગી આપે છે. અને જેમ તમે હમણાં જ કહ્યું તેમ, અલ્લાહે ઇચ્છયું હોત તો સમગ્ર માનવતાનું એક જ રાષ્ટ્ર બનાવી શક્યા હોત, પરંતુ તેના બદલે તેમણે વિવિધતા બનાવવાનું પસંદ કર્યું. શું આનો અર્થ એ નથી કે અલ્લાહ વિવિધતાને મહત્ત્વ આપે છે? જો અલ્લાહ ઇસ્લામમાં જ વિવિધતાને મંજૂરી આપે છે, તો શું તે અન્ય ધર્મો અને સંસ્કૃતિઓને પણ મંજૂરી નહીં આપે? જો એમ હોય, તો શું એવું ન હોઈ શકે કે ધાર્મિક અને સાંસ્કૃતિક વૈવિધ્ય તેમની દૈવી યોજનાનો ભાગ છે? ૭

આતંકવાદીઃ (અનિચ્છાએ) કદાચ અલ્લાહ અનેકતાને મંજૂરી આપે છે, પરંતુ ઇસ્લામ બહારની વિવિધતા હજી પણ મને ખોટી લાગે છે.

સોક્રેટિસઃ પરંતુ, જેમ કુરઆન અને શરીઆનાં વિવિધ અર્થઘટનો ઇસ્લામમાં માન્ય છે, તેવી જ રીતે વિશ્વમાં પણ જે વિવિધ ધર્મો અને સંસ્કૃતિઓ છે તેના સહઅસ્તિત્વને સ્વીકારી શકાય નહીં?

(સોક્રેટિસ સાથે સંપૂર્ણ રીતે સહમત ન હોવા છતાં, આતંકવાદી ઇસ્લામમાં પ્રવર્તમાન વૈચારિક વૈવિધ્ય પર વિચાર કરે છે અને તેની તુલના માનવ સમાજમાં પ્રવર્તમાન વ્યાપક ધાર્મિક-સાંસ્કૃતિક વિવિધતા સાથે કરે છે. સોક્રેટિસ સાથેનો તેનો આ સંવાદ તેને હિંસાની નિરર્થકતા અને બહુસાંસ્કૃતિક વિશ્વમાં શાંતિપૂર્ણ સહઅસ્તિત્વની શક્યતા વિશે ચિંતન કરવા પ્રેરે છે.)

નોંધ સૂચિ

૧. કુરઆનમાં હૂરને મનમોહક આંખો વાળી, ગૌરવર્ણી, આકર્ષક, નિષ્કલંક, અને અક્ષત લલના તરીકે વર્ણવવામાં આવી છે. અને એવું કહેવામાં આવ્યું છે કે આવી સુંદરીઓ મુસ્લિમોને તેમની ધર્મનિષ્ઠા માટે સ્વર્ગમાં ખાસ પુરસ્કાર તરીકે મળે છે (કુરઆનઃ ૩૮ઃ૫૨; ૪૪ઃ૫૧-૫૪; ૫૨ઃ૧૭-૨૦; ૫૫ઃ૫૬-૫૮,૭૦-૭૪; ૫૬ઃ૨૨-૨૪, ૩૫-૩૭)

૨. કુરઆન કહે છે કે અન્ય લોકોને નૈતિક બનાવવા માટે ઇસ્લામના ઉપદેશો ફેલાવવાની મુસ્લિમોની ધાર્મિક જવાબદારી છે (કુરઆન, ૩ઃ ૧૦૪,૧૧૦; ૫ઃ૬૭; ૯ઃ૨૯, ૧૨ઃ૧૦૮; ૧૬ઃ૧૨૫; ૧૮ઃ૨૯; ૩૩ઃ૪૫-૪૬; ૪૧ઃ૩૩). જોકે, તે કહે છે કે ઇસ્લામની સ્વીકૃતિ કે અસ્વીકૃતિ એ કોઈ પણ વ્યક્તિની મુનસફી પર આધાર રાખે છે (કુરાન, ૨ઃ૨૫૬, ૧૦ઃ૯૯, ૧૮ઃ૨૯). પરંતુ, વિવિધ ઇસ્લામિક વિદ્વાનો અને સમુદાયો કુરઆનનું અર્થઘટન જુદી જુદી રીતે કરી શકે છે. તેથી કેટલાક મુસલમાનો વધુ સક્રિય રીતે તેમના ધર્મને ફેલાવવાના મહત્ત્વ પર ભાર મૂકે છે. તદુપરાંત, જે મુસલમાનો તેમના ધર્મ પ્રત્યે કટ્ટર આસ્થા ધરાવતા હોય તેઓ તેમના ધર્મને અપનાવવા ક્યારેક બીજા લોકો પર જબરદસ્તી પણ કરી શકે છે. જોકે, એ નોંધવું જરૂરી છે કે કુરઆન તેના મુખ્ય ઉપદેશોનો પ્રસાર શાંતિપૂર્ણ અને આદરપૂર્વક કરવાની હિમાયત કરે છે. સામાન્ય રીતે મુખ્ય ધારાના ઇસ્લામ દ્વારા બળજબરી સમર્થિત નથી.

૩. ઇસ્લામમાં જેહાદની વિભાવનાનું જુદું જુદું અર્થઘટન કરી શકાય છે. જોકે તેનો વ્યાપક અર્થ ''સંઘર્ષ'' અથવા ''પ્રયાસ કરવો'' એવો થાય છે, જે વ્યક્તિગત અથવા આત્મ સુધારણા જેવા આધ્યાત્મિક હેતુ માટે હોઈ શકે છે. અને અમુક સંજોગોમાં જેહાદમાં સશસ્ત્ર સંઘર્ષનો પણ સમાવેશ થાય છે (કુરઆન, ૨ઃ૧૯૦-૧૯૩, ૮ઃ૩૯, ૯ઃ૫,૯ઃ૨૯).

૪. કુરઆન વિવિધ સમુદાયો વચ્ચેની સંવાદિતાને આવકારે છે (કુરઆન, ૮ઃ૬૧, ૪૯ઃ૧૩). તથા કરુણા, દયા, અને ખાસ કરીને નબળા અને જરૂરિયાતમંદ લોકો માટે કાળજી રાખવા પર ભાર મૂકે છે (કુરઆન રાન, ૪ઃ૩૬, ૨૧ઃ૧૦૭). તદુપરાંત, કુરઆન માનવજીવનને મહત્ત્વનું ગણે છે (કુરઆન, ૫ઃ૩૨, ૧૭ઃ૩૩).

૫. કુરઆન અલ્લાહના બંદાઓને સારા બનવા પર ભાર મૂકે છે અને પોતાનો જીવ લેવાનો નિષેધ કરે છે (કુરઆન, ૨ઃ૧૯૫, ૪ઃ૨૯).

૬. કુરઆન કોમો અને કબીલાઓના વાડાની સીમાઓ ઉલ્લંઘીને મુસ્લિમ સમુદાય(ઉમ્મા)ની એક પહેચાન પર ભાર મૂકે છે (૪૯ઃ૧૩).

૭. કુરઆન જણાવે છે કે વિવિધતા એ અલ્લાહની યોજનાનો એક ભાગ છે (કુરાન, ૫ઃ૪૮, ૧૦ઃ૯૯, ૧૧ઃ૧૧૮, ૧૬ઃ૯૩).

સંદર્ભ ગ્રંથઃ મૌલાના અબુલઆ'લા મૌદૂદી (રહ.), ૨૦૨૧, દિવ્ય કુરઆન (ગુજરાતી અનુવાદ), ઇસ્લામી સાહિત્ય પ્રકાશન, અહમદાબાદ.

- પ્રવીણ જ. પટેલ

૧૦૦૧, પવનવીર, પ્રતાપ ગંજ, વડોદરા ૩૯૦૦૦૨,
મોબાઇલઃ ૯૮૭૯૭૬૩૦૮૩, ઈ મેલઃ pravin1943@gmail.com

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કવિતા

નીવડેલાં સાહિત્યકાર વર્ષાબહેન દાસનો કાવ્યસંગ્રહ ‘કવિતા’ સપ્ટેમ્બર ૨૦૨૪માં નવજીવન ટ્રસ્ટ દ્વારા પ્રગટ થયો છે. વર્ષાબહેનની કલમે મૌલિક પુસ્તકો ઉપરાંત ઉત્તમ અનુવાદો આપણને મળ્યાં છે. આ પુસ્તકમાં ત્રણે ભાષા : ગુજરાતી-હિંદી-અંગ્રેજીમાં તેમનાં કાવ્યો છે. આ કાવ્યો તેમની ૮૧ વર્ષની ઉંમરે પુસ્તકાકારે પ્રકાશિત થયાં ! આ તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે.

આ કાવ્યસંગ્રહમાં ખૂબ જ વિવિધતા છે. જ્યારે પણ વાંચીએ ત્યારે સહજ રીતે એની સાથે સંલગ્ન થઈ જવાય. ૩૬ કાવ્યો ગુજરાતીમાં, ૨૯ કાવ્યો હિંદીમાં અને ૩૫ અંગ્રજીમાં છે. કેટલાંક કાવ્યો ગુજરાતીના જ અનુવાદો છે. કેટલીક સ્વતંત્ર રચનાઓ પણ હિંદી-અંગ્રેજીમાં છે. હિંદી રચનાઓ અત્યારના હિંસાના વાતાવરણથી દ્રવિત થઈને લખાયેલી લાગે છે. આ કવિતાઓમાં આજના અનેક પ્રશ્નોને વણી લીધા છે. તેની વાત આપણને પણ ઝણઝણાવી જાય છે. આજની પરિસ્થિતિ ચિંતા ઉપજાવે તેવી છે. તેમાં પોતાની જાત સાથે કેટલાક પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય કે કેમ ? - તેની મથામણ આ કાવ્યોમાં જોવા મળે છે. જેમ કે હિંસા અંગે ‘સરવાળે બધું એક’ કાવ્યમાં તેઓ લખે છે :

હૃદય ધબકે
મારું, તારું અને એનું પણ,
અને જ્યારે અટકે,
ત્યારે
પાણી પાણીમાં, તેજ તેજમાં
વાયુ વાયુમાં, માટી માટીમાં-
સરવાળે જાણે બધું એક.

તો પછી આ ઝઘડા શેના ?
નામ રૂપ ને રંગના ?
બદલાતી બોલીઓના ?
જાતે જ પાડેલી લીટીઓના ?

પછી એક ચોટડૂક પ્રશ્ન કરે છે. આપણે વારી જઈએ. છેલ્લી પંક્તિમાં લખે છે : અલ્યા મૂર્ખાઈની પણ કંઈ હદ હોય કે નહીં ?

આવી જ રીતે આધુનિકતાનું પ્રતીક ગણીએ એવા સ્માર્ટ ફોન - મોબાઈલને લઈને, બાળકોની રમતો કેવી રીતે ક્રમબદ્ધ છૂટી ગઈ છે તેની વાત ‘કોની રમત ?’ માં સુપેરે પ્રગટ કરી છે.

એક જમાનો હતો,
બાળકો પતંગિયાંની પાછળ દોડતાં હતાં,
ફૂલોની માળા બનાવતાં હતાં,
પાંચીકાથી રમતાં હતાં.
એમના કલરવથી ગુંજી ઊઠતાં
શેરીઓ ને ઘર-આંગણાં.

પછી નવો વાયરો વાયો
બાળકોએ બટન દબાવ્યાં,
ચાવીઓ ફેરવી,
ઢીંગલી બોલવા માંડી,
વાંદરાએ તાળીઓ પાડી,
વગેરે વગેરે...

તે પછીના સમયમાં
બાળક બેઠું છે,
કી-બોર્ડ પર આંગળીઓ દોડાવે છે,
સામે મૂકેલા મૉનિટરમાં,
ઠા-ઠા ગોળીઓ ચલાવે છે
આકાશમાંથી આગ વરસે છે.

અહીં આખું કાવ્ય ઉતાર્યું નથી. ઠીક ઠીક લાંબું છે પણ વાંચવા જેવું છે. આપણે ક્યાં છીએ ? એ ચિંતા કરાવે તેવું છે. આપણે ચિંતન કરી શકીએ ? એમાં મોટાઓને પણ જોતરવાનું ચૂક્યાં નથી !

આજે સ્ત્રી સશક્તિકરણની વાત બહુ જોરશોરથી થાય છે પણ તે સઘળી સપાટી પરની છે. ઊંડાણ નથી. તેની વાત કરતાં લખ્યું છે. કાવ્યનું શીર્ષક પણ સૂચક છે ‘સિન્ડ્રેલા’.

‘આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે :
મહિલાઓને જાણે ભંડકિયામાંથી ખેંચીને
બહાર લાવવાની છે.
ઘૂમટો ઉઠાવીને એની ‘મુંહદિખાઈ’ કરવાની છે.
ઘરનાં ટેબલ-ખુરશીની હેસિયતમાંથી
એને માણસ બનાવવાની છે.’

ટી.વી., રેડિયો ને છાપાંમાં એની બહુ મસમોટી વાતો લખાય છે, બોલાય છે. પણ અંતે શું ? સ્થિતિ તો એની એ જ. લખતાં જણાવે છે. આખરી પંક્તિઓ જાગવાની, જગાડવાની, સમજવાની છે. મહિલા આંતરરાષ્ટ્રીય દિવસનું ડિમડિમ બજાવવાનું બંધ થાય ત્યારે.....

‘પણ પેલી પરીકથાની સિન્ડ્રેલાની જેમ
રાત પડતાં જ-
રાજકુમાર તો રાજકુમાર જ રહે છે,
પણ સિન્ડ્રેલા એની દરિદ્ર વેશભૂષામાં
હુકમો અને જોહુકમની શિકાર બને છે,
....હવે આ સંકુચિત ભૂમિકામાંથી બહાર આવીએ,
અંદર રહેલા મેઘધનુષને આઝાદ કરીએ.’

અંત ખૂબ જ સૂચક છે.

સંબંધો કેવી રીતે તાણા-વાણાની જેમ જોડાયેલા છે. આત્મીયતા પણ છે. કેટલાક સારા છે - કેટલાક ખરાબ છે. તેની સુંદર વાત ‘હું ચાલ્યા કરું’ કાવ્યમાં આબાદ રીતે વ્યક્ત થઈ છે :

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'કોઈ મને અહીં અડક્યું,
તો કોઈ ત્યાં,
વાત જૂની છે, તોય
બધા સ્પર્શો આજે પણ
સ્પંદન જગાડે છે.
અતીતની અનુભૂતિઓ
રોમાંચિત કરે છે.'

મૃત્યુ સંબંધો પર પૂર્ણવિરામ મૂકે. બધા દૂર-સુદૂર ચાલ્યા જાય. અતીત કેમ ભુલાય ! એને યાદ કરીને કવયિત્રી આ કાવ્યમાં આગળ વધતાં લખે છે :

'કોઈએ વાર્તા સંભળાવેલી,
તો કોઈએ કવિતા,
કોઈએ માટીની સુગંધ ફેલાવેલી,
તો કોઈએ આકાશની લાલિમા.'

'સપનાં જોયેલાં, સાચવીને રાખેલાં.
બધું જ ગમેલું
પણ પછી એવું વાવાઝોડું આવ્યું
કે બધું જ ઊડી ગયું.
તણખલાની જેમ
વેર-વિખેર થઈ ગયું.
એમાંનું કોઈ ભોંકાયું,
તો કોઈએ પંપાળ્યું.'

છેવટે રહી ગઈ રિક્તતા,
ઘણી ઊંડી
ચારેકોર પસરેલી, આતમને ઢંઢોળતી
રિક્તતા.

....પછી અચાનક એક દિવસ
અનાયાસ
અમથું જ,
અંદર ડોકિયું કર્યું,
ને ભાળ્યું કે,
કંઈ જ નથી ખોવાયું.
અતીતને લીધે જ વર્તમાન છે,
એના થકી આજ આજ છે.

આપણા કેટલાકનાં ઘરોમાં પુસ્તકો વાંચવાનો-વસાવવાનો શોખ ભારે હોય છે. પણ તેની સંભાળ કેવી લેવાતી હોય ? આ મૂંઝવણ સૌની છે. કવયિત્રીની પણ છે. એની આનંદપ્રદ છબી 'પરસ્પર આશ્રિત' કવિતામાં બખૂબી ઝિલાઈ છે :

'કેવી ખીચોખીચ
અડાઅડ
ઊભી-આડી પડી છે
જુદા જુદા આકારની ચોપડીઓ.
ત્યાં પડી પડી મને તાકે છે,
મૌન ચીસોથી કાનમાં કહે છે -
મને અડ તો ખરી,
આ ધૂળ ઝાટક તો ખરી,
ને ક્યારેક અમારામાંથી કોકને
ખોલ તો ખરી !

....કોને ખોલું અને કોને છાતીસરસી ચાંપું ?
ના, હું ભેદભાવ નહીં કરું.
હવાની જેમ
આ બધી ચોપડીઓને
વીંટળાઈ વળું છું,
ધૂળને પણ ફેફસાંમાં ભરી લઉં છું.
એ જ મારો પ્રાણવાયુ,
એ છે તો હું છું, અને
હું છું તો એ છે.
પરસ્પર આશ્રિત !

આ તો રસાસ્વાદ છે : અન્ય કવિતાઓ પણ દાદ માંગે તેવી છે. 'જ્યાં રેતી જ સરહદ છે !' ને ચાવી ખોવાઈ જાય ! આમ જુદાં જુદાં કાવ્યો - પર્યાવરણ - કોમી એખલાસ - પ્રકૃતિ એમ અનેક વિચાર-વસ્તુઓથી ભરપૂર છે. તેમની સંવેદના એ જ આ કાવ્યો કરવાનું પ્રેરક બળ છે. તો 'ખાનાં' જેવી રમૂજથી ભરપૂર કવિતા પણ છે. ભાષા પણ સરળ-સહજ-પ્રવાહી છે. એથી સામાન્ય વાચકને પણ સ્પર્શી જાય તેવી છે. આજે જ્યારે કવિ-કાવ્યો દૂર થયાં છે ત્યારે આ કાવ્યો મારફતે એ દૂરી જતી રહેશે એમ ચોક્કસ કહી શકાય. પાકટ ઉંમરે પણ એમની સક્રિયતાને સલામ. આવાં કાવ્યો પુસ્તક દ્વારા આપ્યાં તે બદલ ખૂબ-ખૂબ અભિનંદન.

નવજીવન ટ્રસ્ટે પણ પરંપરામાં રહીને જુદી પ્રકાશનપાંખ 'નવજીવન સાંપ્રત' શરૂ કરી છે. એમાં નવોદિતોને પણ સ્થાન આપી એક નવી કેડી કંડારી છે. એ અંતર્ગત પંચોતેરથી વધુ પુસ્તકો અત્યાર સુધીમાં પ્રકાશિત થઈ ચૂક્યાં છે. એ શ્રેણી પણ વિષય-વસ્તુઓથી ભરપૂર છે. એ બદલ ખૂબ અભિનંદન આપી પહેલ બદલ અમારો હરખ પણ વ્યક્ત કરવો જ રહ્યો.

- ભદ્રા-વિક્રમ સવાઈ



કવિતા, લેખક : વર્ષા દાસ, પ્રાપ્તિ સ્થાન : નવજીવન મુદ્રણાલય, ગૂજરાત વિદ્યાપીઠ પાછળ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.
ફોન : ૦૭૯-૨૭૫૪૦૬૩૫,
૦૭૯-૨૭૫૪૨૬૩૪.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આત્મદર્શનમ્ યોગ્યત્વમ્

''**શુ**ચિર્ભૂત થઈને જેમ આપણે મંદિરમાં પ્રવેશ કરીએ છીએ તેમ મન અને તન 'શુચિ' (સ્વચ્છ) કરીને આપણે પરમાત્માના મંદિરમાં પ્રવેશ કરીશું.... શુચિતાની જ્યાં સીમા આવે છે, ત્યાં આત્મદર્શનની યોગ્યતા આવે છે.'' - વિનોબા (शुचिता से आत्मदर्शन)

તન અને મન એટલે કે બાહ્ય અને અંતરની વિશેષ સ્વચ્છતા થશે ત્યારે આત્મદર્શનની યોગ્યતા આવે છે. આવી યોગ્યતા સુધી પહોંચવાનો પ્રયાસ આપણે કરવાનો છે.

એ તો આપણે જોયું કે બાહ્ય સ્વચ્છતા વિના આંતરિક શુદ્ધિ/ચિત્તશુદ્ધિ સંભવી શકતી નથી. અને ચિત્ત શુદ્ધિ વિના, બાહ્ય શુદ્ધિનો કોઈ અર્થ નથી. ગયા અંકોમાં બાહ્ય સ્વચ્છતા અંગે આપણે ઘણી માહિતી મેળવી. હવે જીવનશુદ્ધિની થોડી વાત કરીશું. બહારની સ્વચ્છતાનું પરિણામ મન પર થાય છે, તો મન પ્રસન્ન થઈ જાય છે. પ્રસન્નતાનો અર્થ જ નિર્મળતા છે.

સત્સંગતિ અને સદ્ગ્રંથ પઠન : ચિત્તશુદ્ધિ માટે સૌથી મહત્ત્વપૂર્ણ છે સત્સંગતિ. સંતોનું જીવન તેમજ સંતોના શબ્દો આપણી ચિત્તશુદ્ધિ કરીને આપણને આત્મદર્શનની 'યોગ્યતા' સુધી પહોંચાડી દેશે. વિનોબાજીનાં शुचिता से आत्मदर्शन, महागुहा में प्रवेश, ગીતાપ્રવચન વગેરે ઘણાં પુસ્તકો તેમજ ગાંધીજીનાં મંગલપ્રભાત, સત્ય કી ખોજ, રામનામ વગેરે પુસ્તકો અને એકંદરે આપણા બધા સંતોના ગ્રંથોમાંથી આપણને સત્સંગતિનો ખજાનો જ મળશે. આપણા રોજબરોજના જીવનમાં કેટલાંક નાનાં-મોટાં સાધનો છે, જે ચિત્તશુદ્ધિને માટે મદદરૂપ થશે. તે છે પ્રાર્થના, નામસ્મરણ, પ્રાણાયામ, શરીરશ્રમ વ્રત, આહારશુદ્ધિ, અર્થશુચિતા - આ જીવનશુદ્ધિનાં મહત્ત્વનાં અંગ છે.

પ્રાર્થના : ગાંધી-વિનોબા પ્રાર્થનાને નિદ્રા, ભોજન અને સ્નાનની ઉપમા આપે છે. શરીરને માટે આ ત્રણે જેટલાં જરૂરી છે એટલાં જ, મન અને ચિત્તના આરામ, શાંતિ, પોષણ અને શુદ્ધિ માટે પ્રાર્થના જરૂરી છે. એક દિવસ પણ પ્રાર્થના ન થઈ શકે તો ગાંધીજી પોતાને અપરાધી માનતા હતા, અસ્વસ્થ થઈ જતા હતા.

પ્રાર્થના શું છે ? : એક તો છે, એ સર્વશક્તિશાળી ઈશ્વરનું સ્મરણ અને સ્તવન ! બીજું છે, તેની પાસેની યાચના ! આપણી મર્યાદાઓ દૂર થાય, આપણી શુદ્ધિ થાય તેને માટે એને પ્રાર્થના કરવી ! ત્રીજું છે, 'ગુણચિંતન !' પ્રાર્થનામાં આપણે જે ગુણોનું ચિંતન કરીશું, તેને અમલમાં લાવવાનો પ્રયત્ન થશે. પ્રાર્થના મૌન પણ હોઈ શકે ને સશબ્દ તો હોય જ છે. વ્યક્તિગત પ્રાર્થના પણ જરૂરી છે, સામૂહિક પ્રાર્થનામાં તો લાભ છે જ. અંદરથી જેના પર શ્રદ્ધા હોય એવી પ્રાર્થના અને સામે આદર્શ ઊભો થઈ શકે તેવી પ્રાર્થના આપણે કરીએ.

નામસ્મરણ : પ્રાર્થના પણ એક રીતે જોવા જાવ તો નામસ્મરણ જ છે. વિનોબાજી કહે છે, ''હું ગીતાને નામસ્મરણ જ માનું છું. તેમ છતાં નામસ્મરણનું એક જુદું જ સ્થાન છે, મહત્ત્વ પણ છે. ભગવાન-ના જે સ્વરૂપ અને નામ પર શ્રદ્ધા હોય, ભાવ હોય; જે નામ જેને પ્રિય હોય, એના નામનો જપ કરવો જોઈએ. કાનથી એનું જ શ્રવણ કરવું. સંપૂર્ણ શ્રદ્ધા અને ભાવથી ભગવાનનું નામ લેવામાં આવે તો એ નામસ્મરણ મનને ધોવા માટે જરૂરથી મદદ કરતું હશે. દુનિયામાં જેટલાં પણ નામ છે, એ બધાં ભગવાનનાં જ નામ છે, એવું વિનોબાજી કહે છે.

ઘણાં લોકો માળા લઈને નામ જપ કરે છે. કોઈ માત્ર મોઢાથી નામસ્મરણ કરે છે. આવી રીતે નામસ્મરણ કરવામાં સૌની રુચિ કે વૃત્તિ નથી હોતી. તો ભજન કે ભક્તિગીતોના રૂપમાં નામજપ સારું છે. સાંભળ્યા કરવું જોઈએ. સંગીતમાં એક અદ્ભુત શક્તિ હોય છે. જે પ્રકારનું સંગીત આપણે સાંભળીએ છીએ તે પ્રકારના સંસ્કાર આપણા મન પર પડે છે.

પ્રાર્થના અથવા નામસ્મરણનો અધિકાર કોને છે ? આનો મજાનો પરંતુ અર્થપૂર્ણ જવાબ વિનોબાજીની વિચારપોથીમાં મળે છે. 'જે પુણ્યશાળી છે તે ભગવાન પાસે જઈ શકે છે, કારણ કે તે પુણ્યશાળી છે.' 'જે પાપી છે તે ભગવાન પાસે જઈ શકે છે કારણ કે તે પાપી છે.' આ જ વાત પ્રાર્થના અને નામસ્મરણને પણ લાગુ પડશે.

પ્રાણાયામ : પ્રાણાયામથી શ્વાસ 'સમ' બને છે. શ્વાસ 'સમ' થાય ત્યારે મન સ્થિર અને શાંત થાય છે. મગજમાં તાજગી આવે છે. શરીર સ્વસ્થ, વ્યાધિમુક્ત કરવા માટે પણ પ્રાણાયામનો ઉપયોગ થાય છે. જો શરીર સ્વસ્થ હોય તો મન પણ સ્વસ્થ અને પ્રસન્ન રહે છે. અને સ્વસ્થ મન, શાંત થઈને શુદ્ધ થવા તરફ આગળ વધે છે. ધ્યાન રહે કે પ્રાણાયામ યોગ્ય પદ્ધતિથી થવો જરૂરી છે.

શરીરશ્રમ વ્રત : વ્રતપૂર્વક શરીરશ્રમ કરવો અને મજબૂરીમાં શરીર-શ્રમ કરવો એ બંને બાબતમાં અંતર છે. આ વ્રતના લાભ તો અનેક છે. પરંતુ જીવનશુદ્ધિ માટે તેનો લાભ વિશેષ પણ છે. આજકાલ ઘરમાં મશીનો અને ઑફિસમાં કમ્પ્યુટરને લીધે હાથથી કામ કરવાનું બહુ ઓછું થઈ ગયું છે. નહીં તો ઘરની સફાઈ, વાસણ માંજવાં, કપડાં ધોવાં જેવાં કામોમાં હળવો શરીરશ્રમ થઈ જાય છે. આંગણું તથા પરિસરની સફાઈ, બગીચામાં કામ કરવું, જુદી જુદી જરૂરિયાતો-કામો માટે બને તેટલું પગે ચાલીને જવું-આવવું - આ બધું જરૂરી છે. સ્ત્રી-પુરુષ બધાંએ જ આ કરવા જેવું છે. આમાં શરીરશ્રમ (વ્યાયામ) અને પ્રેમ એકસાથે થઈ જાય છે.

ખેતીનું કામ તો જીવનશુદ્ધિ માટે સર્વશ્રેષ્ઠ કામ કહી શકાય. ખેતીમાં શ્રમ કરતી વખતે ખુલ્લી અને તાજી હવા તેમજ સૃષ્ટિનું સાંનિધ્ય મળે છે. તેનાથી જીવનશુદ્ધિનો લાભ પ્રાપ્ત થાય છે. વિનોબાજી કહે છે, 'ભગવાનની ભક્તિનું સર્વશ્રેષ્ઠ સાધન ખેતી છે. ખેતીમાં કામ કરવાથી વિકારશમન સહેલું બને છે.'

આહારશુદ્ધિ અને અર્થશુચિતા આદિ જીવનશુદ્ધિનાં અભેદ્ય અંગ છે. આમ આ બે સ્વતંત્ર અને વ્યાપક વિષયો છે.

(જુઓ પાન નં. ૦૩)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વૈશ્વિક પર્યાવરણ પરિષદની જળ-વાયુ પરિવર્તન પરની અસરકારકતા

૨૦૨૩માં વિશ્વભરમાં કુદરતી હોનારતોના ૩૯૮ કિસ્સા બન્યા. કરોડો લોકો રોજિંદા જીવનમાં જળ-વાયુમાં અતિશય ઝડપથી થઈ રહેલા પરિવર્તનની અસર ભોગવી રહ્યા છે. ક્યાંક તાપમાન માણસની શરીરરચના ખમી શકે એનાથી ઘણું ઊંચું જાય છે. ક્યાંક સમુદ્રની સપાટી ઊંચી આવી રહી છે, જેને કારણે સ્થળાંતરની ફરજ પડી રહી છે. ક્યાંક વંટોળ-વાવાઝોડાને કારણે જીવન બેહાલ છે તો ક્યાંક ચોમાસામાં વરસેલા બેશુમાર વરસાદે તબાહી મચાવી છે. પૃથ્વીનું તાપમાન સામાન્ય કરતાં ૧.૩ ડિગ્રી સેન્ટીગ્રેડ વધી ચૂક્યું છે. ૨૦૨૪માં તો ૧.૫ ડિગ્રી સેન્ટીગ્રેડ વધુ ઊંચું નોંધાયું છે, જે સાથે ૨૦૨૪નું વર્ષ માનવ ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ બની ચૂક્યું છે. જળ-વાયુ પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ)નો પ્રશ્ન ઘણો ગંભીર છે એ નાના બાળકને પણ હવે સમજાય છે.

આર્થિક ગણતરી માંડી તો દર વર્ષે કુદરતી હોનારતોના પરિણામે થતું આર્થિક નુકસાન ઉત્તરોત્તર વધી રહ્યું છે. ૨૦૨૨માં ૩૫૫ બિલિયન ડોલર અને ૨૦૨૩માં ૩૮૦ બિલિયન ડોલરનું નુકસાન વિશ્વને થઈ ચૂક્યું છે. જેની સામે વીમાનું વળતર માત્ર ૧૧૮ બિલિયન ડોલરનું જ મળ્યું ! બાકીનું નુકસાન અસરગ્રસ્ત લોકોએ જાતે ભોગવવાનું ! ૨૦૨૪ના આંકડા મળવા હજુ બાકી છે. જો આ સાથે જમીનની ઘટેલી ફળદ્રુપતા, પાણીનાં ઊંડાં ગયેલાં તળ, માંદગીને કારણે ઘટતા કામના કલાકો જેવાં પરિબળોને ધ્યાનમાં લઈએ તો આવનારાં વર્ષોમાં અપેક્ષિત નુકસાનનું સ્તર ઘણું ઊંચું જાય. અહીં, સામાજિક અને ભાવનાત્મક સ્તરે થતાં નુકસાનની ગણતરી તો માંડી જ નથી.

હાલમાં વાત એટલા માટે પ્રસ્તુત છે કેમ કે, અઝરબાઈજાનના બાકુ શહેરમાં યોજાયેલી ૨૯મી આંતરરાષ્ટ્રીય પર્યાવરણ પરિષદ તાજેતરમાં જ એટલે કે ૨૨ નવેમ્બરે સમાપ્ત થઈ. COP-29 (કોન્ફરન્સ ઓફ પાર્ટીસ -૨૯) જે પર્યાવરણ પરિષદ તરીકે જાણીતી છે એ પર્યાવરણ અંગે વિશ્વનું સૌથી મહત્ત્વનું મંચ છે. ૧૯૯૦માં IPCC જળ-વાયુ પરિવર્તન માટે બનેલી બહુરાષ્ટ્રીય સમિતિનો પહેલો રિપોર્ટ આવ્યો. જેના તારણના આધારે ગ્રીન હાઉસ ગેસ - જે વાયુ તત્ત્વો પર્યાવરણને ખતરો ઊભો કરી રહ્યાં છે - એના પર તાત્કાલિક ધોરણે નિયંત્રણ લાવવાની જરૂર જણાઈ. ૧૯૯૨માં બહુપક્ષીય સમજૂતી થઈ, જેના આધારે બધા સભ્ય દેશોએ પોતાના દેશમાં જળ-વાયુ પરિવર્તનને

ખતરનાક કક્ષાએ પહોંચતા અટકાવવાના પ્રયત્નો કરવા અંગે સહમતી થઈ. ત્યારબાદ ૧૯૯૪થી બધા સભ્ય દેશ વર્ષમાં એક વાર મળે છે અને જળ-વાયુ પરિવર્તનને નિયંત્રણમાં રાખવા અંગે મહત્ત્વના નિર્ણય લેવાતા હોય છે. જળ-વાયુ પરિવર્તન અંગેના ૨૯ વર્ષના સભાન પ્રયત્નો છતાં યે પ્રદૂષણ સતત વધતું જ રહ્યું છે, સાથે સાથે માનવજીવન પરનું સંકટ પણ વધતું જ રહ્યું છે એ તે કેવી વિડંબના !

સૌ કોઈ સહમત છે કે જળ-વાયુ પ્રદૂષણનો પ્રશ્ન ગંભીર છે. દક્ષિણ ગોળાર્ધમાં વધુ ગંભીર અસર જોવા મળી રહી છે એ વાતમાં પણ કોઈ વિવાદ નથી. સૌ કોઈએ સાથે મળીને કામ કરવું પડશે એ એક સામાન્ય તારણ છે. પણ એનો અમલ કઈ રીતે કરવો ? કોણ કેટલું પ્રદૂષણ ઓછું કરશે ? ક્યાં સુધી ઓછું કરશે ? પ્રદૂષણમુક્ત નવી ટેકનોલોજીના ઉપયોગના પ્રચાર-પ્રસાર માટે કેવાં પગલાં લેવાશે ? આ માટે વિકસિત દેશો વિકાસશીલ દેશોને કેટલી મદદ કરશે ? જરૂરી ખર્ચનો બોજ કોણ કેવી રીતે ઉપાડશે ? આ પ્રશ્ન પર મડાગાંઠ થાય છે. વિશ્વ અનેક હિસ્સામાં વહેંચાઈ જાય છે. વિકસિત દેશો વિરુદ્ધ વિકાસશીલ દેશો, ઉત્તર ગોળાર્ધ વિરુદ્ધ દક્ષિણ ગોળાર્ધ, મૂડીવાદી દેશો વિરુદ્ધ સામ્યવાદી દેશો, નાના દેશો વિરુદ્ધ મોટા દેશો વગેરે.

પર્યાવરણ પરિષદના અલગ અલગ તબક્કે સભ્ય દેશો પ્રદૂષણ ઘટાડવાના લક્ષ્ય અંગે વાયદા કરે છે. વિકસિત દેશો માટે આ વાયદા નિભાવવા સહેલા છે. કારણ કે તેમની પાસે નવી ટેકનોલોજી તેમજ નવી ટેકનોલોજીનાં સંશોધન માટે નાણાં પણ છે. આ ઉપરાંત પ્રદૂષણ ઘટાડવા માટે તેઓ ઉત્પાદન અને વપરાશ ઘટાડવા પર ધ્યાન આપવાને બદલે ઉત્પાદનનું સ્થળ અન્ય ગરીબ દેશની ભૂમિ પર કરાવી એને આયાત કરવાનો રસ્તો તેઓ અપનાવતા રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળ અમેરિકા જેવા અગ્રણી દેશ પર્યાવરણના પ્રશ્ને કેટલી ગંભીરતા દાખવશે એ વિષે શંકા ઊઠી રહી છે કારણ કે, આ અંગે એમની ઉદાસીનતા તેઓ પ્રગટપણે વ્યક્ત કરી ચૂક્યા છે. વળી, છેલ્લાં બે વર્ષથી એવા દેશ પરિષદના યજમાન બને છે જેમના અર્થતંત્રનો મુખ્ય આધાર જ પેટ્રોલની નિકાસ છે. તેથી પેટ્રોલના વિકલ્પ પર તેઓ કેટલું ધ્યાન આપશે એ અંગે શંકા ઊભી થાય છે.

ભારત અવારનવાર વિકાસશીલ દેશોના પક્ષે બોલતું રહે છે. આ વર્ષે પણ ભારત તરફથી ચાર મુદ્દા પર ભાર મૂકવાની રજૂઆત થઈ. એક, પ્રદૂષણમુક્ત ટેકનોલોજી વિકસાવવાની ગતિ વધારવી તેમજ એ ટેકનોલોજી બધાને સહેલાઈથી મળી શકે એ વ્યવસ્થા ઊભી કરવી. બે, પર્યાવરણના પ્રશ્નને જરૂરી નાણાંની જોગવાઈ તાત્કાલિક ધોરણે ગોઠવાય. ત્રણ, વિશ્વનો દરેક દેશ એકબીજાનો સહયોગ કરે અને ચાર, પરસ્પર વિશ્વાસનું વાતાવરણ ઊભું થાય.

જ્યારે વિષમતામાં વહેંચાયેલા દેશોનાં હિત સમાન નથી રહ્યાં ત્યારે પરિષદ દ્વારા પર્યાવરણના પ્રશ્નનો હલ લાવવાનું કામ અઘરું થઈ રહ્યું છે.

(epaper.gujaratmitra માંથી સાભાર) **- નેહા શાહ**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ટકાઉપણાની વિભાવનાના અગ્રદૂત : જ્યોર્જ પર્કિન્સ માર્શ

જેમ પ્રકૃતિનાં દુર્ગમ સ્થળોને ખેડીને તેનું અવલોકન કરવું, નોંધ કરવી અને ત્યારબાદ વૈજ્ઞાનિક પદ્ધતિઓના આધારે વર્ગીકૃત કરી દસ્તાવેજ રચવા મહત્ત્વના છે તે જ રીતે વિશ્વની માનવજાતના જીવન સાથે તે શોધખોળ કે દસ્તાવેજો જોડી આપવા માટે ભગીરથ લેખનકાર્ય આરંભવું એ પણ ખૂબ મહત્ત્વનું છે. આપણે આજે જે કંઈ જાણી-માણી રહ્યા છીએ તે તમામ વિગતો બે પ્રકારનાં માધ્યમોમાંથી ઉપલબ્ધ છે, એક વૈજ્ઞાનિક દૃષ્ટિએ સંગ્રહિત અહેવાલો અને દસ્તાવેજો અને બીજું એ સંદર્ભે વિવેચકો, નિરીક્ષકો અને લેખકોએ આપેલાં રસપ્રદ લખાણો, વિવરણો અને પ્રકાશનો. આજે આવા એક અમેકિરન લેખકની લેખનની કેડીએ ચાલીશું.

જ્યોર્જ પર્કિન્સ માર્શ એક અસાધારણ વ્યક્તિ હતા. તેઓ અમર્યાદ ઊર્જા, અનંત ઉત્સાહ અને અપાર બુદ્ધિ ધરાવતી વ્યક્તિ હતા. તેમને અમેરિકાના પ્રથમ પર્યાવરણવાદી માનવામાં આવે છે. આજથી એકસો વર્ષ પહેલાં તેમણે 'માણસ અને પ્રકૃતિ' નામના નોંધપાત્ર પુસ્તકમાં આપણાં વિનાશક કાર્યો વિશે ચેતવણી આપી હતી. માનવક્રિયા દ્વારા સંશોધિત ભૌતિક ભૂગોળ-પર્યાવરણ ઉપર માનવપ્રવૃત્તિઓની વિનાશક અસર વિશે ચિંતા વ્યક્ત કરનાર તેઓ સૌ પ્રથમ હતા. જ્યોર્જ પર્કિન્સ માર્શ, પ્રખ્યાત વિદ્વાન અને પ્રકૃતિવાદી, પર્યાવરણીય ચળવળના સ્થાપક પિતાઓમાંના એક તરીકે ઘણા લોકો માટે જાણીતા છે. વિદ્વાન માર્શ જીવનભર જ્ઞાનના પ્રેમી રહ્યા. તેમણે તેમના જ્ઞાનનો ઉપયોગ કુદરતી વિશ્વના લાભ માટે કર્યો હતો. આપણે તેમને એક દૂરદર્શી વિચારક-લેખક તરીકે જાણીએ એ પહેલાં એમના જીવન વિશે જાણવું જરૂરી છે જેથી એમની બહુમુખી પ્રતિભાને સમજી શકાય.

જ્યોર્જ પર્કિન્સ માર્શનો જન્મ ૧૫ માર્ચ, ૧૮૦૧ના રોજ વુડસ્ટોક, વર્મોન્ટ, યુ.એસ.એ.માં થયો હતો. તેમના પિતા, ચાર્લ્સ માર્શ, ન્યાયાધીશ હતા અને માતા સુસાન, પ્રત્યેક માતાની જેમ પ્રેમાળ અને વત્સલ હતી. માર્શ એક ગંભીર બાળક હતા. તેથી તેઓ ઉંમર કરતાં ઘણા મોટા લાગતા. તેમણે પાંચ કે છ વર્ષની ઉંમરે લેટિન અને ગ્રીકનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું. તેમના મોટા ભાઈ ચાર્લ્સે તેમનામાં વાંચનનો આજીવન જુસ્સો જગાડ્યો. જોકે, નબળા પ્રકાશમાં ખૂબ વાંચન કરવાથી તેમની આંખોમાં તણાવ વધતાં તેઓ લગભગ સાત કે આઠ વર્ષના થયા ત્યાં સુધીમાં દૃષ્ટિ વિહીનતાના શિકાર બન્યા. પછીનાં ચાર વર્ષ સુધી, તે ભાગ્યે જ કંઈ વાંચી શક્યા કારણ કે હવે વાંચન માટે તેમને બીજા પર આધારિત રહેવું પડતું. તેમ છતાં તેમણે યાદ રાખવાની આશ્ચર્યજનક શક્તિઓ વિકસાવી. આમ, અંધકારમય ઓરડો નહિ, પ્રકૃતિનો કાયમી પ્રેમ પ્રાપ્ત કર્યો.

એક યુવાન તરીકે માર્શનું ઔપચારિક શિક્ષણ નજીવું હતું અને તેમની શીખવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં નબળી દૃષ્ટિ અને ધીમે ધીમે શ્રવણ શક્તિ પણ નબળી થઈ જતાં તેઓ વારંવાર બીમાર રહેતા. શાળાના અભ્યાસમાં નિયમિત રહી શક્યા નહિ. ૧૮૧૬માં, માર્શના પિતાએ તેમને એન્ડોવર, મેસેચ્યુસેટ્સ ખાતે ફિલિપની એકેડેમીમાં મોકલ્યા, જે દેશની પ્રથમ એવી શાળા હતી જ્યાં ઉચ્ચ શિક્ષણ માટે બાળકોને તાલીમ આપવામાં આવતી.

શિક્ષણ માટે જરૂરી એવી બે ઇન્દ્રિયો નબળી હોવા છતાં માત્ર ૧૫ વર્ષની ઉંમરે, માર્શે કૉલેજનો અભ્યાસ શરૂ કર્યો. તેના મોટાભાગના સહપાઠીઓ કરતાં તેઓ ત્રણથી પાંચ વર્ષ નાના હતા. સ્વભાવે શરમાળ વિદ્યાર્થી માર્શ માત્ર ૧૯ વર્ષની ઉંમરે કૉલેજમાંથી સ્નાતક થયા. સ્નાતક થયાનાં માત્ર બે અઠવાડિયાં પછી માર્શ, 'અમેરિકન લિટરરી, સાયન્ટિફિક અને મિલિટરી એકેડેમી'માં ગ્રીક અને લેટિન ભાષાઓના પ્રોફેસર તરીકે કામ કરવા માટે નોર્વિચ, વર્મોન્ટ ગયા. જોકે, ચાર માળની ઈંટની બેરેક જેવી નિરાશાજનક અને અંધકારમય એકેડેમી માર્શને પ્રોત્સાહિત નહોતી કરતી, આથી તેઓ મોડી રાત સુધી પુસ્તકાલયમાં જર્મન અને સ્કેન્ડિનેવિયનમાં વાંચનકાર્યોમાં મોટાભાગનો સમય પસાર કરતા હતા.

કમનસીબે, વર્ષ પૂરું થતાં પહેલાં જ માર્શની દૃષ્ટિ વધુ બગડી અને તેમને એકેડેમી છોડી દેવાની અને નેત્ર ચિકિત્સક શોધવાની ફરજ પડી. માર્શ વુડસ્ટોક પાછા ફર્યા. વાંચનનો સદંતર ત્યાગ કર્યા પછી તેમની દૃષ્ટિમાં ધીમે ધીમે સુધારો થયો અને વિન્ડસર કાઉન્ટી કૉર્ટના એટર્ની તરીકે તેમની નિમણૂક કરવામાં આવી. થોડા સમય પછી, માર્શે વર્મોન્ટની સામેની બાજુએ આવેલા બર્લિંગ્ટનમાં સ્થળાંતર કર્યું, જે આગામી ૩૫ વર્ષ માટે તેમનું ઘર બની ગયેલું. તેમણે બર્લિંગ્ટનમાં કાયદાનો અભ્યાસ કર્યો. ૧૮૨૫માં તેમને બારમાં દાખલ કરવામાં આવ્યા. તેમણે પોતાની જાતને ફિલોલોજિકલ અભ્યાસમાં પણ સમર્પિત કરી. ૧૮૩૫માં તેઓ વર્મોન્ટની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં નિયુક્ત થયા અને ૧૮૪૩થી ૧૮૪૯ સુધી કૉંગ્રેસમાં પ્રતિનિધિ રહ્યા. તેમણે મિસિસિપી ખીણના પ્રાચીન સ્મારકોના સંપાદક તરીકે સેવા આપી. જ્હોન્સનના યુનિવર્સલ સાયકલોપીડિયા માટે ઘણા લેખો લખ્યા અને 'ધ નેશન'ને ઘણી સમીક્ષાઓ અને પત્રો આપ્યા.

તેમનું પારિવારિક જીવન જોઈએ તો માર્શે ૧૮૨૮માં બર્લિંગ્ટનના એક અગ્રણી જમીનમાલિકની પુત્રી હેરિયેટ બ્યુએલ સાથે લગ્ન કર્યાં, પરંતુ બે પુત્રો જન્મ્યા પછી માત્ર પાંચ વર્ષમાં પત્નીનું અવસાન થયું. ૧૮૩૯માં તેમણે કેરોલિન ક્રેન સાથે લગ્ન કર્યાં, જેઓ એક શિક્ષક, કવિ, ભાષા-શાસ્ત્રના વિદ્વાન અને મૂળ મેસેચ્યુસેટ્સનાં નારીવાદી હતાં. કેરોલીન જ્યોર્જથી પંદર વર્ષ જુનિયર હતી, પરંતુ તેની તીવ્ર બુદ્ધિએ ઉંમરના આ અંતરને અતિક્રમી માર્શની મિત્રસંગિની બનાવી દીધી. કેરોલીનની બૌદ્ધિક અને કલાત્મક રુચિઓએ માર્શને નારીવાદી દૃષ્ટિકોણથી પ્રભાવિત કર્યા. પરિણામે તેઓને મહિલા શિક્ષણમાં ખૂબ રસ પડ્યો, જેનાથી તેઓ સાહિત્યિક માર્ગને અનુસરવા પ્રેરાયા. ડાર્ટમાઉથ કૉલેજ, હેનોવરમાં માર્શે કાયદાની સફળ પ્રેક્ટિસ વિકસાવી.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેમની તીક્ષ્ણ ગ્રહણશક્તિએ તેમને શાસ્ત્રીય સાહિત્ય, ભાષાઓમાં પ્રખરતા અપાવી. માત્ર ૩૦ વર્ષની ઉંમર સુધીમાં ૨૦ ભાષાઓમાં તેઓની અસ્ખલિત ક્ષમતા હતી. તેઓ સાથેસાથે કૃષિ વિજ્ઞાનના અભ્યાસ તરફ પણ આકર્ષાયા. સિલ્વીકલ્ચર અને માટી સંરક્ષણ એમના રુચિના વિષય બન્યા. ૧૮૪૨માં તેઓ કૉંગ્રેસ માટે ચૂંટાયા હતા, જ્યાં તેઓ ભૂતપૂર્વ પ્રમુખ જ્હોન ક્વિન્સી એડમ્સથી ખૂબ પ્રભાવિત હતા. એડમ્સની દીર્ઘ દૃષ્ટિ અને કુદરતી સંસાધનોની જાળવણી અને વ્યવસ્થાપનમાં સરકારની ભૂમિકાના વિચારો માર્શને માટે પ્રેરણાદાયી નીવડ્યા.

માર્શે ૧૮૪૭માં વર્મોન્ટની રુટલેન્ડ કાઉન્ટીની એગ્રીકલ્ચર સોસાયટીમાં એક ભાષણ આપ્યું હતું, જેમાં કેન્દ્રવર્તી વિચાર એ હતો કે જંગલોને કાપીને અને સાફ કરીને અને કાદવીયા જલપ્લાવિત વિસ્તારોને નાબૂદ કરીને માનવી જે તે વિસ્તારની સ્થાનિક અને પ્રાદેશિક આબોહવાને પ્રભાવિત કરે છે. અઢારમીથી ઓગણીસમી સદીનો વળાંક એટલે કે પ્રબુદ્ધ યુગ દરમિયાન એટલાન્ટિક મહાસાગરની બંને બાજુના ફિલસૂફો, પ્રકૃતિવાદીઓ અને સ્થાનિક ચુનંદા લોકોમાં આ એક સામાન્ય ચર્ચા હતી, જેમાં ડેવિડ હ્યુમ, કોમ્ટે ડી બફોન, થોમસ જેફરસન, હ્યુજ વિલિયમસન, એલેકઝાન્ડર વોન હમ્બોલ્ટ, ચાર્લ્સ લાયેલ અને અન્ય ઘણા લોકોનો સમાવેશ થાય છે. કૉંગ્રેસમાં બીજા સત્રમાં સેવા આપ્યા પછી, માર્શને તુર્કીમાં યુ.એસ.ના મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમણે મધ્ય પૂર્વીય અને ભૂમધ્ય ભૂગોળ અને કૃષિ પદ્ધતિઓનો અભ્યાસ કર્યો. ૧૮૫૨માં તેમને તુર્કીથી પાછા બોલાવ્યા તે પહેલાં તેમણે વોશિંગ્ટન, ડી.સી.ની સ્મિથસોનિયન સંસ્થાને ઘણા નમૂનાઓ મોકલ્યા હતા. તેઓ ૧૮૫૬માં રિપબ્લિકન પાર્ટીના સભ્યા પણ બન્યા.

કેટલાક દસ્તાવેજો માર્શના વ્યક્તિત્વમાં વસેલી કુદરતની ઝાંખી કરાવે છે. આસા ગ્રે, વનસ્પતિશાસ્ત્રીને લખેલા પત્રમાં તેઓ કહે છે : ''હકીકતમાં જુઓ તો ખરેખર મેં પ્રારંભિક જીવનનો મોટો સમય જંગલોમાં જ વીતાવ્યો હતો. વર્મોન્ટના પ્રદેશનો મોટો હિસ્સો મારી યાદમાં, કુદરતી જંગલોથી ઢંકાયેલો હતો; અને વ્યક્તિગત રીતે જમીનો સાફ કરવા, ઉત્પાદન અને લાકડાના વેપારમાં નોંધપાત્ર હદ સુધી રોકાયેલા હોવાને કારણે, મને જંગલની જમીન અને જંગલનાં ઉત્પાદનોનું સંચાલન કરવાની અયોગ્ય પ્રણાલીના પરિણામે થતી અસરોનું અવલોકન કરવાનો અને અનુભવવાનો પ્રસંગ મળ્યો છે.'' માર્શની ઉંમર જેમ જેમ વધતી ગઈ તેમ તેઓ શિયાળામાં વર્મોન્ટમાંથી બહાર જવાનું પસંદ કરતા. તેમની આત્મકથા લખનાર લોવેન્થલ તેમના શબ્દોમાં જ નોંધે છે કે ''શરદી મને સંપૂર્ણ રીતે લકવાગ્રસ્ત કરી દે છે, અને હું ન તો કસરત કરી શકું છું કે ન તો અભ્યાસ કરી શકું છું. આ આબોહવામાં એકસાથે મહિનાઓ સુધી 'બેઝર'ની જેમ 'હાઇબરનેટ' કરવાની જરૂરિયાતને કારણે જીવન ખરાબ રીતે ટૂંકું થઈ જાય છે, અને મને નવેમ્બર અને મે વચ્ચેનો સમયગાળો અસ્વસ્થ ઊંઘ કરતાં થોડો સારો લાગે છે.''

વર્મોન્ટના શિયાળામાંથી બહાર નીકળવાનું તેમનું સપનું ત્યારે સાકાર થયું જ્યારે તુર્કીમાં (૧૮૪૯-૧૮૫૪) અને પછી નવા રચાયેલા કિંગડમ ઓફ ઈટાલીમાં યુ.એસ.ના પ્રધાન તરીકે સેવા આપવા માટે તેમની નિયુક્તિ થઈ. મધ્ય પૂર્વમાં વર્ષો સુધી રહેવાને કારણે તેમને સમગ્ર ઇજિપ્ત અને અરેબિયાના કેટલાક ભાગોમાં મુસાફરી કરવાનો સમય મળ્યો. ૧૮૬૧માં પ્રમુખ અબ્રાહમ લિંકને તેમને ઈટાલીના પ્રથમ પ્રધાન બનાવ્યા, તેઓ મૃત્યુ સુધી તે પદ પર રહ્યા હતા. તે સમયગાળા દરમિયાન તેમણે 'મેન એન્ડ નેચર' – 'માણસ અને પ્રકૃતિ' અથવા ભૌતિકભૂગોળમાં માણસે કરેલા બદલાવો વિશેના પુસ્તક 'એઝ મોડીફાઈડ બાય હ્યુમન એક્શન' (૧૮૬૪)માં તેમના સંચિત જ્ઞાન અને અનુભવનો સારાંશ આપ્યો.

આખી જિંદગી તેઓ રાજદ્વારી અને એકેડેમિક વર્તુળોમાં રહ્યા, ખાસ કરીને તેમના દ્વારા કરાયેલ નોલેજ બેંકની સ્થાપના અમેરિકાના ઇતિહાસ માટે મહત્ત્વનો પાયો બની રહી. ગ્રીસ અને રોમમાં તેમણે રાજદ્વારી બંધારણીય કાયદાઓ અને વહીવટી પ્રશાસનની સ્થાપના માટે સેવા આપી હતી.

તેમના જીવનચરિત્રના લેખક ડેવિડ લોવેન્થલે તેમને 'બહુમુખી પ્રતિભાવાન વર્મોન્ટર' તરીકે ઓળખાવ્યા છે. અંગ્રેજી ભાષાની ઉત્પત્તિ પર પણ તેમણે એક પુસ્તક લખ્યું હતું અને ઉત્તર અમેરિકામાં તેઓ અગ્રણી સ્કેન્ડિનેવિયન વિદ્વાન તરીકે જાણીતા હતા, તેમણે વોશિંગ્ટન મોન્યુમેન્ટ સહિતની ઇમારતો ડિઝાઈન કરી. વોશિંગ્ટનમાં કોંગ્રેસમેન તરીકે (૧૮૪૩-૪૯) માર્શે સ્મિથસોનિયન સંસ્થાને માર્ગદર્શન આપવામાં મદદ કરી. પાંચ વર્ષના તુર્કીના નિવાસ દરમ્યાન તેમણે ક્રાંતિકારી શરણાર્થીઓને મદદ કરી હતી અને ધાર્મિક સ્વતંત્રતાની હિમાયત કરી હતી. તેમણે ઈટાલિયન ફોરેસ્ટરના કામનો પણ અભ્યાસ કર્યો, ખાસ કરીને એડોલ્ફ વોન બેરેન્જર અને જંગલ પુનઃસંગ્રહના અભિગમોથી તેઓ પ્રભાવિત થયા હતા.

'મેન એન્ડ નેચર' : માનવીને પૃથ્વીના પર્યાવરણના વિનાશના એજન્ટ તરીકે રજૂ કરનાર સર્વપ્રથમ દસ્તાવેજ

૧૮૬૨માં તેઓએ વિશ્વવિખ્યાત પુસ્તક 'મેન એન્ડ નેચર'નું લેખન શરૂ કર્યું. ૧૯મી સદીના ભૂગોળ, ઇકોલોજી અને રિસોર્સ મેનેજમેન્ટમાં સૌથી નોંધપાત્ર પ્રગતિમાં આ તેમનું સૌથી મોટું યોગદાન છે. આ પુસ્તક ૧૮૬૪માં પ્રકાશિત થયું. પુસ્તકમાં ચર્ચવામાં આવેલા મુદ્દાઓએ પ્રકૃતિના અનેક અભ્યાસુઓ માટે નવી દિશાઓ ખોલી આપી. આપણી લેખમાળામાં અન્ય પ્રકૃતિવિદોની સરખામણીએ પ્રથમ દૃષ્ટિએ માર્શ એક વિદ્વાન રાજદ્વારી માત્ર લાગે, પરંતુ આ એક પુસ્તકમાં તેમણે આપેલી વિવેચનાઓ અને પૃથ્વીનાં અનેક તત્ત્વો અને પ્રક્રિયાઓને પ્રભાવિત કરવામાં માનવસમાજની ભૂમિકાનો એક મહત્ત્વનો મુદ્દો તેમને મહત્ત્વના વિચારક તરીકે પ્રથમ હરોળમાં લાવી મૂકે છે.

તેમનું આ પુસ્તક 'મેન એન્ડ નેચર'એ ઇકોલોજીના પ્રારંભિક કાર્યની રચના છે, જે દ્વારા કેળવાયેલી સમજે એડિરોન્ડેક પાર્કની રચનામાં ભૂમિકા ભજવી હતી. એડિરોન્ડેક પાર્ક એ ઉત્તર પૂર્વીય ન્યુયોર્કનું એક ઉદ્યાન છે જે એડિરોન્ડેક પર્વતોનું રક્ષણ કરે છે. આ ઉદ્યાનની સ્થાપના ૧૮૯૨માં ''તમામ લોકોના સ્વાસ્થ્ય અને આનંદ માટે મફત ઉપયોગ માટે'' અને વોટરશેડની સુરક્ષા માટે કરવામાં આવી હતી. ૬.૧ મિલિયન એકરમાં ફેલાયેલું તે યુનાઇટેડ સ્ટેટ્સનું સૌથી મોટું ઉદ્યાન છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એડિરોન્ડેક પાર્કમાં ૪૬ ઉચ્ચ શિખરો, ૨,૮૦૦ તળાવો, ૪૮,૦૦૦ કિ.મી. લંબાઈની નદીઓ અને ઝરણાંઓ અને અંદાજિત ૨૦૦,૦૦૦ એકર(૮૧,૦૦૦ હેક્ટર)માં જૂનાં-વિકસિત જંગલો છે. અહીં ૧૦૫ નગરો અને ગામડાઓ તેમજ અસંખ્ય ખેતરો, વ્યવસાયો અને લાકડાં કાપવાનો ઉદ્યોગ છે. ઉદ્યાનમાં ૧૩૦,૦૦૦ કાયમી અને ૨૦૦,૦૦૦ મોસમી રહેવાસીઓની વસ્તી છે અને ૧૨.૪ મિલિયનથી વધુ વાર્ષિક મુલાકાતીઓ તેની મુલાકાત લે છે. માનવ સમુદાયોનો સમાવેશ આ ઉદ્યાનને ઔદ્યોગિક વિશ્વમાં વિકસિત જમીનોના સંરક્ષણમાં સૌથી સફળ પ્રયોગોમાંથી એક બનાવે છે. એડિરોન્ડેક ફોરેસ્ટ પ્રિઝર્વને ૧૯૬૩માં નેશનલ હિસ્ટોરિક લેન્ડમાર્ક તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું. વિશ્વમાં માનવસમાજ દ્વારા અમલમાં મૂકવામાં આવેલું આ એક એવું સ્તુત્ય કાર્ય છે જેનાથી બીજાં કેટલાંયે આવાં સ્થળો પ્રાકૃતિક દૃષ્ટિએ રક્ષિત કરી શકવાની વાસ્તવિક પ્રેરણા આપે છે.

માર્શે દલીલ કરી હતી કે વન નાબૂદી, રણમાં પરિણમી શકે છે. ભૂમધ્ય સમુદ્રની આજુબાજુની એક વખતની લીલીછમ જમીનોને સાફ કરવાનો ઉલ્લેખ કરીને, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ''માણસ દ્વારા નિર્ધારિત અનેક કામગીરી પૃથ્વીના ચહેરાને ચંદ્રની જેમ લગભગ સંપૂર્ણ વેરાન બનાવવાની દિશામાં લઈ જઈ રહી છે.'' તેમણે દલીલ કરી હતી કે જ્યાં સુધી માણસ સંસાધનોનું સંચાલન કરે છે અને તેને સારી સ્થિતિમાં રાખે છે ત્યાં સુધી કલ્યાણ સુરક્ષિત છે. ભાવિ પેઢીઓનું કલ્યાણ, સંસાધન-વ્યવસ્થાપનમાં રહેલું છે, આથી પ્રત્યેક નીતિ અને કામગીરીઓમાં તેની સુરક્ષા નિર્ણાયક હોય તે અનિવાર્ય છે. સંસાધનોની અછત એ પર્યાવરણીય અસંતુલનનું પરિણામ છે, જે ગેરવાજબી માનવીય ક્રિયાઓનું પરિણામ છે.

તેઓ જણાવે છે કે ''માણસ તેની ખુશીથી વરસાદ અને સૂર્યપ્રકાશ, પવન અને હિમ અને બરફને આદેશ આપી શકતો નથી, તેમ છતાં એ હકીકત છે કે આબોહવા પોતે ઘણા કિસ્સાઓમાં ધીમે ધીમે બદલાઈ ગઈ છે અને માનવીય ક્રિયાઓ દ્વારા તે સુધરે અથવા બગડે છે. જંગલો બાષ્પીભવનને પ્રભાવિત કરે છે, એક તરફ કુદરતી સરોવરો અને તળાવોને સૂકવી બીજી તરફ જંગલોને સાફ કરતા જઈને, માનવી વાતાવરણમાં જે ભેજનું પ્રમાણ જળવાઈ રહેવું જોઈએ તેમાં વિક્ષેપ ઊભો કરે છે. જેના લીધે સૂરજના પ્રકાશ અને ગરમીના વિતરણ, સૂર્યકિરણોને પ્રતિબિંબિત અને શોષવાની ક્ષમતા અને ઊર્જાના વિકેન્દ્રિત રૂપાંતરણની પ્રક્રિયામાં અસંતુલન ઊભું કરે છે. જે પવનની દિશા, બળ અને તેમાં ભેજવહન ક્ષમતાને પ્રભાવિત કરે છે. નાની કે મોટી માનવીય વસ્તીમાં કે વનોમાં લાગતી આગ અને નાનાં-મોટાં માળખાકીય બાંધકામો વગેરે સમગ્ર વાતાવરણમાં ગરમીનું પ્રમાણ એવું તો વધારે છે કે વાસ્તવમાં વનસ્પતિજગતમાં ધીમે છતાં મોટાં પરિવર્તનો લાવે છે.''

આ વિવેચન બાદ જલવાયુ પરિવર્તન પર કામ કરનારા ઘણા વિજ્ઞાનીઓએ પણ જણાવ્યું અને સાબિત કરી આપ્યું કે ગીચ વસ્તી ધરાવતા લંડનનું સરેરાશ તાપમાન આજુબાજુના દેશના તાપમાન કરતાં એક ડિગ્રી અથવા બે ડિગ્રી વધારે છે, જે દુનિયાના બીજા ખૂણે રશિયા જેવી પાતળી વસ્તીવાળા દેશની આબોહવાને પણ સમાન કારણોસર સંવેદનશીલ રીતે બદલી શકે છે.

માર્શ વેદના સાથે લખે છે કે જૂનું જગત હોય કે નવા શોધાતા ભૂખંડો, માનવીને આ વિશાળ પૃથ્વી મળી છે પણ તેને શ્વાસ લેવા પૂરતી જગ્યા નહિ રહે તે સ્થિતિએ એને લાવી મૂકશે, અને ત્યારબાદ સૃષ્ટિ દ્વારા તેને ફરી સ્વાસ્થ્યપ્રદ થવા બદલવાની અત્યંત ધીમી પ્રક્રિયાની રાહમાં વર્ષો વિતાવશે, પરંતુ એ આ નૈસર્ગિક વિપુલ કુદરતી સૌંદર્યને વેડફતો જ રહેશે.

પૃથ્વી પર માણસની ક્રિયાઓની બદલી ન શકાય તેવી અસરને માન્યતા આપીને, ટકાઉપણાની વિભાવનાના અગ્રદૂત તરીકે, માર્શને પ્રથમ પર્યાવરણ 'સંરક્ષણવાદી' તરીકે ઓળખવા વધુ સચોટ હશે. વર્મોન્ટમાં માર્શ-બિલિંગ્સ-રોકફેલર નેશનલ હિસ્ટોરિકલ પાર્કનું નામ માર્શ પરથી પડ્યું છે. આજે તેમને 'માણસ અને પ્રકૃતિ' પુસ્તકના તેમના યોગદાન માટે સૌથી વધુ યાદ કરવામાં આવે છે. વર્મોન્ટમાં યુવાનીમાં તેમણે કરેલાં અવલોકનો તેમજ મધ્યપૂર્વમાં તેમની મુસાફરી આ પુસ્તકનો આધાર બન્યાં છે. તેઓ પહેલા એવા અવલોકનકાર હતા કે જેઓએ સ્પષ્ટ સુણાવ્યું કે મનુષ્ય પરિવર્તનના એજન્ટ છે અથવા ''ખલેલ પહોંચાડનાર એજન્ટ'' છે. તેમના પ્રથમ પુસ્તક મેન એન્ડ નેચર બાદ, બીજી આવૃત્તિ ધ અર્થ એઝ મોડીફાઈડ બાય હ્યુમન એક્શન - (૧૮૭૪)માં માનવીની દખલગીરીથી પૃથ્વીના ભૌગોલિક પર્યાવરણમાં આવેલાં પરિવર્તનો વિષેના મુદ્દાઓ ફરી ચર્ચવામાં આવ્યા છે.

માર્શનો કેન્દ્રવર્તી વિચાર એ હતો કે, ''મેં ક્યારેય કોઈ પરિબળને મામૂલી માનીને મૂલવ્યું નથી કારણ કે એક જ ઉત્પત્તિ કારણ માનીને બીજી અનેક અસરો વિષે શોધ થઈ શકતી નથી. તેનું માપ અજ્ઞાત છે, તેના મૂળ તરીકે કોઈ ભૌતિક અસર શોધી શકાતી નથી કારણ કે એક પ્રક્રિયા એકલી અલગ રીતે પ્રભાવિત થતી કે કરતી નથી. માર્શ આ કથન દ્વારા દર્શાવે છે કે પારસ્પરિક સંબંધો જો પૃથ્વી પર જીવન ટકાવતા હોય તો પરસ્પરના પ્રભાવો તેના નાશનાં કારણો પણ બને છે. તે સમયના ભૂગોળશાસ્ત્રીઓ, આર્નોલ્ડ ગાયોટ અને કાર્લ રિટર દ્વારા મૂકવામાં આવેલો પરંપરાગત વિચાર એ હતો કે પૃથ્વીનું ભૌતિક પાસું સંપૂર્ણપણે કુદરતી ઘટનાઓ, પર્વતો, નદીઓ, મહાસાગરોનું પરિણામ છે. માનવજાતના ઘર તરીકે પૃથ્વીને એક અખંડ એકમ તરીકે માનીને તેના અભ્યાસ તરફ ક્યારેય કોઈ વળ્યું ન હતું. માર્શ પર્યાવરણીય અને સામાજિક સંબંધોની પરસ્પર નિર્ભરતાનું વર્ણન કરનાર પ્રથમ વ્યક્તિ હતા.

મેન એન્ડ નેચર પુસ્તકને વિવેચકો, વિજ્ઞાનીઓ અને સામાન્ય લોકો દ્વારા એકસરખો આવકાર મળ્યો હતો. માર્શ તેમની કેટલીક આગાહીઓ પર નિશાન ચૂકી ગયા હોવા છતાં, તે નોંધનીય છે કે આજે આ અસરોને આપણે સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ. તેમણે આર્બર ડે ચળવળ, વન અનામતની સ્થાપના અને રાષ્ટ્રીય વન વ્યવસ્થાને વેગ આપ્યો. માર્શનો પ્રભાવ અમેરિકન સરહદોની બહાર વિસ્તર્યો. આ પુસ્તક અનેક જંગલ-વ્યવસ્થાપકોએ સમગ્ર યુરોપ અને કાશ્મીર અને તિબેટ સુધી પહોંચાડ્યું.

(જુઓ પાન નં. ૨૦)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પ્રાકૃતિક ખેતીની સરકારી માર્ગદર્શિકામાં જીએમ પાકો પર પ્રતિબંધનો ઉલ્લેખ કેમ નહીં ?

ઓર્ગેનિક ખેત-પેદાશોનું વૈશ્વિક બજાર ચાલુ સાલે ૧૭,૦૦૦ અબજ રૂપિયાનું છે, જે ૧૩%ના દરે વધીને ૨૦૩૨માં ૪૫,૦૦૦ અબજ રૂપિયાનું થવાનું છે! ભારતનું ઘરેલુ બજાર ૬૪ અબજ રૂપિયાનું અંદાજવામાં આવે છે. દેશના સહકારમંત્રી ઓર્ગેનિક ફૂડના વેચાણમાં ભારતને વિશ્વમાં પ્રથમ નંબરે લઈ જવા માંગે છે, તેમના સૂચનથી અમૂલ જેવી ભરોસાપાત્ર બ્રાંડ આજે અનેક ઓર્ગેનિક પેદાશને બજારમાં લઈ આવી છે. જાપાનનું જાસ, ઈંગ્લેંડનું સોઈલ એસોસિએશન, યૂરોપિયન યુનિયન, યુ.એસ.એ.નું યુએસડીએ અને ભારતનું એનપીઓપી અને પીજીએસ, ગમે તે પ્રમાણન વ્યવસ્થા લો ઓર્ગેનિક ખેતીમાં કૃત્રિમ કૃષિ-રસાયણોની સાથોસાથ જનીન રૂપાંતરિત પાક, બીજ, તેની પેદાશ કે તેના અંશ પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

આ પ્રતિબંધ પાછળનું કારણ સ્પષ્ટ છે. જીએમ પાકોનાં આરોગ્ય અને પર્યાવરણ વિષયક જોખમો હવે વધુ ને વધુ સ્પષ્ટ રીતે બહાર આવી રહ્યાં છે. તાજેતરમાં ઈરાનની મેડિકલ યુનિવર્સિટીના સંશોધકોએ તારણ કાઢ્યું છે કે, જીએમ સોયાબીનનું તેલ ખવરાવવાથી ઉંદરોના યકૃત અને મૂત્રપિંડને નુક્સાન થાય છે. શરીરમાં ઈન્સ્યુલિન, યુરિયા અને ટ્રાગ્લીસરાઈડ્સનું પ્રમાણ વધે છે, હિમોગ્લોબિનનું પ્રમાણ ઘટે છે. સેંકડો સંશોધનોમાં સાબિત થયું છે કે જીએમ પાકો અનેક રીતે સલામત નથી કારણ કે તેનાથી સજીવમાં અણધાર્યા ફેરફારો થાય છે. જાણીતા પ્યૂ રિસર્ચ સેન્ટર સમેતની મોજણીઓમાં તારણો નીકળ્યાં છે કે મોટાભાગના ગ્રાહકો જીએમ ફૂડ પસંદ કરતા નથી, બલ્કે ઓર્ગેનિક પેદાશો પસંદ કરે છે.

સંશોધન, અખતરા, ઉત્પાદન, સંગ્રહ કે ટ્રાન્સપોર્ટ દરમ્યાન ભૂલથી કે ચોરી-છૂપીથી જીએમ બીજ ખેડૂતો સુધી પહોંચી જાય છે અને જંગલી રીતે ઊગી નીકળે છે. પવન, કીટકો દ્વારા જીએમ પાકના જનીનો ધરાવતી પરાગરજ આસપાસનાં ખેતરો અને દેશી જાતોમાં ફેલાય છે. ગોદામોમાં, સંગ્રહનાં સાધનોમાં, કોથળામાં, નિકાસ દરમ્યાન કંટેનરમાં દાણા રહી જાય, ત્યાંથી ફેલાય અને નવા અણધાર્યા જીએમ છોડવા ઊગે, તે નવા છોડ પેદા કરે અને કોન્ટામિનેશન ચાલુ કરી દે, જેને પાછું વાળી શકાતું નથી. ધીમે ધીમે તમામ દેશી બીજ અભડાઈ જાય. ભારતની કપાસની ખેતી હવે ક્યારે ય બીટીના જનીનથી મુક્ત થઈ શકવાની નથી. એક વાર જીન બાટલીમાંથી નીકળ્યો પછી કોઈના કાબૂમાં રહેતો નથી.

ભારત વર્ષોથી ઓર્ગેનિક કોટનનું સૌથી મોટું નિકાસકાર રહ્યું છે. બીટી કપાસ આવ્યા પછી આપણી આ પ્રીમીયમ પ્રોડક્ટને ભારે ફટકો પડ્યો. આપણી પ્રમાણન એજન્સીઓ બીટી કપાસને ય ઓર્ગેનિક કોટનનું પ્રમાણપત્ર આપતી રહી! પાપ છાપરે ચઢીને પોકાર્યું. બે વર્ષ પહેલાં વિશ્વના ટેક્ષ્ટાઈલ માર્કેટમાં ભંડો ફૂટ્યો કે ભારતના ઓર્ગેનિક કોટનના ૩૦% સેમ્પલ બીટી જનીનના અંશો ધરાવે છે. માર્કેટ તૂટી ગયું. ભારતની શાખની સાથોસાથ વિશ્વ-બજારમાં ઓર્ગેનિક કોટન પરનો ભરોસો તૂટી ગયો!

ગુજરાતના સજીવ ખેતી અભિયાનના ભાગરૂપે બીટી વગરના કપાસની જાત શોધવા અમે સુરતના મુખ્ય કપાસ સંશોધન કેન્દ્રમાંથી મૂળ જર્મપ્લાઝમ મંગાવ્યું. ટેસ્ટ કરતાં તેમાં બીટીના જીન્સ નીકળ્યા! મુખ્ય અધિકારી પરિચિત હતા. કહે, શું કરીએ? ૧૫ વર્ષથી બીટી કપાસના અખતરા આ જ ફાર્મ પર કરીએ છીએ એટલે બધી જાતોમાં તેના જીન્સ આવી ગયા હોય તેવું બને ! આવું જ ધારવાડના સંશોધન કેન્દ્રમાં બન્યું. દેશભરનું કપાસનું જર્મપ્લાઝમ અભડાઈ ગયું હોય તો નવાઈ નહીં! વર્ષોથી ભારતમાં બીટી કપાસ, એચ.ટી. કપાસ, બીટી રીંગણ, એચ ટી સોયાબીનની ગેરકાયદે ખેતી થતી આવી છે, કોઈ રોકી શક્યું નથી. હવે તેનાથી આગળ મકાઈમાં પણ જીએમના અંશો જોવા મળ્યા છે. મકાઈમાં નર અને માદા ફૂલ અલગ અલગ સ્થાને આવે છે, ૯૦% દાણા પરપરાગનયનથી બેસે. મકાઈની તમામ ખેતી હવે થોડાં વરસોમાં અભડાઈ ગઈ સમજો!

ઑગસ્ટ, ૨૦૨૪માં પાકિસ્તાનમાંથી યુરોપમાં આયાત કરેલા ઓર્ગેનિક બાસમતી ચોખામાં જીએમનું કોન્ટામિનેશન નીકળ્યું અને માલ પાછો ખેંચાયો. શંકાની સોય ચીન તરફ ગઈ, જ્યાં બીટી ચોખાના અખતરા થતા હોવાની શંકા છે. ત્યાંથી કોઈક રીતે જીએમ ડાંગર પાકિસ્તાન પહોંચેલી. વર્ષ ૨૦૨૧માં ભારતથી નિકાસ પામેલ ૫૦૦ ટન ચોખાનો લોટ જર્મની, ફ્રાંસ, યૂ.કે. અને યુ.એસ.એ.માંથી પાછો ખેંચાયો. કારણ? જીએમ કોન્ટામિનેશન!

૧૯૯૮માં એવેન્ટિસ કંપનીની જીએમ મકાઈ (સ્ટારલીંક) માણસો માટે જોખમી લાગતાં તેની પરવાનગી માત્ર ઢોરના ખાણ માટે અપાઈ. પણ તે દાણા/બીજનો જથ્થો બે જ વર્ષમાં કોઈક રીતે માણસના ખાવાના જથ્થામાં ઘૂસી ગયો. યુ.એસ.એ.ના આયોવા રાજ્યમાં મકાઈનાં અડધોઅડધ ખેતરો આવા કોન્ટામિનેશનનો ભોગ બન્યાં જે કોન્ટામિનેશન કેનેડા, ઈજિપ્ત, દ. કોરિયા, જાપાન, ગ્વાટેમાલા અને બોલિવિયા સુધી ફેલાઈ ગયેલું. વિશ્વની ૧૧ ફૂડ કંપનીઓએ એક કરોડ ફૂડ આઈટમ પાછી ખેંચવી પડી. અમેરિકાના કૃષિ વિભાગે ૩.૫ લાખ એકર જમીનમાંથી મકાઈની ખેતી રદ કરવાના હુકમ કર્યા અને ખેડૂતોને ૧.૭૨ કરોડ ડોલરનું ચૂકવણું કરવું પડ્યું, ૭.૭૬ કરોડ ડોલરની વધારાની લોન આપવી પડી. મકાઈનો ભાવ ૬.૮% પડી ગયો! એવેન્ટિસ કંપનીને એક અબજ ડોલરનું નુકસાન થયું!

૨૦૦૬-૦૭માં બાયર કંપનીના જીએમ ચોખા (લીબર્ટી લીંક) અખતરાના તબક્કેથી લીક થયા. ત્રીસ દેશોમાં કોન્ટામિનેશન ફેલાયું, એક અંદાજ મુજબ વિશ્વના ચોખા ઉદ્યોગને એક અબજ ડોલરનું નુકસાન થયું. અગિયાર હજાર ખેડૂતોએ બાયર સામે કરેલા કેસના ઉકેલ લાવવા કંપની ખેડૂતોને ૭.૫ અબજ ડોલર ચૂકવવા સંમત થઈ! શું ભારતના ખેડૂતો આવી અદાલતી લડાઈ લડી શકે?

જીએમ કનોલા (રાયડાની જાત)ના છોડ કેનેડા, યુ.એસ., જાપાન, સ્વીટ્ઝરલેન્ડ, આર્જેન્ટિના અને નેધરલેન્ડની જમીનોમાં ખેતરની બહાર આડેધડ ઊગી નીકળ્યા છે અને સ્થાનિક બીજ/ખેતીમાં કોન્ટામિનેશન કરી રહ્યા છે. બ્રાઝીલના અર્ધસૂકા વિસ્તારની મકાઈની ત્રીજા ભાગની દેશી

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જાતમાં કૃત્રિમ જીન્સ પેસી ગયા છે. અમુક છોડમાં તો વિવિધ પ્રકારના આવા સાત- સાત જીન્સ જોવા મળ્યા! મકાઈના જન્મસ્થાન મેક્સિકોમાં પણ ત્રીજા ભાગની દેશી મકાઈમાં જીએમ પેસી ગયું છે. યુ.એસ.એ.માં જીએમ ઘઉંના અખતરા પૂરા થયાનાં વર્ષો પછી એવી ચાર ઘટના બની જેમાં સાદા ઘઉંમાં જીએમનું કોન્ટામિનેશન નીકળ્યું. હવાઈમાં જીએમ પપૈયાં ખેતરોની બહાર આડેધડ ઊગી રહ્યા છે. આવા કોન્ટામિનેશનની વ્યાપક અસરો આંતરરાષ્ટ્રિય વેપાર પર પડી રહી છે. કેનેડામાં અળસીનો વાવેતર વિસ્તાર ૪૭% ઘટી ગયો, બજારભાવ ૩૨% પડી ગયો અને અંદાજિત ૨.૯૧ કરોડ ડોલરનું નુક્સાન થયું. ૧૯૯૭થી ૨૦૧૪ના ગાળા દરમ્યાન વિશ્વભરમાં કોન્ટામિનેશનના આવા તો ૩૯૬ કિસ્સા નોંધાયા છે!

પ્રાકૃતિક ખેતીના મહત્ત્વના પુરસ્કર્તા પણ જીએમ બીજ વાપરવા પર મનાઈ કરવાને બદલે એમ કહેતા હોય છે કે, ખેડૂત સાત પેઢી સુધી જીએમ બીજને જાતે પકવે એટલે તે જીએમ-મુક્ત બની જાય ! આ વાત સરાસર વિજ્ઞાનવિરોધી છે. કોઈ સંકર ગાય ગામના ધણના સંકર સાંઢ સાથે કુદરતી રીતે પ્રજનન કરે તો શું સાતમી પેઢીએ વિદેશી ગાયના જીન્સ જતા રહે? જવાબદાર વ્યક્તિઓ આવો ભ્રમ ફેલાવે તે પ્રાકૃતિક ખેતીના પ્રસાર માટે જોખમી છે.

ગઈ ૨૫મી નવેમ્બરે કેન્દ્ર સરકારની કેબીનેટે ખેતી વિષયક એક લેન્ડમાર્ક નિર્ણય લીધો. નેશનલ મિશન ફોર નેચરલ ફાર્મિંગ અંતર્ગત આગામી બે વર્ષમાં ૧૫૦૦૦ ક્લસ્ટર્સમાં ૧૮.૭૫ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાશે, જે દરેક બીજા ૬ ખેડૂતને તાલીમ આપશે. આ માટે ૧૫ હેક્ટરના એક ક્લસ્ટર દીઠ બે વર્ષમાં ૧૪ લાખ રૂપિયા ખર્ચશે, જે માટે ૧૫૮૪ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર તરફથી અને ૮૯૭ કરોડ રૂપિયા વિવિધ રાજ્ય સરકારો તરફથી મળીને કુલ ૨૪૮૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. દેશના એક કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં આવરી લેવાશે!!

અત્યંત મહત્ત્વાકાંક્ષી અને બિરદાવવાલાયક પ્રાકૃતિક ખેતી મિશનની માર્ગદર્શિકામાં સૌથી વિવાદાસ્પદ અને જોખમી ખેત-સામગ્રી એવા જીએમ પાક અને પેદાશો પર પ્રતિબંધનો ઉલ્લેખ ન હોવો એ ભારે ચિંતાજનક છે. પ્રાકૃતિક ખેતીની સાથેસાથે જીએમ પાકોને પ્રોત્સાહન એ હસતાં હસતાં લોટ ફાકવાની ચેષ્ટા છે. લોટ ફાકવો હોય તો હસવાનું બંધ કરવું પડે, અને હસવું જ હોય તો લોટ ફાકવાનું બંધ કરવું પડે!!

કેનેડાના પ્રાકૃતિક/ઓર્ગેનિક ખેડૂતો હવે કનોલાની ખેતી, વેચાણ અને નિકાસ કરવાની ક્ષમતા ગુમાવી ચૂક્યા છે. ત્યાંના ઓર્ગેનિક ફાર્મર્સ પ્રોટેક્ષન ફંડ જણાવે છે કે, ખેડૂતો પાસે હવે બે જ વિકલ્પ છે - કાં તો કનોલાની ખેતી બંધ કરવી અથવા જીએમ કનોલા વાવવા મજબૂર થવું! શું ભારતનું પ્રાકૃતિક ખેતી અભિયાન આમાંથી કોઈ બોધ લેશે? પ્રાકૃતિક ખેતીનાં પ્રચલિત અને આંતરરાષ્ટ્રીય ધોરણો પાળીને જ ઓર્ગેનિક પેદાશોના વૈશ્વિક બજારને હાંસલ કરી શકાય અને તે માટે જીએમ પાકો પર સંપૂર્ણ પ્રતિબંધ અનિવાર્ય છે. માલ ખરીદનારની શરતે વેચાય છે, વેચનારના ખ્યાલોને આધારે નહીં.

(લખ્યા તા. ૧૫-૧૨-૨૪) **- કપિલ શાહ**

STOP PRESS

આ અંક છપાઈ રહ્યો છે ત્યારે બે એવા સમાચાર આવ્યા છે જેનો ઉપરના લેખ સાથે સંબંધ છે. ચીનના કૃષિમંત્રી પર ભ્રષ્ટાચારના આરોપસર કાર્યવાહી થઈ રહી છે. આ મંત્રી જીએમ પાકોના સમર્થક હતા. બીજું, ઝડપથી વિકાસ પામી વધુ માંસ આપતી વિશ્વની પ્રથમ જનીન રૂપાંતરિત સાલ્મન માછલીના ઉત્પાદકે તેમની તમામ ઉત્પાદન-વ્યવસ્થા સમેટી લીધી છે કારણ કે, ગ્રાહકોની ના-પસંદને કારણે માલ ન વેચાતા કંપની ભારે ખોટ કરવા માંડી છે! આ છે, જીએમ પેદાશો અને તેના પુરસ્કર્તાઓની નિયતિ!!

શુ વૈશ્વિક સંધિ... (પાન ૧૭નું ચાલુ)

તાજેતરમાં ગુજરાતમાં ગુજરાતની નામદાર વડી અદાલતના ચુકાદાને પગલે ભવનાથના મેળામાં પ્લાસ્ટિક પર બાન મૂકવામાં આવ્યો હતો. ભારત સરકારે સિંગલ યુઝ પ્લાસ્ટિક પર બાન તો મૂક્યો છે પરંતુ, તેનું નહીંવત્ પાલન થાય છે. પ્લાસ્ટિક પ્રોડક્શન કરતી અને પ્લાસ્ટિક વેચતી કંપનીઓની EPR (Extended Producers Response) ભારત સરકારે બનાવેલ નિયમોમાં સામેલ છે. પરંતુ EPR કેવી રીતે લેવાય છે અને કોણ-ક્યાં વાપરે છે તે અપારદર્શી પ્રક્રિયા છે. ભારતમાં પ્લાસ્ટિક રૂલ્સ હોવા છતાં પ્લાસ્ટિકના કચરાના નિકાલની વ્યવસ્થાપન સિસ્ટમ બરાબર નથી.

પર્યાવરણ મિત્ર સંસ્થા સ્પષ્ટપણે માને છે કે, ઝેરી, ઝોખમી, રસાયણ યુક્ત પ્લાસ્ટિક પ્રોડકશન ઘટવું જ જોઈએ. પ્લાસ્ટિક પ્રદૂષણ તેની આડઅસરો સિવાય રોકી શકાય તેવી ટેકનોલોજીના વિકલ્પ અંગે વિચારવું જોઈએ.

- મહેશ પંડ્યા

હિંસાયે ઉન્મત્ત પૃથ્વી, નિત્ય નિઠુર દ્વંદ્વ
ઘોર કુટિલ પંથ તેના લોભ ભરેલ બંધ.

નૂતન તવ જન્મ કાજ આર્ત છે સહુ પ્રાણી
કરો ત્રાણ મહાપ્રાણ, આણો અમૃત વાણી.

વિકસિત કરો પ્રેમપદ્મ, ચિર મદુ નિષ્યંદ
શાંત હે ! મુક્ત હે ! હે અનંત પુણ્ય !
કરુણાઘન ધરણીતલ કરો કલંકશૂન્ય.

ક્રંદનમય અખિલ હૃદય તાપ દહન દીપ્ત
વિષય-વિષ-વિકાર જીર્ણ ખિન્ન અપરિતૃપ્ત
દેશ દેશ લાગ્યા કલંક રક્તકલુષ ગ્લાનિ
તવ મંગળ શંખ આણો તવ દક્ષિણ પાણિ
તવ શુભ સંગીત રાગ, તવ સુંદર છંદ
શાંત હે, મુક્ત હે, અનંત પુણ્ય !
કરુણાઘન ધરણીતલ કરો કલંકશૂન્ય.

- રવીન્દ્રનાથ ટાગોર

આવનાર ૨૦૨૫ના વર્ષને આવકારતા કવિવર ઠાકુરની આ રચના સાથે કરુણાઘનને તેમણે કરેલ વિનંતિ સાથે આપણે પણ કહીએ, 'કરુણાઘન ધરણીતલ કરો કલંક શૂન્ય.'

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શું વૈશ્વિક સંધિ (INC) પ્લાસ્ટિક પ્રદૂષણને નાથી શકશે ?

એક તરફ યુનાઈટેડ નેશન્સ પ્લાસ્ટિક ટ્રીટીને કાયદાકીય રીતે બંધનકર્તા બનાવવા તલપાપડ છે. માર્ચ ૨૦૨૨માં ઇન્ટરગવર્નમેન્ટલ નેગોશિયેશન્સ કમિટીની (INC) રચના થઈ ચૂકી છે. અત્યારે પ્લાસ્ટિકનું ઉત્પાદન ઘટાડવા અને પ્લાસ્ટિકથી થતું પ્રદૂષણ ઘટાડવા અંગેની કાયદાકીય રીતે બંધનકર્તા ટ્રીટી અંગે ઇન્ટરગવર્નમેન્ટલ નેગોશિયેશન્સ કમિટીની પાંચમી બેઠક INC-5 દક્ષિણ કોરિયાના બુસાન શહેરમાં ૨૫ નવેમ્બર ૨૦૨૪થી ૨ ડિસેમ્બર સુધી યોજાઈ ગઈ.

ઘણાં વર્ષોથી પ્લાસ્ટિક પ્રદૂષણની સમસ્યા અંગે યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ એસેમ્બલી (UNEA)માં તથા વૈશ્વિક ફલક પર ચર્ચાઓ ચાલતી હતી. UNEAના પાંચમા સત્રમાં માર્ચ, ૨૦૨૨ના રોજ ઐતિહાસિક ઠરાવ પસાર કરવામાં આવ્યો : 'આંતરરાષ્ટ્રીય ધોરણે કાયદાકીય બંધનો દ્વારા પ્લાસ્ટિક પ્રદૂષણને દૂર કરો.' વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણને લીધે પર્યાવરણીય પ્રશ્નો ઊભા થયા છે. જેની સામાજિક, આર્થિક, પર્યાવરણીય અને આરોગ્ય પર ગંભીર નકારાત્મક અસરો જોવા મળી. જેને લીધે UNEA દ્વારા ઇન્ટરનેશનલ નેગોશિયેશન કમિટી (INC)નું ગઠન થયું. INC ના ગઠન દ્વારા ૨૦૨૪ના અંત સુધીમાં પ્લાસ્ટિક પ્રદૂષણ દૂર કરવા અને ઉત્પાદન ઘટાડવા અંગેના કરાર નિર્ધારિત કરવાનું નક્કી થયું છે. INC-1 ની પ્રથમ બેઠક ઉરુગ્વે, INC-2 પેરિસમાં, INC-3 નૈરોબી, કેન્યામાં; INC-4 ની બેઠક ઓરાવા, કેનેડામાં અને અત્યારે INC-5 ની બેઠક બુસાન (દ.કોરિયા)માં ચાલી રહી છે.

મે, ૨૦૨૨માં ઓપન એન્ડેડ વર્કિંગ ગ્રુપ (OEWG) બન્યું, જેની બેઠક સેનેગલમાં મળી. જેમાં ડ્રાફ્ટ રૂલ્સ તૈયાર કરવામાં આવ્યા. ત્યારબાદ, INC ની પ્રથમ બેઠકમાં પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે કાયદાકીય રીતે બંધનકર્તા થાય તેવું માળખું તૈયાર કરવામાં આવ્યું. INC-2 ની પેરીસ ખાતેની બેઠકમાં ચેરમેનને સત્તા આપવામાં આવી કે, તેઓ ઝીરો ડ્રાફ્ટ તૈયાર કરે. INC-3 માં નૈરોબી ખાતેની બેઠકમાં રિવાઈઝ્ડ ઝીરો ડ્રાફ્ટનો ટેક્સ્ટ કરવામાં આવ્યો. INC-4 માં આ રિવાઈઝ્ડ ઝીરો ડ્રાફ્ટ પર મધ્યવર્તીય ચર્ચાઓ શરૂ થઈ, બે કાર્યકારી જૂથો સ્થાપવામાં આવ્યાં હતાં.

પ્લાસ્ટિકનું ઉત્પાદન અને પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવા માટે કાયદાકીય રીતે બંધનકર્તા નિયમો બનાવવાની કસરત પૂરજોશમાં ચાલી રહી છે. તેલ ઉત્પન્ન કરતા દેશોની બાય પ્રોડક્ટમાંથી પ્લાસ્ટિક બને છે, તેલિયા દેશો – ભારત, રશિયા, ગલ્ફ દેશો સહિતના દેશો પ્લાસ્ટિકનું ઉત્પાદન ઘટાડવામાં માનતા નથી. આ દેશો માને છે કે, પ્લાસ્ટિકનો નિકાલ યોગ્ય રીતે થાય તો પ્લાસ્ટિક અંગે ચિંતા કરવા જેવું નથી. પ્લાસ્ટિકનું પ્રદૂષણ કેવી રીતે ઘટાડી શકાય તે અંગે ટેકનોલોજી જોઈએ. પ્લાસ્ટિક રિયુઝ, રિસાયકલ થાય તે તરફ વિચારવું જોઈએ. નકામા પ્લાસ્ટિકને લાવીને તેમાંથી વીજળી ઉત્પન્ન કરવા અંગે પણ વિચારવું જોઈએ. જેથી લાકડું, કોલસો કે ગેસનો વપરાશ ઘટાડી શકાય. અલબત્ત, કેનેડા અને યુરોપિયન યુનિયન પ્લાસ્ટિકના ઉત્પાદનના ઘટાડા પર ભાર આપી રહ્યા છે.

નાનાં રાજ્યોના સમૂહો પ્લાસ્ટિકનું ઉત્પાદન ઘટાડવા ઉપર ભાર મૂકે છે. સમુદ્ર તટ પર તથા સમુદ્રની અંદર પ્લાસ્ટિકનો કચરો વધ્યો છે. નેપાળ જેવા દેશો એમ કહે છે કે, માત્ર દરિયાઈ પ્લાસ્ટિક પ્રદૂષણને જ કેમ અગ્રતા આપવામાં આવે છે ? પહાડીય પ્રદેશોમાં પણ પ્લાસ્ટિકે હાહાકાર મચાવ્યો છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ સમક્ષ પહાડી દેશોએ દરિયાની સાથે પહાડોને પણ ટ્રીટીમાં મહત્ત્વ આપવા રજૂઆતો કરી છે.

કેટલાક દેશો અને સંસ્થાઓ માને છે કે, પ્લાસ્ટિકના ઉત્પાદનમાં જે રાસાયણિક તત્ત્વો વપરાય છે તે અત્યંત ઝેરી છે. તેથી આ તત્ત્વો પ્લાસ્ટિકના ઉત્પાદનમાં ના વપરાય તેવી જોગવાઈ પણ ટ્રીટીમાં થવી જોઈએ. કેટલીક સંસ્થાઓ સ્પષ્ટપણે માને છે કે, રિસાયકલ કે રિયુઝ જ્યારે કરવામાં આવે છે ત્યારે ઝેરી કેમિકલ્સને લીધે પર્યાવરણ તેમજ જીવસૃષ્ટિ સામે ખતરો પેદા થાય છે. એટલે કે, ઝેરી રસાયણો યુક્ત પ્લાસ્ટિક પર બાન મૂકવો જોઈએ, તેવી માંગણી IPEN (International Pollutants Elimination Network) દ્વારા કરવામાં આવી છે. IPEN એ જાહેર હિત માટે કાર્યરત સંસ્થાઓનું વૈશ્વિક નેટવર્ક છે. તે માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણને નુકસાન પહોંચાડે તેવી રીતે જોખમી પદાર્થોનું ઉત્પાદન, ઉપયોગ અથવા નિકાલ કરવામાં ન આવે તે સુનિશ્ચિત કરવા માટે જનજાગૃતિ વધારવાનું અને ઝેરી રસાયણો અંગેની નીતિઓમાં સુધારો સૂચવવા સક્રિય છે.

વૈશ્વિક સ્તરે કાર્યરત એક અન્ય નેટવર્ક GAIA માને છે કે, પ્લાસ્ટિકના કચરાને ઇન્સીનરેટ (બાળવાની પ્રક્રિયા) ના કરવું જોઈએ. પ્લાસ્ટિકમાં રહેલા સંયોજનને લીધે પ્લાસ્ટિક સળગાવતાં તેનું વિઘટન થવાથી ઝેરી ગેસ ઉત્પન્ન થાય છે જે પર્યાવરણને નુકસાન કરે છે. એટલે કે, GAIAની સ્પષ્ટ માંગણી છે કે, પ્લાસ્ટિકના ઉત્પાદનમાં જ ઘટાડો થવો જોઈએ. દક્ષિણ કોરિયાના બુસાન શહેરમાં યોજાયેલ INC-5 ની બેઠકમાં ફાઈનલ ડ્રાફ્ટ તૈયાર કરવા માટે ચાર કોર ગ્રુપ બનાવવામાં આવ્યાં હતાં. કોર ગ્રુપ-૧માં પ્લાસ્ટિક ઉત્પાદન, પ્લાસ્ટિક ઉત્પાદનમાં વપરાતાં કેમિકલ્સ, પ્લાસ્ટિક પ્રોડક્ટની ડીઝાઈન જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

કોર ગ્રુપ-૨માં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ તેમજ દરિયાઈ પ્લાસ્ટિકને દૂર કરવાની ચર્ચાની સાથે સાથે નવા વિકલ્પો દરમિયાન (જસ્ટ ટ્રાન્જેક્શન)ની ચર્ચા થઈ રહી છે. કોર ગ્રુપ-૩ઃ આ ખૂબ જ મહત્ત્વનું છે કારણ કે, પ્લાસ્ટિકને ઓછું કરવા માટે પ્લાસ્ટિકની વસ્તુઓ ઘટાડવા નવા નવા વિકલ્પો શોધવા માટે નાણાંની જરૂર પડશે. તે નાણાં કેવી રીતે ઊભાં કરવાં. આ ઉપરાંત પ્લાસ્ટિક મુક્ત થવા કેવા પ્રકારની તાલીમ અને કૌશલ્ય કેળવવાની જરૂર છે તે માટે ક્ષમતા-વર્ધન તાલીમોની જરૂર પડશે. ટેકનોલોજી અંગે ચર્ચા થઈ.

ચોથા કોર ગ્રુપમાં રાષ્ટ્રીય પ્લાન અને તેનું અમલીકરણ કેવી રીતે કરવું તે ઉપરાંત શિક્ષણ અને સંશોધન કરવા અંગેની ચર્ચાઓ થઈ હતી. આશા રાખીએ કે, બુસાન શહેરમાં પાંચમી અને છેલ્લી બેઠક INC-5માં પ્લાસ્ટિક ઉત્પાદન અને પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે કાયદાકીય રીતે બંધનકર્તા એવી ટ્રીટીનો ઠરાવ થશે.

(જુઓ પાન નં. ૧૬)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ધર્મનિરપેક્ષતા વિદેશી ખ્યાલ છે ?

કેટલાક લોકો એમ માને છે કે ભારતના બંધારણના આમુખમાં ૪૨મા સુધારાથી ઉમેરાયેલ 'ધર્મ નિરપેક્ષતા' શબ્દ બાદ જ ભારત ધર્મનિરપેક્ષ (Secular) બનેલ છે. આ માન્યતા નિરાધાર છે. પરંતુ તેના પહેલાં ધર્મ-નિરપેક્ષતાનો ઇતિહાસ જાણીએ.

તામિલનાડુના રાજ્યપાલે એવું નિવેદન કરેલ હોવાનું કહેવાય છે કે ધર્મનિરપેક્ષતાનો ખ્યાલ વિદેશી છે અને તે બહારથી આયાત કરેલ હોવાથી ભારત માટે નકામો છે. તેમની એ વાત સાચી છે કે આ ખ્યાલ વિદેશી છે. પરંતુ માત્ર વિદેશી ખ્યાલ હોવાના કારણથી તે નકામો બનતો હોવાની વાત તર્કસંગત નથી. એમ તો આપણે અનેક વિદેશી વસ્તુઓ રોજ વાપરતા હોઈએ છીએ અને તે આજે પણ ઘણી ઉપયોગી છે. જેમ કે, વીજળીની શોધ, શીતળાની રસીની શોધ, અને યંત્રોની શોધ વિદેશોમાં થયેલી છે. પરંતુ આ બધી ચીજો માત્ર વિદેશી હોવાથી આપણે તેને નકામી ગણતા નથી. બંધારણસભામાં રાષ્ટ્રને ધર્મનિરપેક્ષ રાખવા બાબતે વિશદ્ ચર્ચાઓ થઈ હતી અને ત્યારબાદ જ ભારત ધર્મનિરપેક્ષ રાજ્ય ગણાયું છે. આપણી સંસદીય રાજ્ય પ્રકૃતિ તેમ જ ન્યાય- વ્યવસ્થા પણ વિદેશી છે.

ધર્મનિરપેક્ષતા શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ જેકોબ હોલીયોકે ૧૮૫૧માં કરેલ હતો. તે પૂર્વે ૧૪મી સદીમાં રેનેસા (પુનર્જાગરણ)નો આવિર્ભાવ થયો. આ પ્રક્રિયા ઘણી લાંબી ચાલી. ધર્મસુધારણા, પ્રબોધન યુગ (Age of enlightnment) તેમ જ વિજ્ઞાનનો વિકાસ થવા પામ્યો. ૧૪મીથી ૧૯મી સદી સુધી પાંચસો વર્ષના ગાળામાં પશ્ચિમની દુનિયાને નવા રંગો લાધ્યા. ધર્મની પકડમાંથી મુક્ત થવાની કોશિશ સફળ રહી. ૧૪મી સદીના યુગને અંધકાર યુગ તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે તે સમયે ચર્ચનું રાજ્ય હતું અને ખ્રિસ્તી ધર્મનું લોકો પર જબરદસ્ત પ્રભુત્વ હતું. આ અંધકાર ધીરે ધીરે દૂર થવા લાગ્યો.

કોપરનિકસ નામના વિજ્ઞાનીએ પ્રથમ વાર જાહેર કર્યું કે સૂર્ય પૃથ્વી આસપાસ ફરતો હોવાની બાઇબલની વાત સાચી નથી. ખ્રિસ્તી ધર્મગુરુઓને કોપરનિકસની આ શોધથી આંચકો લાગ્યો. તેમણે કોપરનિકસની પ્રતાડના કરી. કોપરનિકસે વ્યવહારુ બની માફી માગી લીધી. ૧૭મી સદીમાં ન્યૂટને ગુરુત્વાકર્ષણ નિયમની શોધ કરી. ખ્રિસ્તી ધર્માચાર્યોએ ફરી આંચકો અનુભવ્યો. આ જ ગાળામાં ગેલેલિયોએ ટેલિસ્કોપની શોધ કરી અને જાહેર કર્યું કે સૂર્ય પૃથ્વીની આસપાસ ચક્કર લગાવતો હોવાની બાઇબલની વાત અસત્ય છે. ૧૬મી સદીમાં ઈટાલીના મેકોઈવલી અને ૧૭મી સદીમાં જ્હોન લૉકેએ ઈશ્વરી કાનૂનના બદલે રાજ્ય રચિત કાનૂનની જરૂરિયાત પર ભાર મૂક્યો.

૧૮મી સદીમાં ડેવિડ હ્યુમ તથા કાન્ટ નામના દાર્શનિકોએ સંશયવાદનો ખ્યાલ વિકસાવ્યો. તેમના મત મુજબ વૈજ્ઞાનિક પુરાવા વગર કોઈ મતનો સ્વીકાર થવો જોઈએ નહીં. ૧૯મી સદીમાં ચાર્લ્સ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતથી હડકંપ મચી ગયો. ડાર્વિને જાહેર કર્યું કે વિશ્વની રચનામાં ઈશ્વરનો કોઈ હાથ નથી. ૧૯મી સદીમાં ઓગસ્ટે માનવવાદ (humanism)નો ખ્યાલ રજૂ કર્યો. કાર્લ માર્કસે ધર્મનો સખત વિરોધ કરી ધર્મને અફીણ સાથે સરખાવ્યું.

ધર્મનિરપેક્ષતાનો ખ્યાલ

૧. રાજ્યે ધર્મની બાબતમાં તટસ્થ રહેવું જોઈએ

રાજ્યે ધર્મ તરફ ઉપેક્ષા કે ઉદાસીનતા દાખવવી જોઈએ. એટલે કે રાજ્યે ધર્મની બાબતમાં તટસ્થ રહેવું જોઈએ. ધર્મ દરેક વ્યક્તિનો અંગત મામલો છે. રાજ્યે ધર્મની બાબતમાં કોઈ દખલ કરવી જોઈએ નહીં. તે જ રીતે, રાજ્ય શાસનમાં ધર્મની કોઈ દખલગીરી હોવી જોઈએ નહીં. રાજ્ય અને ધર્મ વચ્ચે સ્પષ્ટ વિભાજન હોવું જોઈએ. ફ્રાંસે છેક ૧૯૦૫માં રાજ્ય અને ધર્મ વચ્ચે ભેદરેખા દોરતો કાનૂન ઘડેલ છે. ૨૦૦૫માં તેને ૧૦૦ વર્ષ પૂરાં થયાના નિમિત્તે મોટાપાયે ઉજવણી કરી હતી. ભારતના બંધારણ અનુચ્છેદ ૨૫મા દરેક વ્યક્તિને ધર્મ સ્વાતંત્ર્ય અધિકાર પ્રદાન કરાયેલ છે. ૧૯૭૬માં ૪૨મા બંધારણીય સુધારાથી આમુખમાં 'ધર્મનિરપેક્ષતા' શબ્દ દાખલ કરાયા પૂર્વે શરૂઆતથી જ આ અધિકાર દરેક વ્યક્તિને અપાયેલ છે. ધર્મનિરપેક્ષ રાજ્યમાં રાજ્યને પોતાનો કોઈ ધર્મ હોતો નથી.

૨. ઈહલોકમાં વિશ્વાસ

Secularism શબ્દનો અર્થ થાય છે ''લૌકિક અથવા દુન્યવી વ્યવહારો.'' (worldly affairs). ધર્મ સામાન્ય રીતે મૃત્યુ પછીના સમયમાં આત્માના કલ્યાણની વાત કરે છે. ધર્મ વર્તમાન જગતને મોહમાયા કહે છે અને તેનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે. ટૂંકમાં, ધર્મ વર્તમાન જગતની નહીં. પરંતુ પરલોકની વાત કરે છે. રાજ્ય ઈહલોક (વર્તમાન જગત)માં વસતા માનવોનાં સુખ, કલ્યાણ અને પ્રગતિની ચિંતા કરે છે. રાજ્યને પરલોકમાં વિશ્વાસ નથી કે તેની ચિંતા નથી. રાજ્ય ઈહલોક સુધારવા પ્રતિબદ્ધ હોય છે.

૩. વિજ્ઞાનમાં વિશ્વાસ

ધર્મનિરપેક્ષ રાજ્યને દૈવી ચમત્કારોમાં નહીં, પરંતુ વિજ્ઞાનમાં વિશ્વાસ હોય છે. ૧૪મી સદી સુધી પશ્ચિમ દેશોના નાગરિકો દૈવી ચમત્કારોમાં વિશ્વાસ ધરાવતા હતા. પરંતુ રેનેસા, ધર્મ સુધારણા, પ્રબોધન યુગ તેમ જ વિજ્ઞાનના વિકાસ સાથે રાજ્યને હવે દૈવી ચમત્કારોમાં વિશ્વાસ રહ્યો નથી. માનવપ્રગતિ અર્થે રાજ્યને વિજ્ઞાનમાં વિશ્વાસ છે. ધર્મનિરપેક્ષ રાજ્ય માને છે કે પ્રજાના વહીવટી, આરોગ્ય, પર્યાવરણ કે પરિવહનની સમસ્યાઓ વિજ્ઞાનની મદદથી જ ઉકેલી શકાય. ચોમાસામાં ઉત્તરાંચલ કે હિમાચલ પ્રદેશમાં ભૂસ્ખલન કે અતિશય ઠંડીમાં બરફનાં કારણે રસ્તામાં અવરોધો સર્જાય છે. આવા સમયે બે હાથ જોડી પ્રાર્થના કરી બેસી રહેવાથી કાંઈ વળતું નથી. મહાકાય યંત્રો (વિજ્ઞાન)ની મદદથી જ રસ્તા પરના અવરોધો હટાવી શકાય છે. જંગલમાં દવ લાગે છે ત્યારે હેલિકોપ્ટરની મદદથી પાણીના છંટકાવથી આગ બુઝાવી શકાય છે. એડવર્ડ જેનરે રસીની કરેલ શોધથી શીતળાનો રોગ દુનિયાભરમાંથી નાબૂદ કરી શકાયો છે.

(જુઓ પાન નં. ૧૯)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જેલમાં જાતિ આધારિત કામની વહેંચણી ગેરકાયદેસર

જુદા જુદા ગુનાઓસર પકડાયેલા આરોપીઓને અદાલતના હુકમ અનુસાર જેલમાં રાખવામાં આવે છે. જેલો અંગેનો કાયદો ખૂબ જૂનો એટલે કે ૧૮૯૬નો છે. ત્યારબાદ નવો કાયદો ઘડવા અંગેનો મુસદ્દો Model Prisons and Correctional Service Act, 2023 પ્રગટ થયેલ છે. તેનો અમલ થવાનો બાકી છે. આ કાયદા ઉપરાંત દરેક રાજ્યમાં કેદીઓ સાથેના વ્યવહાર માટેના જેલ મેન્યુઅલ અલગ અલગ હોય છે. સર્વોચ્ચ અદાલતે કેટલાંક રાજ્યોના જેલ મેન્યુઅલના નિયમો ગેરકાયદેસર જાહેર કર્યા છે અને ત્રણ માસની અંદર તેના બદલે નવા નિયમો ઘડવા આદેશ કર્યો છે.

સુકન્યા શાંથા નામના એક પત્રકારે Prisons Act ની કેટલીક જોગવાઈઓ તેમજ જુદાં જુદાં રાજ્યોના જેલ મેન્યુઅલમાં જાતિ આધારિત કામની વહેંચણી કરવાના નિયમોની કાયદેસરતા પડકારતી જાહેર હિતની અરજી સર્વોચ્ચ અદાલતમાં કરી હતી. બ્રિટીશ શાસન દરમ્યાન કેટલીક જાતિઓને 'ગુનાહિત જાતિઓ' (Criminal tribes)નો ધબ્બો (Label) મારી દેવામાં આવેલ હતો. દા.ત. મધ્યપ્રદેશ જેલ મેન્યુઅલ ૧૯૮૭માં મહેતર જાતિના કેદીઓને પાયખાનાં તેમ જ અન્ય ગંદકી સાફ કરવાની કામગીરી સોંપવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે આ મેન્યુઅલથી જાતિ આધારિત થતી કામની વહેંચણી જાતિગત શ્રમ વિભાજન મજબૂત બનાવે છે અને સામાજિક ઊંચ-નીચના ભેદભાવ સર્જે છે.

પશ્ચિમ બંગાળ જેલ કોડ નિયમ ૭૪૧ મુજબ જ્યારે જેલમાં કોઈ રોગચાળો પ્રવર્તે ત્યારે ઉચ્ચ જ્ઞાતિના કેદીઓએ રસોઈ કરવી અને પીરસવી. સર્વોચ્ચ અદાલતે આ તમામ જોગવાઈઓ અને નિયમો ગેરબંધારણીય જાહેર કરી, તમામ રાજ્યો અને સંઘપ્રદેશોને ત્રણ માસમાં આ તમામ નિયમો સુધારી લેવા આદેશ કરેલ છે; સાથેસાથે સર્વોચ્ચ અદાલતે Model Prison Manual 2016 અને Draft Model Prisons and Correctional Services Act, 2023 માં પણ આ જાતિગત ભેદભાવ દૂર કરવા જરૂરી સુધારાઓ દાખલ કરવા હુકમ કરેલ છે.

સર્વોચ્ચ અદાલતે નોંધ્યું છે કે બ્રિટીશ શાસન દરમ્યાન ઘડાયેલ The Criminal Tribes Act, 1871 થી બ્રિટીશ રાજને, જે જાતિના સભ્યો બિનજામીનપાત્ર ગુનાઓ કરવાની ટેવ ધરાવતા હોય તે જાતિને 'ગુનાહિત જાતિ' જાહેર કરવાની સત્તા હતી. તેના કારણે આવી કેટલીક જાતિઓને અમુક ચોક્કસ વિસ્તારોમાં રહેવાની ફરજ પડી હતી. તેઓ જાણે જન્મજાત (born) ગુનેગારો હોય તેવું વર્તન તેમની સાથે કરવામાં આવતું હતું અને તેમના પર વણજોઈતાં નિયંત્રણો મૂકવામાં આવેલ હતાં. ઉપરાંત વિના વોરંટ તેમની ધરપકડ કરી શકાતી હતી. ૧૮૭૧નો આ કાયદો જોકે ૧૯૫૨માં રદ કરાયો હતો. છતાં આવી જાતિઓનું રીઢા ગુનેગારો (habitual offenders) અને બિનરીઢા ગુનેગારો તરીકેનું વર્ગીકરણ ચાલુ રહ્યું હતું. દા.ત. મધ્યપ્રદેશના જેલ મેન્યુઅલના નિયમ ૪૧ પ્રમાણે રાજ્ય સરકારને આવી જાતિના કોઈપણ સભ્યને રીઢા ગુનેગાર તરીકે જાહેર કરવાની સત્તા હતી.

મૂળભૂત અધિકારોનો ભંગ

સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે જાતિ-જ્ઞાતિનો ઉપયોગ ત્યારે જ કરી શકાય કે જ્યારે જાતિ ભેદભાવ (Caste discrimination)ના પીડિત (victim)ને કોઈ લાભ ચૂકવવાનો હોય. તે સિવાય જાતિ આધારિત ભેદભાવ કોઈપણ સંજોગોમાં પ્રવર્તી શકે નહીં. આવી જોગવાઈથી બંધારણ અનુચ્છેદ ૧૪ હેઠળ બાંહેધરી અપાયેલ સમાનતાના અધિકારનો ભંગ થતો હોવાનું સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે. તેનાથી ચોક્કસ જાતિની વ્યક્તિઓને સુધરવાની તકથી વંચિત રાખવામાં આવે છે.

સર્વોચ્ચ અદાલતે વધુમાં એમ પણ ઠરાવેલ છે કે જાતિ આધારિત હાંસિયામાં ધકેલાયેલ જાતિના સભ્યોને પાયખાનાં સાફ કરવાની કામગીરી અને ઉચ્ચ જાતિની વ્યક્તિઓને રસોઈ બનાવવાની કામગીરીથી આ લોકો કુશળ, ગૌરવપૂર્ણ કે અન્ય કોઈ બૌદ્ધિક કામગીરી માટે અસમર્થ અને ગેરલાયક બને છે. તેનાથી અનુચ્છેદ ૧૫નો પણ ભંગ થાય છે. દા.ત. ઉ.પ્ર. જેલ મેન્યુઅલના નિયમમાં એવી જોગવાઈ હતી કે આ જાતિના સભ્યોને ઊતરતું કે હલકું કામ સોંપવું. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે તેનાથી અનુ. ૧૭ (અસ્પૃશ્યતા આચરણ)નો ભંગ થાય છે. સર્વોચ્ચ અદાલતે વિશેષમાં ઠરાવેલ છે કે આ ભેદભાવયુક્ત કામગીરીથી અનુ.૨૧ હેઠળ ગૌરવપૂર્વક જીવન જીવવાના તેમના અધિકાર અને અનુ.૨૩ મુજબ વેઠપ્રથા પર પ્રતિબંધ હોવા છતાં તેનું ઉલ્લંઘન થાય છે. આમ સર્વોચ્ચ અદાલતના આ ચુકાદાથી દેશના તમામ લોકો માટે સમાનતાના અધિકારનું સમર્થન થયું છે. જાતિ આધારિત ભેદભાવ મિટાવતી સર્વોચ્ચ અદાલતનું સ્વાગત છે.

– પ્રો. અશ્વિનકુમાર ન. કારીઆ

ધર્મનિરપેક્ષતા વિદેશી ખ્યાલ છે... (પાન ૧૮નું ચાલુ)

૪. ધર્મનિરપેક્ષ નીતિમત્તા

ધર્મનિષ્ઠ કે ધર્મનું આચરણ કરનાર વ્યક્તિ સદ્‌ગુણી, પરોપકારી કે સંસ્કારી હોવાની વ્યાપક માન્યતા સમાજમાં પ્રવર્તે છે. પોતાનાં બાળકોને સદ્‌ગુણી બનાવવાના હેતુથી કેટલાંક માતા-પિતા શિક્ષણ અર્થે તેમને ધાર્મિક સ્થાનોમાં મોકલે છે. જ્યારે સામા પક્ષે ધર્મનું પાલન ન કરનાર (નાસ્તિક) વ્યક્તિ અસંસ્કારી, લાગણીશૂન્ય, અવિવેકી અને અનૈતિક ગણાય છે. વાસ્તવમાં આ બેમાંથી એક પણ માન્યતા આધારભૂત નથી. કારણ કે સાધુઓ, આશારામ અને રામ-રહીમનાં કુકર્મો સૌની નજર સામે છે. ધાર્મિક વ્યક્તિ સંસ્કારી અથવા અસંસ્કારી હોઈ શકે તે જ રીતે નાસ્તિક વ્યક્તિ સદ્‌ગુણી અથવા અનૈતિક હોઈ શકે.

ભારતમાં જવાહરલાલ, એમ.એન.રોય, પેરીઆર, જસ્ટીસ તારકુંડે, શ્યામ માનવ, ડૉ. નરેન્દ્ર દાભોલકર નિરીશ્વરવાદી હોવા છતાં ઉચ્ચ દાર્શનિકો તરીકે ખ્યાતિ ધરાવે છે. તેમાંના કેટલાકે જેલવાસ ભોગવ્યો છે. પરંતુ તે કોઈ અવગુણતાના કારણે નહીં, પરંતુ સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ભાગ લેવા બદલ જેલમાં ગયા હતા.

– પ્રો. અશ્વિનકુમાર ન. કારીઆ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ડૉ. ભરતભાઈ શાહને બાળકોબા ભાવે નેશનલ એવોર્ડ

આચાર્ય વિનોબા ભાવેનું બાળપણ વડોદરામાં વીત્યું. ભૂદાન આંદોલનમાં કામ કરતા કાર્યકરોએ ગાંધી-વિનોબા વિચારને અનુરૂપ કોઈ સામાજિક પ્રવૃત્તિ થકી વિનોબાજીની યાદ તાજી રાખવાનું નક્કી કર્યું અને ''વડોદરા જિલ્લા સર્વોદય મંડળ'' નામના ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના થઈ. ટ્રસ્ટના ગોત્રી ખાતેના કેમ્પસને ''વિનોબા આશ્રમ'' નામ આપવામાં આવ્યું. વિનોબા આશ્રમના પહેલા મકાનનું ખાતમુહૂર્ત મૂઠી ઊંચેરા માનવી પૂજ્ય શ્રી. રવિશંકર મહારાજના શુભ હસ્તે થયું. ખાદીકામ, શિક્ષણ તથા સ્વાવલંબી ખેતીના શરૂઆતના પ્રયોગો કર્યા બાદ સાવલીના બ્રહ્મલીન સ્વામીજીની પ્રેરણા અને સહયોગ થકી ૧૯૭૮માં વિનોબા આશ્રમ ખાતે નિસર્ગોપચાર કેન્દ્ર શરૂ થયું. ત્યાર પછી નિસર્ગોપચાર અને વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિનો પ્રચાર-પ્રસાર એ મંડળની મુખ્ય અને કાયમી પ્રવૃત્તિ રહી છે.

ડૉ. ભરત શાહે પાંચ વર્ષ એલોપેથિક ક્ષેત્રમાં સેવા આપ્યા બાદ આયુર્વેદ, નિસર્ગોપચાર, યોગ વગેરે ચિકિત્સા પદ્ધતિઓને સમજવા અને તેનો અભ્યાસ કરવામાં એક વર્ષનો સમય આપ્યો. ત્યાર બાદ ૨૦૦૩થી વિનોબા આશ્રમની જવાબદારી તેમણે સંભાળી. તેમણે MBBS, DCH, ADNY અને PGDCHC (Clin-Hypnosis) ની ડિગ્રીઓ પ્રાપ્ત કરેલ છે. વ્યક્તિના આરોગ્ય ઉપર આહાર, વિહાર, મન, હૃદયની ભાવનાઓ તથા પર્યાવરણ જેવાં વિભિન્ન પરિબળો અસર કરતાં હોય છે. આવાં વિવિધ પરિબળોને સાંકળતા સર્વાંગીણ અભિગમ સાથે સ્વાસ્થ્યની જાળવણી થાય તથા વ્યક્તિ પોતાના સ્વાસ્થ્યની જવાબદારી પોતાના હાથમાં લેતી થાય તે માટે સરળ અને સ્વાવલંબી ઉપાયોને વૈજ્ઞાનિક અભિગમથી પ્રસ્થાપિત કરવા તે સંસ્થાના કામનું કેન્દ્રબિંદુ રહ્યું છે.

કેન્દ્રમાં દાખલ થયેલા સ્વાસ્થ્ય-સાધકોને આહારમાં બદલાવ, શરીર-શુદ્ધિ માટેના કુદરતી ઉપચારો, ફિઝિયોથેરાપી, એક્યુપ્રેશર, એક્યુપંક્ચર, ઓઝોન થેરાપી ઉપરાંત મન અને હૃદયની ભાવનાઓ ઉપર કામ કરવા માટે યોગ, કાઉન્સેલિંગ તથા હિપનોથેરાપી જેવા શારીરિક, માનસિક, અને ભાવનાત્મક સ્વાસ્થ્ય સુધારણાના ઉપાયો દ્વારા સર્વાંગીણ સ્વાસ્થ્ય મેળવવા માટે મદદરૂપ થવામાં આવે છે. અંદાજિત પાંત્રીસેક જેટલા સ્વાસ્થ્ય સાધકો હંમેશા કેન્દ્રમાં દાખલ થયેલા રહે છે. ઇન્ડોર ઉપરાંત આઉટડોર વિભાગમાં પણ સારવાર આપવામાં આવે છે. કેન્દ્રમાં દાખલ

થતા સ્વાસ્થ્ય સાધકો માટે આરોગ્ય ઉપર અસર કરનારાં વિવિધ પરિબળો વિશે જાગૃતિ કેળવાય તેવા આરોગ્ય વિષયક વાર્તાલાપ નિયમિત ચાલતા રહે છે. આમ-સમાજમાં આરોગ્ય વિશે જાગૃતિ કેળવવા માટે સર્વાંગીણ સ્વાસ્થ્ય માટેનો એક કોર્સ ''હોલીસ્ટિક હેલ્ધી લીવીન્ગ'' તથા પોતાના ચેતન અને અચેતન મન ઉપર કામ કરવા માટે 'ટ્રાન્સફોર્મેશન' નામથી એક કોર્સ નિયમિત ચલાવવામાં આવે છે. બાળકોમાં નાનપણથી સ્વાસ્થ્ય ઉપર અસર કરનારાં વિવિધ પરિબળો વિશે તથા પર્યાવરણ માટે જાગૃતિ કેળવાય તેવા ટૂંકા ગાળાના વર્કશોપ તથા અલગ અલગ કાર્યક્રમો પણ સંસ્થા ચલાવે છે. વૈજ્ઞાનિક તથા સર્વાંગીણ અભિગમથી નેચરોપથીની પ્રેક્ટિસ કરવા માટે તૈયાર થઈ શકે તે માટે નેચરોપથી ડૉક્ટરો માટે એક ફેલોશીપ પ્રોગ્રામ પણ છેલ્લાં બે વર્ષથી શરૂ કરવામાં આવ્યો છે.

સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ માટે એલોપથી તથા નેચરોપથીમાં તાલીમ પામેલા ચારેક ડોક્ટરો, ફિઝિયોથેરાપિસ્ટ, કાઉન્સેલર, હિપનોથેરાપિસ્ટ સાથે લગભગ સાઠેક જેટલા કાર્યકરો નિષ્ઠાપૂર્વક પોતાની સેવા આપી રહ્યા છે. સંસ્થાની પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈને ''નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ નેચરોપેથી''ની ગવર્નિંગ કાઉન્સિલમાં સભ્ય તરીકે કેન્દ્રના નિયામક ડૉ. ભરતભાઈ શાહની નિમણૂક ભારત સરકાર દ્વારા કરવામાં આવી છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ૧૮મી નવેમ્બરને ''નેચરોપથી દિવસ'' તરીકે ઊજવવામાં આવે છે તથા નિસર્ગોપચાર ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનારી વ્યક્તિઓને બિરદાવવામાં આવે છે. આ વર્ષે ૧૮ મી નવેમ્બર, ૨૦૨૪ ના રોજ ''સૂર્યા ફાઉન્ડેશન'' તથા ''ઇન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશન'' દ્વારા દિલ્હીમાં તાલકટોરા ઇન્ડોર સ્ટેડિયમમાં એક રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું અને કેટલીક વ્યક્તિઓને એવોર્ડ આપવામાં આવ્યા. નિસર્ગોપચાર કેન્દ્ર દ્વારા આરોગ્યના ક્ષેત્રે થયેલા પ્રદાનને ધ્યાનમાં લઈને ડૉ. ભરતભાઈને ''બાળકોબા ભાવે નેશનલ એવોર્ડ'' એનાયત થયો. વિવિધ એવોર્ડ મેળવનાર અન્ય વ્યક્તિઓમાં અમેરિકા સ્થિત ડો. અરુણ શર્મા, ન્યૂઝીલેન્ડનાં ડૉ. પૂજા મહેલા, દિલ્હીના ડૉ. એસ. એન. પાંડે, હૈદરાબાદનાં ડૉ. વિજયાલક્ષ્મી રેડ્ડી તથા ભોપાલના ડૉ. રમેશ શેવાનીનો સમાવેશ થાય છે.

ભૂમિપુત્ર પરિવાર વિનોબા આશ્રમની સમસ્ત ટીમને અભિનંદન પાઠવે છે.

– સંપાદક

ટકાઉપણાની વિભાવના... (પાન ૧૪નું ચાલુ)

૧૮મી સદીમાં જળવાયુ પરિવર્તન માટેનાં પરિબળોની ઓળખ કરી આપનાર જ્યોર્જ પર્કિન્સ માર્શએ કુદરતની કેડી પર એવો પ્રકાશ પાથરેલો કે જો તેના ચીંધી કેડીને કોઈએ અનુસરી હોત તો આજે જેનાથી આપણે માનવસર્જિત મહાવિલોપનની દિશામાં પૂરઝડપે દોડી રહ્યા છીએ તેના બદલે એકવીસમી સદીમાં ટકાઉ સ્વસ્થ જીવનના માર્ગો પર સુરક્ષિત પ્રગતિ કરતા હોત.

paryavaran.santri@gmail.com **– યાત્રી બક્ષી**

સંદર્ભ : ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ માહિતીઓ, સંશોધન લેખો અને સંગ્રહસ્થાનો

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વ્યાપક સમાજ માટે ગાંધીમૂલ્યો જરૂરી

'**વિશ્વગ્રામ**'ના સંજય અનેક પ્રકારની વિચાર શિબિરો કરતા રહે છે. વળી, ચર્ચાવિચાર ઉપરાંત તે આસામ, ઉત્તરાખંડ, બિહાર, કશ્મીર, મણિપુર અને ગુજરાત પણ, એમ વિવિધ પ્રદેશોમાં કુદરતી કે માનવ-સર્જિત ઉત્પાત વખતે પોતાનાથી થઈ શકે તેટલું કરવા પણ યત્નશીલ હોય છે.

તા. ૨૮/૯/૨૦૨૪ની સાંજથી તા. ૨/૧૦ બપોર સુધીની શિબિરનું આયોજન તેમણે કર્યું હતું. વિચારશિબિરનો વિષય હતો ગાંધીનું જીવન-કાર્ય દર્શન. સંવાદકર્તા તરીકે કુમાર પ્રશાંત, રાજેન્દ્રસિંહ, રમેશ સંઘવી અને દીપક સોલિયા અલગ અલગ દિવસે હાજર રહ્યા હતા. શિબિરનું સ્થળ હતું ઊંઝા - પાટણ હાઈવે પર આવેલી શ્રીમતી એસ.આર.પટેલ એન્જિનિયરીંગ કૉલેજ. શિબિરાર્થીઓની સંખ્યા ૫૦ની આસપાસ રહી હતી.

ગુજરાતમાં ગાંધીવિચારની ઘણી સંસ્થાઓ છે. એવી સંસ્થાઓમાંથી કાર્યકરો આવે અને જોડાય એ અપેક્ષિત હતું. એ રીતે લોકભારતી, ગ્રામ-ભારતી, નીલપર, ગાંધીઆશ્રમ - ઝિલિયા, વપનથ ટ્રસ્ટ - ધરમપુર, પર્યાવરણ કેન્દ્ર - અમદાવાદ ઉપરાંત અન્ય નાનાં-મોટાં કેન્દ્રોમાંથી તથા સ્વતંત્ર રીતે પણ શિબિરાર્થીઓ જોડાયા હતા.

પરિસ્થિતિ એવી છે કે આજે વાંચન ઘટ્યું છે અને સમાજકાર્ય પણ ઘટ્યું છે. આઝાદી સમયનો માહોલ આજે નથી. મૂળ સાહિત્ય વાંચ્યા વગરનો પ્રચાર અને અપપ્રચાર, પ્રગટ અને અપ્રગટ આશયો સાથે ચાલ્યા કરે છે, જેને ટેકનોલોજીની મદદ મળી શકે છે. મુશ્કેલી ત્યાં છે કે કાર્યકરો અને શિક્ષકો પણ તેમાંથી બાકાત નથી. દુઃખ ત્યારે થાય કે ગાંધીવિચારની સંસ્થામાં ભણતા અને ભણાવતા અને કાર્યકર્તા પણ ક્યાં તો સામેલ હોય ક્યાં તો ભોગ બનતા હોય. ઉપાય તો હાથવગો છે. ખુલ્લા દિમાગથી મૂળ સાહિત્ય વાંચીએ અને ઉદારતાપૂર્વક, સમજણપૂર્વક અન્ય મતનો આદર કરીએ. જેણે વાંચ્યું જ નથી તેની સાથે ચર્ચા કેમ આગળ વધારવી એ મોટો પ્રશ્ન હોય છે.

શિબિરમાં આવા વાતાવરણ વચ્ચે સરસ વક્તવ્યો થયાં અને ચર્ચા પણ પ્રમાણમાં ઠીકઠીક થઈ. સત્ય, પ્રેમ, કરુણા સાધનશુદ્ધિ અને અન્યાય સામે લડત એ ગાંધીવિચારની મહત્ત્વની બાબતો છે. કહેવાયું કે સત્ય બોલવા પ્રયત્નશીલ બનો. ન બોલી શકો તો બોલનારને સાથ આપો. એટલું પણ ન કરી શકો તો બોલનાર સાચો છે એટલું તો કહો. એ પણ ન કરી શકો તો જૂઠને સાથ આપવાનો ઇન્કાર કરો. આ બધા દ્વારા સત્યની સહમતી અને વ્યાપક સ્વીકૃતિ બનાવો. ગાંધીના ચંપારણ સત્યાગ્રહના પાયામાં આ જ બાબતો હતી. સત્યાગ્રહ સફળ રહ્યો હતો.

અહિંસક સમાજરચના અને દ્વેષમુક્ત વલણ એ પણ પાયાની બાબત છે. ગાંધી અણીને સમયે સ્વબચાવમાં કરવી પડતી ક્વચિત હિંસાનો સ્વીકાર કરે છે. પરંતુ રોજબરોજના વ્યવહારમાં આપણું આચરણ વેરભાવના અને હિંસાથી મુક્ત રહેવું જોઈએ એનો આગ્રહ સેવે છે. દાંડી, ધરાસણા અને અન્ય સત્યાગ્રહો વખતે પણ એમનો વિચાર રહ્યો કે 'હમલા ચાહે કોઈ ભી હોગા, હાથ હમારા નહિ ઊઠેગા.'

આજના સમયમાં શું થઈ શકે એનો વિચાર કરવાનો છે. દા.ત. ધ્વજવંદન થાય છે ત્યારે દોરી કોઈ ને કોઈ પ્રકારના મહાનુભાવના હાથમાં હોય છે. આપણે રસ્તે ચાલતા કોઈ પણ શ્રમિક કે નાગરિકને તત્કાળ જોડીને એના હાથમાં એ દોરી સોંપી શકીએ. પછી જે ચમત્કાર થશે એ લોકશાહીનો ચમત્કાર થશે. દુનિયાના કોઈ પણ ખૂણે લોકશાહી મૂલ્યોનું કે માનવ-મૂલ્યોનું હનન થાય છે તો એ આપણી પણ નિસ્બત બનવી જોઈએ. કુમાર પ્રશાંતે સરસ કહ્યું કે રાહુલ ગાંધી એમની પાસે ગાંધીને સમજવા આવ્યા હતા. કુમારે કહ્યું કે એ તો પછી પણ થઈ શકશે. હાલ તમારા હાથમાં કૉંગ્રેસ છે એને બેઠી કરવામાં લાગો. એણે અધ્યાત્મની પણ સુંદર વ્યાખ્યા આપી : અધ્યાત્મ એટલે આત્માનું અધ્યયન.

'વોટરમેન ઓફ ઇન્ડિયા' તરીકે જાણીતા રાજેન્દ્રસિંહે સ્વાનુભવથી પોતાની વાત શરૂ કરી. પોતે તો તબીબી શાસ્ત્રનું ભણ્યા હતા પણ અભણ માંગુકાકાએ એમને માત્ર શરીરના સર્જન બની રહેવા કરતાં ભૂમિના સર્જન બનવા તરફ વાળ્યા. આપણે જૂઠથી ડરીએ છીએ તેથી નિરાશ છીએ. ડરેલો માણસ પોતાને કે પ્રકૃતિને કે બીજાને પ્રેમ કરી શકતો નથી. શિક્ષણ નહિ પણ વિદ્યા, એ વાત એમને ગામના લોકોએ શીખવાડી. પ્રવૃત્તિ કરતાં પહેલાં પોતાની વૃત્તિને સમજો અને ઓળખો. બુદ્ધિ તમને ખોટા માર્ગે લઈ જશે, સદ્‌વૃત્તિ સાચો માર્ગ બતાવશે. શિક્ષણ સરખામણી અને સ્પર્ધા પર ઊભું છે. વિદ્યામાં હરીફાઈનું તત્ત્વ હોતું નથી. ખૂંખાર ધાડપાડુઓ પણ કોઈ ઉપદેશ વિના નિસ્વાર્થ કામ જોઈને પગે પડે છે. અને શસ્ત્રો છોડે છે એના અનુભવની રોચક વાતો કહી. બંજર જમીનો સજીવન પામેલી નદીઓને કારણે કેવી ફળદ્રુપ બની એની કથાઓ એમના મોઢે સાંભળવા જેવી છે. દીપક સોલિયાએ 'હિંદ સ્વરાજ'ની પૃષ્ઠભૂમિને લઈને આજના સમય સાથે જોડીને રજૂઆત કરી.

પ્રત્યેક વક્તવ્ય પછી ચર્ચાને અવકાશ રહ્યો. હેમંતકુમાર શાહ, સત્યકામ જોશી, કિશોર દેસાઈ જેવા અભ્યાસીઓ ઉપરાંત નિષ્ઠાવાન ગાંધીજન રમેશ સંઘવીનો એમાં ઘણો લાભ પ્રાપ્ત થયો. નિરાશાના માહોલમાં આશાવંત બની રહેવું એ પણ ગાંધીનો સંદેશ છે. વિચલિત થયા વિના નમ્રતા અને દઢતાથી યોગ્ય માર્ગ અને કાર્યને ન છોડવાં એ શીખ બધાએ અંકે કરી. ગાંધીનું નામ લીધા વિના પણ ગાંધીવિચારની ઉપયોગિતા સમજાવી શકાય તેમ છે. તે જલદી ઝિલાય છે એટલે એ દિશાનો પુરુષાર્થ કરવો. રમેશ સંઘવીએ સાતત્યપૂર્વકના કામની અને નિષ્ઠાપૂર્વકના આચરણની જિકર કરી.

છેલ્લા દિવસે આપણે જે કંઈ પામ્યા છીએ તેને આગળ કેમ લઈ જવું તેની ફળદાયી ચર્ચાઓ થઈ. ફિલ્મો, સાહિત્ય, પ્રદર્શન, વાર્તાલાપ ઉપરાંત વર્તન અને આચરણથી આદર્શો ઊભા કરવા અને તે દિશામાં નિષ્ઠાપૂર્વકના પ્રયાસો આદરવા એ વિચાર સાથે સૌ આનંદપૂર્વક છૂટાં પડ્યાં. પ્રત્યેકને સહવાસનું મૂલ્ય અને શિબિરની સફળતાનો અહેસાસ રહ્યો.

– ડંકેશ ઓઝા

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વાત મેઘાલયની....

ભારતમાં પિતૃપ્રધાન સમાજવ્યવસ્થામાં ભાઈ કરતાં બહેનોને ઓછું મહત્ત્વ મળે તેવું વર્ષોથી અનુભવ્યું, અને અવલોક્યું છે. આવું જ કંઈક બન્યું છે ભારતના ઈશાનખૂણે આવેલાં રાજ્યો જેને સાત બહેનો પણ કહેવાય છે. તેમની સાથે બીજા સામાન્ય ભારતીય નાગરિકોની જેમ મારા માટે પણ આ ઉત્તરપૂર્વીય ભારતનાં રાજ્યો અજાણ્યાં અને કંઈક અલગ જ દરજ્જો ધરાવતા હતા, સમાચાર માધ્યમોમાં પણ કંઈક અતિશય બને તો જ આ રાજ્યો વિશે લખાય. ક્યારેક પૂર અને અતિવૃષ્ટિ કે પછી અતિશય હિંસા-અન્યાયના સમાચારોમાં જ સાત બહેનો કહેવાતાં રાજ્યોનો ઉલ્લેખ મળે.

હું ધોરણ નવમાં ભણતી ત્યારે નકશામાં ગારો, ખાસી અને જેન્તીયા બતાવવાનું શીખેલ. વર્ષો પછી (YHAI) યુથ હોસ્ટેલ એસોસિયેશન ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત મેઘાલયના ટ્રેકીંગ કાર્યક્રમમાં જવાનું મળતાં આ રાજ્યોનો થોડો પરિચય થયો. નકશામાં જોઈએ તો જો બાંગ્લાદેશ આપણી સામે હાથ લંબાવીને ઊભું હોય તો બરાબર તેના ડાબા ખભા પર મેઘાલય દેખાય. મોટાભાગના ગુજરાતી લોકો 'મેઘ' એટલે વરસાદ એમ માની લે છે. પણ મેઘ એટલે વાદળ. આમ, મેઘાલય એટલે વાદળોનું નિવાસસ્થાન. અહીં વર્ષે સરેરાશ ૧૧૫૦ સે.મી. વરસાદ પડે છે. સૌથી વધુ વરસાદ અગાઉ ચેરાપુંજીમાં પડતો, આજે હવે મોસીનરામમાં સૌથી વધુ વરસાદ નોંધાય છે.

મેઘાલયની સ્વચ્છતા બધે જ ઊડીને આંખે વળગે. ક્યાંય કોઈ પ્લાસ્ટિકનો કચરો નાખે નહીં. દ્વિચક્રી વાહનો પર બંને જણા હેલમેટ પહેરે, કોઈને ખોટી રીતે રસ્તા પર ઓવરટેક કરતાં પણ ન જોયા !

નવી જગાએ જઈ ત્યાંનું મ્યુઝિયમ જોવાથી ઘણી દૃષ્ટિ કેળવાય. સોહરામાં કેપ્ટન વિલિયમસન સાંગમા સ્ટેટ મ્યુઝિયમ જોયું. ત્યાંના પતંગિયાથી લઈ માણસોના રહનસહન, સંગીત અને પ્રકૃતિ સાથેના તાદાત્મ્યવાળી સંસ્કૃતિનો એક સરસ ચિતાર મળ્યો.

દિલ્હીમાં હાલના પ્રદૂષણના આંકડા ખૂબ ચર્ચામાં હતા. તેથી સોહરાનું પ્રદૂષણ જાણવાની ઇચ્છા થઈ. જાણવા મળ્યું કે અહીંનો AQI (Air Quality Index) ફક્ત ૧૮ છે. સોહરામાં ક્યાંય હૉસ્પિટલ જોવા ન મળી. બંને બાબતનો ચોક્કસ એકબીજા સાથે સાંકળી શકાય.

રોજેરોજ પ્રકૃતિનો વધુ ને વધુ નજીકથી પરિચય થતો. સુંદર ફૂલો ને ઢગલાબંધ રંગબેરંગી પતંગિયાં. સૌથી મોટું આકર્ષણ હતું, રબરનાં વૃક્ષોનાં મૂળિયાંથી કુદરતી રીતે બનાવેલ બે માળનો નદીને જોડતો પુલ. 'ખાસી' લોકોની આ જીવંત પુલની કલા તેમની સાંસ્કૃતિક ધરોહર છે. આધુનિક પુલ બનાવવાની તકનિક જ્યારે આ દૂર-સુદૂર વિસ્તારમાં નહોતી પહોંચી ત્યારથી, લગભગ ૨૫૦ વર્ષની પૌરાણિક કલા છે. વૃક્ષનાં મૂળને ગૂંથીને વાંસની મદદથી તેમજ સોપારીનાં વૃક્ષનાં થડને પોલાં કરી તેની મદદથી નદીના સામેના કિનારે પહોંચાડી ત્યાંની માટીમાં પ્રસરવા દેવામાં આવે. વર્ષોની મહેનત પછી મજબૂત જીવંત મૂળિયાંનો પુલ બને.

સામાન્ય રીતે ટીરના (Tyrna) ગામથી ૩૦૦૦ પગથિયાં ઊતરી આ ડબલ ડેકર બ્રીજ જવાય અને ફરી પાછા આવવા ૩૦૦૦ પગથિયાં ચઢવાનાં હોય. જોકે આવા નાના મોટા ૧૦૦ પુલ મેઘાલયમાં છે માટે પ્રવાસીઓ બીજા પુલ જોઈ સંતોષ મેળવે. શારીરિક ક્ષમતા અને દૃઢ નિશ્ચય હોય તો જ અહીં એક દિવસમાં જઈ શકાય.

અમારી ટ્રેકીંગની ટોળીને એક ઓછા પ્રચલિત રસ્તે નોહકાલિકાઈ ધોધ થઈ ખૂબ જ ગાઢ જંગલમાંથી લપસણિયા આકરા ઢાળ પરથી ઊતરીને લઈ જવામાં આવી. અચાનક સુગંધથી મન મસ્તિષ્ક તરબતર થયાં. પગ નીચે બધે જ તમાલપત્રો વીણવાનો લોભ જતો કરી અમે આગળ વધ્યા.

ઝડપથી ચાલી શકનાર માટે વળી નવું આકર્ષણ સ્વાગત કરતું હતું. એક તરફનો રસ્તો ઇન્દ્રધનુષી ધોધ અને બ્લૂ લગૂન સરોવર તરફ લઈ જતો હતો. બીજી તરફ ડબલડેકર બ્રીજ. ખૂબ જ કષ્ટસભર ખેડાણ કરી બધું જ નિહાળ્યું અને અંતે પહોંચી ગયા ડબલ ડેકર બ્રીજ. આ અદ્ભુત પુલની મજબૂતાઈ પણ જબરી. એક સાથે ૫૦ લોકોનો ભાર લઈ શકે. છેલ્લાં ૨૦૦ વર્ષથી અડીખમ. ખિસકોલી અને પક્ષીઓના ઘર સમાન આ પુલનો માણસો જ નહીં, પશુઓ પણ નદી પાર કરવા ઉપયોગ કરતાં તેમ કહેવાય છે. પૂર્વના આ પ્રદેશમાં બપોરના સાડા ચાર વાગતાં તો સૂરજ વિદાય લેવા લાગે. પાંચ વાગ્યે અંધારું જોર પકડે.

બીજી ખૂબ જ રળિયામણી જગા એટલે ડાવકી નદી ને તેની પાસેની શ્નોન્ગપેડેન્ગ નદી. તળિયાના પથ્થરો ગણી શકાય તેવું નિર્મળ પાણી. બાંગ્લાદેશની અહીં સરહદ છે. અંધારામાં સાવ નજીક લાગે. વીજળીના દીવાથી ઝળહળતું બાંગ્લાદેશ.

માતૃવંશ પ્રધાન (matrilineal) સંસ્કૃતિ ધરાવતા મેઘાલયમાં નાના મોટા બધા જ વ્યવસાયોમાં સ્ત્રીઓનું પ્રભુત્વ દેખાય. ઓઢણી કે સાડીના છેડા ને સ્ત્રીઓના પહેરવેશમાં જોવા ટેવાયેલી આંખોને અહીં કલાત્મક રીતે બે ઓઢણીની ગોઠવણ જેને જેનેસમ કહેવાય છે, તે બધી જ સ્ત્રીઓ પહેરે. થોડા સ્થાનિક લોકો સાથે વાત કરતાં જાણ્યું કે અહીં છોકરો પરણીને પત્નીના કુટુંબ સાથે રહેવા જાય. બાળકોને માતાની અટક મળે અને મિલકત સૌથી નાની દીકરીને મળે. જો દીકરી ન હોય તો દત્તક દીકરીને લઈ તેને મિલકત આપે. મા અને મામા કુટુંબમાં મહત્ત્વની વ્યક્તિઓ ગણાય. હવે ઘણી જગાએ દીકરા અને દીકરી બધાને સરખા ભાગે મિલકત વહેંચવામાં આવે છે.

સાંસ્કૃતિક રીતે સ્ત્રીઓ કુટુંબમાં મહત્ત્વ ધરાવતી છતાંય રાજકારણમાં હાલમાં ત્યાં પુરુષોનું જ પ્રભુત્વ છે. ભારતના બીજા પ્રદેશોના પિતૃપ્રધાન સમાજની અસર અને કંઈક અંશે ધર્મ પરિવર્તન પણ બદલાતી વ્યવસ્થાનાં કારણો છે. કોઈ પણ પ્રસ્થાપિત ધર્મની વાતોમાં પુરુષપ્રધાન વ્યવસ્થા સહેલાઈથી જોઈ શકાય છે. આમ મેઘાલયની સંસ્કૃતિનું પોત પણ બીજા મૂળ સાથે જોડાયેલા સમાજોની જેમ બદલાઈ રહ્યું છે.

– દિપાલી ઘેલાણી

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પરિચય

ઈ.સ. ૧૯૪૫માં મારા પિતા સાથે હું કોટડા-સાંગાણી ગયેલો. ત્યાં બે-ત્રણથી કે વધારે વર્ષથી અમારું મકાન સાવ બંધ હતું. પાછળ ઓરડામાંથી નવેરામાં ઊતરવાનાં પગથિયાં પર ચારેક ફૂટ ઊંચો પીપળો ઊગી નીકળેલો. જો રહેવા દઈએ તો જતે દહાડે મકાનને નુકસાન કરે તેમ હોવાથી ત્યાંથી કઢાવી ગામ બહાર નદીકાંઠે ચોપી દેવાની મારા પિતાએ ગોઠવણ કરી. જે ખેડૂતને મારા પિતા તેડી લાવેલા તે પહેલાં પીપળો જોઈ ગયા પછી નદીકાંઠે જગ્યા પસંદ કરી ત્યાં ખાડો ખોદી આવ્યા. વળતે દિ' સૂર્યોદય વખતે આવી, કોશથી પગથિયાં ખેસવી, પીપળાનાં ઝીણાં મૂળને ઈજા ન આવે તે રીતે પીપળો કાઢી લીધો. અમે સાથે ગયા. તેમણે પીપળો રોપ્યો, માટીમાં બે સૂંડલા ખાતર ભેળવી ક્યારો પૂર્યો. પાણી પાયું ને પગે લાગ્યા. મજૂરી એમણે લીધી, પણ જ્યારે એને પાણી પાઈ પીપળાની સંભાળ રાખવા મારા પિતા એમને કંઈ રકમ દેવા લાગ્યા ત્યારે તેમણે કહ્યું : ''હ્યાંથી ઉખેડવાનું પાપ તો મેં કર્યું છે, એટલે અહીં જામી જાય એ જોવાનો મારો ધરમ છે. એ કરવું જ જોઈએ. એમાં કાંઈ લેવાનું ના હોય.''

કોટડેથી અમારા નીકળવાના ટાણે તેઓ મળવા આવેલા. મેં કહ્યું: ''ભાભા ! પીપળાને પાણી બરાબર પાજો.'' સાંભળીને એમણે મારા પિતાને કહ્યું : ''વજુભાઈ ! આવું સાંભળું ત્યારે થાય કે ધરતી મારગ દે તો સમાઈ જાઉં. તમારો ને મારો કેવો નાતો છે, આપણો નાતો પીપળા હારે કેવો છે ઈ ભાઈને કાંઈ ખબર નથી. ઈ એનો વાંક નથી. જમાનો ફેર છે એટલે ઈ ક્યાંથી સમજે ?'' પછી મને કહ્યું : ''ભાઈ ! જો આટલી ચિંતા રાખો છો તો આ તમારું ગામ છે. વખત મેળવીને આંટો મારીને ઘરખોરડાંની હારે એની ભાળ કાઢી જજો.''

મને કંઈક સમજાયું, મારા પિતાએ મને કંઈ કહ્યું ન હતું, પણ મને ભોંઠપ આવી. મનમાં ગાંઠ વાળેલી કે વાત ખરી હોવાથી હું કોટડે આવીશ, પણ ન બન્યું. છેક ૧૯૫૨માં ગયો ત્યારે ગોંડલથી જાતવળતની ઘોડાગાડી બાંધી ગયેલો. ઘરની હાલત જોતાં એટલો ઉદ્વેગ થયો કે ત્યાંથી જ સીધો પાછો ફર્યો. કોઈ સંબંધીને મળવા ન ગયો. ગોંડલ રેલવે સ્ટેશને હું ડબામાં ચડતો'તો ત્યાં પાછળથી કોઈએ પૂછ્યું : ''તમે વજુભાઈના દીકરા ને ?'' મેં હા કહી. તેમણે કહ્યું : ''હું જેતપર દેમણો ગયો હતો. તમે કોટડેથી આવો છો ?'' મેં હા કહી, એટલે ફરી પૂછ્યું : ''ઓલો પીપળો જોઈ આવ્યા ?'' એ સાંભળીને મેં ભાભાને ઓળખ્યા. હું ઝંખવાણો પડી ગયો. મેં કહ્યું : ''નથી જવાયું.'' તેમણે કહ્યું : ''કાંઈ વાંધો નૈ. જોયો હોત તો તમે રાજી થાત. વજુભાઈ ને બાને મારા રામરામ કહેજો.''

(મુકુન્દરાય વિ. પારાશર્ય. મારાં મોટીબા અને બીજી સત્યકથાઓ)

વધુ વિગત અને સંપર્ક માટે : પીયૂષ પારાશર્ય, ૧૭૯૨-એ, શ્રીનગર સોસાયટી, દેવુમાના મંદિર પાસે, સરદાર નગર, ભાવનગર, ૩૬૪૦૦૧.

સીમમાં વસતિ

આશરે એંશી વરસ પહેલાંની આ વાત છે. રાજકોટથી રીબડા સ્ટેશને ઊતરીને કોટડા-સાંગાણી જતાં વચમાં અરડોઈ ગામ આવે છે. અરડોઈથી રસ્તો દક્ષિણે થઈ પૂર્વ દિશામાં કોટડા તરફ વળે છે. ત્યારે એ વળાંક ને રસ્તો ઉજ્જડ હતા. રસ્તા પર એકે ઝાડ ન હતું. એ વળાંકની દક્ષિણે ચારેક ખેતરવા દૂર સામા પટેલનું એક ખેતર હતું. સામા પટેલ વૃદ્ધ થયા ત્યારે તેમણે રસ્તાના વળાંક પર એક વડલો ને પાંચ-છ પીપળ વાવી, પોતાના ખેતરની કૂઈએથી જાતે પાણી સારી લાવીને તેને પાયું. કોઈ પૂછે છે કે આ શું કરો છો ? તો કહેતા કે સીમમાં વસતિ કરું છું. એ વળાંક પર આજે ઝાડની વસતિ છે.

વાવતાં વવાઈ ગયાં પણ વળતા વરસે વરસાદ ઓછો થવાથી સામા પટેલની કૂઈમાં પાણી ન રહ્યાં. તેઓ ઘણે જ દૂરથી રોજ કાવડમાં પાણી લાવી પાતા. જેને ખેતરેથી પાણી લાવતા તેણે કહ્યું : ''ભાભા ! આ ઉંમરે શીદને વેઠ કરો છો ?'' ત્યારે એમણે જવાબ દીધો : ''લાંબા ઉજ્જડ માર્ગે ઉનાળામાં ક્યાંક છાંયો હોય તો માણસને તેમ જ ઢોર-પંખીને વિસામો મળે.'' પેલા ખેડૂતે ફરી કહ્યું : ''એ માટે તો એક વડલોયે બસ છે. તમારી કાયા હાલતી નથી તો પીપરુંને શીત પાણી પાઓ છો ? મર સુકાય.''

સામા પટેલનો જવાબ હતો : ''આપણે વગડે રે'તાં હોઈએ ને એકલાં જીવ મૂંઝાય તો કોક દિ' હાલીને એકાદ ગામ જઈએ ને આપણા જેવાને મળીને મન ઠારીએ. એકલું ઝાડ ક્યાં જાય ? છેટે નજર નાંખે. ઝાડનેય એકલું ન ગોઠે. બે-પાંચ જીવ ભેગા સારા.'' સામા ભાભાને વળી કોક કે'તું : ''પાંચ-છ પીપરુંને બદલે બે-ત્રણને જ પાઓ ને તો ચારેક ઝાડ રહેશે ને તમારી મજૂરી અરધી થઈ જશે.'' ત્યારે સામાભાભાએ કહેલું : 'ઊઝરતાં ઝાડ પોતાની હારનાં બીજાંને મરતાં જોઈ અકળાય ને હું જ એમને ઊઝરતાં મારી નાખું ઈ મારાથી નો ખમાય.'' ભાભાને ત્રણચાર દીકરા હતા, પણ પાણી પોતે જ પાતા ને એમણે રસ્તાના વળાંક પર વૃક્ષો ઉછેર્યાં. આજે સામોભાભો નથી. એનાં સંતાનોમાંથી કોણ એમને યાદ કરતાં હશે મને ખબર નથી, પણ ભાભાએ વાવેલાં એ ઝાડ હજી છે. ઉનાળાના ઘણા બપોર પશુ, પક્ષી ને માણસોની પેઠે એ ઝાડની છાયામાં મેં ગાળ્યા છે, ઉપરાંત ટીમણ કર્યાં છે ને ક્યારેક એના થડને બાથ ભરી પ્રણામ પણ કર્યા છે – એ ભાવનાથી કે એ પ્રણામ એ ઝાડના વાવનારને પહોંચે.

(મારાં મોટાબા અને બીજી સત્યકથાઓમાંથી સાભાર) **– મુકુન્દરાય વિ. પારાશર્ય**

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 01-01-2025 Regd. No. VDR-E/61/2021-23
R.N.I. No. 1683/57 SSP (E) Valid upto 31-12-23
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- અંકની છૂટક કીમત દસ રૂપિયા. આ અંકનાં પાનાં ૨૪

ઓમ શાંતિ

હું, હરીશ, સોનુ તથા મોનુ – એમ અમારું નાનકડું કુટુંબ. આડોશી-પાડોશી કે સગાં-વહાલાં સૌ કોઈ મારા ભાગ્યની ઈર્ષા કરતા. સખીઓ તો અંદર અંદર ગુસપુસ પણ કરતી, ''આ નીલી ખરી નસીબદાર છે હં! ગોરમાને પાંચ નહીં પણ દસ આંગળીએ પૂજ્યાં હોય ત્યારે આવો વર મળે.''

''સાચી વાત છે. હરીશભાઈને તો બધી રસોઈ બનાવતાં આવડે, ને મારા વરને એક ગેસ પેટાવતાંય નથી આવડતું.''

વાત પણ સાચી હતી. કોઈ વાર તબિયત સારી ન હોય કે, બહુ થાકી હોઉં તો હરીશ કહે, ''નીલી, તું આરામ કર. હું હમણાં શાક ને પરાઠા બનાવી કાઢું છું.''

મારે જિંદગી પ્રત્યે ફરિયાદ કરવા જેવું કશું નહોતું, પણ હમણાં હમણાં કોણ જાણે કેમ, હું ચીડકણી થતી જતી હતી. કોઈ મારી આડું ઊતર્યું નથી ને મને બરાડા પાડવાનું બહાનું મળ્યું નથી એવી મારી પ્રકૃતિ થતી જતી હતી. હરીશનો સ્વભાવ અત્યંત શાંત. એ તો એનું જમા પાસું ગણાય પણ મને એમાં પણ એનો વાંક દેખાતો.

''છે તારા પપ્પાને કંઈ ચિંતા? માસ્તર મારેય નહીં ને ભણાવેય નહીં. બધા સાથે હસી હસીને વાત કરે, પછી ભૂંડા મારે જ થવાનું ને?''

આવા વખતે હરીશ ભલે સ્મિત કરીને જતું કરે પણ નાનો સોનુ મને છોડે એમ નહોતો. ''મમ્મી, પપ્પા તારે માટે, આ ઘર માટે શું નથી કરતા? ને સાંભળ, એ નથી બોલતાને, એ તારે માટે જ સારું છે, નહીંતર રોજ ઊઠીને આપણા ઘરમાં મહાભારત સર્જાત!''

મોનુ એના પપ્પા પર ગયો હતો. હું મોટે મોટે બોલીને ઘરનું વાતાવરણ તંગ બનાવું એ એને જરાય પસંદ નહીં એટલે એ કહેતો, ''જવા દે ને સોનુ, તું શા માટે વચ્ચે બોલે છે?''

મારા વર્તનથી ખૂબ દુઃખી થાય ત્યારે હરીશ રૂમ બંધ કરીને એકાદ પુસ્તક લઈને બેસી જતા. મારા ધૂંધવાટનો કોઈ પ્રત્યુત્તર ન મળતાં હું વળી વધુ ભડકતી. એવું પણ નહોતું કે, મને મારી ભૂલ દેખાતી નહોતી. એકલી પડું ત્યારે વિચારતી કે, નાની સરખી વાતમાં હું આખું ઘર માથે લઉં છું અને મારો મૂડ ઠેકાણે ન હોય ત્યારે દિવસો સુધી મૌનવ્રત ધારણ કરું છું. એની બધાનાં મન પર કેટલી અસર થાય છે! મારે આમ ન કરવું જોઈએ, પણ ઘણી વખત પરિસ્થિતિ મારા કાબૂ બહાર જતી રહેતી. એક વખત કોઈ સાવ નાની બાબતમાં હું હરીશ પર છેડાઈ પડેલી અને ઉશ્કેરાઈને બોલી ગયેલી,

''નક્કામી જ તમને પરણીને આ ઘરમાં આવી! પચીસ પચીસ વર્ષોમાં આ ઘરે મને શું આપ્યું?''

મારી વાત સાંભળીને હરીશ અત્યંત આઘાત પામ્યા. એમનો ચહેરો કાળોધબ્બ થઈ ગયો. આ વાત સાંભળી રહેલો સોનુ બોલી ઊઠ્યો, ''મમ્મી, પહેલાં નક્કી કર કે, તને આ ઘર પાસેથી શું અપેક્ષા હતી અને એમાંથી શું ન મળ્યું? તું આ રીતે બોલ્યા કરશે અને મોનુભાઈ માટે આવેલી છોકરી સાંભળશે તો એને થશે કે, જે ઘરે પચીસ વર્ષમાં મારી સાસુને કંઈ ન આપ્યું એ ઘર મને શું આપવાનું?''

એની આ વાત મારા મર્મસ્થાને ચોટ કરી ગઈ. બે-ત્રણ દિવસ સુધી હું એની પર વિચાર કરતી રહી. મોનુ હવે તેવીસ વર્ષનો થયો હતો. એનાં લગ્ન થશે ને વહુ ઘરમાં આવશે. મારા કચકચિયા સ્વભાવને કારણે હું એ બંને વચ્ચે કલહનું કારણ બની જાઉં તો તો આખો પરિવાર વેરવિખેર થઈ જાય. ઘણી ગડમથલને અંતે હું સોનુને શરણે જ ગઈ.

''બેટા, તું ભલે નાનો હોય પણ તારી સમજણને કારણે તેં મારી આંખ ખોલી દીધી છે. મારે બગડતી બાજીને સુધારવી છે પણ ગુસ્સો આવે ત્યારે હું જાત પર કાબૂ નથી રાખી શકતી. તું જ કંઈ ઉપાય બતાવ.'' એ હસી પડ્યો. ''મમ્મી, તું વાત એવી રીતે કરે છે કે, મને એવું ફીલ થાય છે કે, જાણે હું કોઈ ગુરુ હોઉં!''

''હા, મારે માટે તો તું ગુરુ જ છે. તું જેમ કહે એમ હું કરીશ બસ?''

આશીર્વાદ આપતી મુદ્રામાં એ બેઠો અને કહેવા લાગ્યો, ''માતે, તમારી મૂંઝવણનો ઉકેલ એક મંત્રમાં રહેલો છે. જ્યારે પણ ગુસ્સા પર કાબૂ ન રહે તો એ મંત્રનો જાપ કરવો. કબૂલ છે?''

મેં પણ બે હાથ જોડીને કહ્યું, ''કબૂલ છે ગુરુદેવ! હવે આપ કૃપા કરીને મંત્ર આપો.''

''જ્યારે પણ લાગે કે, ક્રોધ આવવાની શરૂઆત થઈ રહી છે કે તરત જ મનમાં 'ઓમ શાંતિ, ઓમ શાંતિ' મંત્રનું રટણ ચાલુ કરી દેવું. હમણાં આ ઉપચાર ફક્ત બે દિવસ માટે કરવાનો છે. પ્રયોગ સફળ થાય તો પછી આ જ દવા લાંબો સમય માટે લેવી.''

હું હસી પડી. મેં કહ્યું, ''જેવી આજ્ઞા ગુરુદેવ, આ ઉપાય તો સાવ સરળ છે. એનું પાલન કરવામાં કોઈ મુશ્કેલી નહીં આવે.''

પહેલે દિવસે તો કોઈ તકલીફ ન પડી. સૌને લાગ્યું કે એક જ દિવસમાં મારું હૃદયપરિવર્તન થઈ ગયું. બીજે દિવસે રવિવાર હતો. જમી પરવારીને મેં બપોરે પથારીમાં લંબાવ્યું. થોડીવારમાં ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. ત્યાં મને સંભળાયું, ''મમ્મી.. થોડીવાર પછી ફરીથી સોનુનો અવાજ સંભળાયો, મમ્મી.. બહુ ભૂખ લાગી છે. જરા મેગી બનાવી આપને!''

મને ભયંકર ગુસ્સો આવ્યો. 'શરમ નથી આવતી આવડા મોટા છોકરાને, એની માને ઊંઘમાંથી ઉઠાડીને મેગી બનાવવાનું કહે છે? હમણાં એને સીધો કરું.' આમ વિચારતાં આંખ ખૂલી એ ભેગી મારી પ્રતિજ્ઞા યાદ આવી. વૉશ બેસીનનો નળ ખોલીને આંખ પર પાણીની છાલક મારી ને રસોડામાં જઈ, મેગી બનાવી. પ્લેટમાં કાઢીને ડાયનીંગ ટેબલ પર મૂકી. ત્યાં તો સોનુ આવીને મને વળગી પડ્યો અને કહ્યું, ''મારે કંઈ મેગી નહોતી ખાવી, પણ આજે બીજો દિવસ છે ને એટલે તારી ચકાસણી કરવી હતી.''

ત્યાં તો બાજુના રૂમમાંથી મોનુ અને હરીશ બોલતાં બોલતાં આવ્યા- 'ઓમ શાંતિ, ઓમ શાંતિ' ને અમે ચારે ખડખડાટ હસી પડ્યાં.

(ભગવાન અટલાનીની સિંધી વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org